RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

# માસિક પત્રિકા

Issue : 3, Year: 71, June, 2024, Pages: 52, Price Rs. 7.00



આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

।।શ્રી પરમાત્માય નમઃ।।

## શેઠ નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી

# જીવદયા ફંડ

**શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી**

સુભાષ ચોક, ગોપીપુરા, સુરત - ૧
મો.: ૯૮૨૦૦ ૭૮૭૭૨
સ્થાપના વિ. સં. ૧૯૬૨
ઇ.સ. ૧૯૦૬ રજી નં. ૧૭૪૪
Trust 80G Available PAN : AAATS8024L



**પૈસા મોકલવાનું સ્થળ**

## પ્રફુલ અમીચંદ ઝવેરી

૨૬૩, ખટાઉવાડી, ગોરેગાંવકર લેન,
શોપ નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, ઓપેરા હાઉસ,
સેન્ટ્રલ સિનેમાની પાછળ, ચર્નીરોડ (ઈસ્ટ)
મુંબઈ – ૪૦૦ ૦૦૪.
ફોન : ૨૩૮૦૭૮૪૭૬ મો. ૯૮૨૦૦૭૮૭૭૨

ધર્મપ્રેમી સદગૃહસ્થો,

જીવદયા ફંડ સંસ્થા સુરતના દાનવીર શેઠ શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી સ્થાપિત એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે. આ જીવદયા ફંડ સંસ્થા છેલ્લા ૧૧૬ વર્ષોથી જીવો છોડાવવાનું કાર્ય સંભાળી રહી છે. એમના પ્રખર પૂણ્યબળે આ ઉત્તમ કાર્યમાં વર્ષ પ્રતિ વર્ષ પ્રગતિ થઇ રહી છે. **જેમકે છેલ્લા ૦૯ વર્ષો માં (એપ્રિલ - ૨૦૧૪ થી માર્ચ -૨૦૨૩) સુધીમાં ૨૧૦૦૬ - જીવો છોડાવેલ છે.**

અમારે આંગણે આવતા મુંગા જીવોને કત્તલખાને જતા અટકાવીને પાંજરાપોળમાં ટ્રસ્ટીઓ ની દેખરેખ હેઠળ સોપવામાં આવે છે તથા પશુના જીવન પર્યંત પૂરે પૂરી સંભાળ લેવામાં આવે છે.

અનંદ દયાના સાગર ભગવાન શ્રી મહાવીરના શાસનના બે સ્થંભો છે. અહિંસા અને જીવ માત્ર પર મૈત્રી, સર્વજ્ઞના આ સંદેશાને સાર્થક કરવા માટે પણ દિવસો ઓછા મહત્વના નથી.

આપના - પરિવારના કોઈ પણ સભ્યનો જન્મદિન
પશુ- પરિવારના એકાદ સભ્યોને જીવનદાન આપીને ઉદ્ધવો.
આપના પરિવારમાં આવી ઊભેલા લગ્નોત્સવને
એકાદ પશુયુગલનો જીવનોત્સવ બનાવો.
કર્મસંયોગી આવેલી માંદગીની અશાતા ટાળવા
કોઈ પશુને અભયદાન આપી મહાશાતા આપો.
સ્વજનના મૃત્યુના દુઃખદ પ્રસંગે એકાદન પશુને
મૃત્યુનાં મુખમાંથી છોડાવી સાંત્વના પ્રાપ્ત કરો.
પવિત્ર પર્વના ધર્મોત્સવમાં એકાદ જીવને
જીવન બક્ષી પર્વો પાસનાને દયના રંગથી મઢી દો.

આપ કાયમી તિથિ પણ નોંધાવી શકો છો. એ તિથિએ દાનની રકમના વ્યાજમાંથી જીવો છોડાવવામાં આવશે.

**એપ્રિલ ૨૦૨૩ થી માર્ચ ૨૦૨૪ (બાર મહિના) માં ટોટલ ૨૬૫૫ જીવો છોડાવેલ છે.**
**મોટા જીવો, નાના જીવો તથા બકરી**

ચેક અથવા ડ્રાફ્ટ જીવદયા ફંડ ના નામનો બનાવશો. રોકડા પણ લેવામાં આવશે. (આપનો અણમોલ ફાળો સુરત ખાતે ઉપરના સરનામે અથવા મુંબઈ ખાતે ઉપરના સરનામે મોકલશો.

| | |
|---|---|
| Bank Name : AXIS BANK LTD. | |
| A/c. Name : JIVDAYA FUND | A/c. No. : 921010033621820 |
| IFSC : UTIB0002274 | Branch : Charni Rd, Mumbai |

| | |
|---|---|
| Bank Name : BANK OF INDIA | |
| A/c. Name : JIVDAYA FUND | A/c. No. : 000120100001219 |
| IFSC : BKID0000001 | Branch : (Mumbai Main Br.) |

Note : When ever you deposit through (Cheque / RTGS / NEFT ... etc.) Kindly inform us your (Name/Address/Mobile Number donation amount) Confirmation for sending you our Receipt.

**દાન એજ સફળ જીવન**

**લી. ટ્રસ્ટીગણ**


પ્રફુલ અમીચંદ ઝવેરી
જતીનભાઈ ફકીરચંદ
પુષ્પસેનભાઈ પાનાચંદ ઝવેરી
શરદભાઈ ગુલાબચંદ કાંટાવાળા
વિરેન્દ્રભાઈ નેમચંદ ઝવેરી
ઉષાકાંત સાકેરચંદ ઝવેરી
નિરજ સુરેન્દ્રભાઈ ઝવેરી


Advt.

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા- મુંબઈ

દ્વારા સંચાલિત

## લોનાવલા સેનેટોરિયમમાં
## ગોલ્ડન વિંગના નુતનીકરણ માટે
## સ્વ. હંસાબેન વ્રજલાલ દોશી પરિવાર

(રાણાગઢ નિવાસી હાલ – અંધેરી)

## હસ્તે : હરીશ વ્રજલાલ દોશી
## દ્વારા મળેલ
# રૂા. ૧૮ લાખનું માતબર અનુદાન



શ્રી ઝાલાવાડી સભાએ જ્યારે ૧૯૬૨માં ઝાલાવાડનગર અંધેરી વિકસાવ્યું. ત્યારે એક રૂમ રસોડાના ફ્લેટ રાહતના દરે ફાળવ્યા હતા. અમે શ્રી વ્રજલાલ મગનલાલ દોશી (વજુ કાકા) ત્યાં લગભગ ૧૩ વર્ષ ખૂબજ સુખ શાંતિથી રહ્યા. ત્યારબાદ એ નસીબવંતી ભૂમિ છોડી બીજી સોસાયટીમાં મોટા ફ્લેટમાં રહેવા ગયા. મનમાં એવી ભાવના સાથે કે તક મળે, ત્યારે સમાજને યથાશક્તિ ઋણ ચૂકવશું જેથી આપણાં બીજા ભાઈઓને લાભ થાય.

શ્રી મુકેશભાઈ ચશ્માવાળાએ લોનાવલા સેનોટોરિયમની પ્રપોઝલ લાવ્યા કે તરતજ અમોએ સંમતિ આપી. શ્રી પંકજભાઈ સંઘવી તુરતજ મળવા આવી ગયા અને અમારી ઈચ્છાને માન આપ્યુ. અમારો પરિવાર હર્ષાલ્લાસ સાથે મહદ્અંશે ઋણ મુક્ત થવાનો સંતોષ પામ્યો. આવતા સમયમાં હજી પણ આવી તક પામીએ એવી ઈશ્વરને પ્રાર્થના.

હરીશ વ્રજલાલ દોશી — ભાવેશ વ્રજલાલ દોશી
કાનન હરીશ દોશી — શર્મી ભાવેશ દોશી
નયના ભરત ગાંધી — અમિતા ડૉ. જયેશ શાહ

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા- મુંબઈ

દ્વારા સંચાલિત

## લોનાવલા સેનેટોરિયમમાં સ્વાધ્યાય હોલ નુતનીકરણ યોજનામાં


રાણાગઢ નિવાસી હાલ – મુંબઈ

## સ્વ. કુસુમબેન ગીરધરલાલ દોશી પરિવાર તરફથી મળેલ

## રૂા. ૬,૫૦,૦૦૦ નું અનુદાન



સ્વ. ગીરધરલાલ મગનલાલ દોશી



સ્વ. કુસુમબેન ગીરધરલાલ દોશી

| | |
|---|---|
| સ્વ. નરેન્દ્રભાઈ | આશાબેન |
| ચન્દ્રવદનભાઈ | સ્વ. નયનાબેન |
| વિજયભાઈ | તૃપ્તીબેન |

| | |
|---|---|
| રમેશભાઈ | નીતાબેન |
| બકુલભાઈ | અલ્કાબેન |
| હેમંતભાઈ | બીનાબેન |

**હસ્તે : મનન રમેશ દોશી – તૃપ્તી મનન દોશી**




**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા**

*સંચાલિત*

**શ્રીમતી કમળાબેન ગંભીરચંદ ઉમેદચંદ શાહ**

## લોનાવલા સેનેટોરિયમનું

**આધુનિકરણ કાર્ય ખુબજ સુંદર રીતે ચાલી રહ્યું છે**

**સભાના માનવંતા સભ્યોને આહ્વાન**

**રૂા. પાંચ લાખ અથવા રૂા. ત્રણ લાખનું અનુદાન આપી લોનાવલા સેનેટોરિયમના આધુનિકરણ કાર્યમાં સહભાગી બનો.**

**વિશેષ : રૂા. પાંચ લાખ – વર્ષના કુલ ૧૫ દિવસ માટે, રૂા. ત્રણ લાખ – વર્ષના કુલ ૭ દિવસ માટે.**
**અનુદાન આપનાર સભ્યને સભાના કોઈપણ પાંચેય સેનેટોરિયમનો લાભ મળશે.**
**લાભ સભાના નિતી નિયમ મુજબ મળશે.**

## ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન



### શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં

### પાંચ લાખનું અનુદાન

### સ્વ. નીનાબેન રાજેશભાઈ શાહની પુણ્યતિથિ નિમિત્તે

**હસ્તે : રાજેશભાઈ ચીમનલાલ શાહ**


રાણપુર નિવાસી (હાલ – ઘાટકોપર)

।

મીત - કુંજલ - મીતેશ

મનન - દેવાંશુ - શીતલ ભાવિન કુમાર

## ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન



### શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં


### ત્રણ લાખનું અનુદાન

### શ્રી રોહિતભાઈ લક્ષ્મીકાંતભાઈ ગોસલીયાના સ્મરણાર્થે

**હસ્તે : શ્રીમતી મીતાબેન અને પ્રણવ**

લીંબડી નિવાસી (હાલ – ઘાટકોપર)

## ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન






### લોનાવલા નુતનીકરણ યોજના

### ત્રણ લાખનું અનુદાન

### શ્રીમતી મંજુલાબેન કનૈયાલાલ શેઠ પરિવાર તરફથી

સુરેન્દ્રનગર નિવાસી (હાલ – કાંદિવલી)

# KRISH SANJAY SHAH



**Personal Details**

Date of Birth: 26 March, 1996 Time of Birth: 9:03 pm

Place: Andheri, Mumbai

Native: Danawada, District: Surendranagar

Religion/Caste: Zalawadi Dashashrimali Sthanakwasi Jain

Height: 692” (188cms)

| | | |
|---|---|---|
| Education | : | Chartered Accountant (CA)<br>B.Com from H.R. College |
| Occupation | : | Director at Chandresh Shipping<br>Agency Pvt. Ltd. - Family Business<br>(Custom Broker) |
| Head Office | : | 8&9, Sahyog Building, 1st floor<br>Mint Road, Near GPO Fort, Mumbai-01 |
| Airpot Office | : | B-6 Roy Apartment, 1st floor,<br>Opp. Air Cargo Complex, Sahar Road,<br>Andheri (E), Mumbai-99 |

| | | |
|---|---|---|
| Father | : | Sanjay Natvarlal Shah |
| Contact Details | : | +91 9322252140, snshah19640@rediffmail.com |
| Occupation | : | Co-Founder & Director<br>Chandresh Shipping Agency Pvt. Ltd. (Custom Broker) |
| Mother | : | Neena Sanjay Shah |
| Occupation | : | Homemaker + Director at Chandresh Shipping |
| Contact Details | : | +91 9819302467, neena.shah66@yahoo.com |
| Residence | : | 702, Amrut Smruti, Jame Jamshed Road, Near Five Gardens,<br>opp. Noble Chemist, Matunga (E), Mumbai - 19 |

**Paternal Family**

| | | | |
|---|---|---|---|
| Dada | : | Late Natvarlal Harakchand Shah | |
| Dadi | : | Late Pushpaben Natvarlal Shah | |
| Faiba / Fua | : | Ushaben Tusharbhai Desai (Matunga) | +91 9820768464 |
| | | Ilaben Hemendrabhai Sheth (Matunga) | +91 9223348830 |
| | | Neelaben Umeshbhai Ajmera (Ghatkopar) | +91 9867545670 |
| | | Varshaben Rashmikantbhai Mehta (Mulund) | +91 9821891577 |
| | | Late Chhayaben & Jayeshbhai Shah (USA) | +1 (248) 346-7302 |

**Maternal Family**

| | | | |
|---|---|---|---|
| Nana | : | Late Hasmukhlal Dharshibhai Shah (Limdi) | |
| Nani | : | Manjulaben Hasmukhlal Shah | |
| Mama / Mami | : | Rajesh Shah - Sujata Shah | +91 9820629194 |
| | | Hiten Shah - Nipa Shah | +91 9820768097 |

* Engagement called off within 2 months

Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

જૂન ૨૦૨૪
વર્ષ : ૭૧ : : અંક : ૩
: તંત્રી :
શ્રી શરદભાઈ એમ. ગાંધી
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
: મુદ્રક અને પ્રકાશક :
શ્રી પ્રવીણભાઈ ગંભીરચંદ શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો.: ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન :૯૮૬૭૫૪૦૫૨૪
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રગટ થતાં લેખો કે વિચાર લેખકના અંગત વિચાર છે, તથા જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે તેની સાથે સંસ્થાના હોદ્દેદારો / તંત્રી સહમત છે એમ માની લેવું નહી. તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.*



# પ્રેમીઓ

બંધ પાંપણે તરે તસવીર એ પ્રેમીઓ,
બંધ હોઠોએ થાય કલરવ એ પ્રેમીઓ.

અઢી અક્ષરનો જાદુ કળાય તો જાણો,
આનંદ અનહદ લહેરાય ભીતરમાં એ પ્રેમીઓ.

પ્રેમની માત્ર વાતો નર્યું છળ છે, જુઓ,
વાદળમાં વીજ સમ પરોવાય એ પ્રેમીઓ.

પ્રેમમાં કરવાપણું ક્યાં હોય છે, એ તો,
જળમાં પ્રવાહો જેમ પલોટાય એ પ્રેમીઓ.

રણમાં ખપે વીરતા, ખમીર એ ખરું,
પ્રેમમાં નિજનું હોવાપણું વિસરે એ પ્રેમીઓ.

ખરો પ્રેમ કદી નિષ્ફળ ન જાય, એ તો,
રાધા ને કાન્હાના પ્રેમને પામે, એ પ્રેમીઓ.

'સ્નેહી' પ્રેમ પરકાયા પ્રવેશ આવેગ અસ્તિત્ત્વનો,
સઘળું આપમેળે પરસ્પર ગોઠવાય એ પ્રેમીઓ.

**– સુરેશ પરીખ 'સ્નેહી'**

# રાગનું રક્ત : વિરાગનું તેજ

**કુમારપાળ દેસાઈ**

રાણી મૃગાવતીને માથે ચોતરફથી અણધારી આફતોની આંધી ચડી આવી. એકાએક કૌશાંબી નગરીનો રાજકારભાર ચલાવવાનું એને માથે આવ્યું. એમના પુત્ર ઉદયનની વય નાની હતી. રાણી મૃગાવતી વહાલસોયી માતા અને કુશળ રાજ્યકર્તા હતી. આફત કદી એકલી આવતી નથી. પોતાની આખી સેના લઈને આવે છે. એમાં વળી પાછી બીજી મુશ્કેલી ઊભી થઈ.

કહેવાય છે કે ઘુવડ દિવસે જોઈ શકતા નથી, કબૂતર રાત્રે જોઈ શકતું નથી. પરંતુ કામીજન તો રાત્રે કે દિવસે ક્યારેય કંઈ જોઈ શકતો નથી. આવો વિવેક વિસરાવનારો અંધ કામ ઉજ્જૈનીના ક્રોધી રાજા ચંડપ્રદ્યોતમાં પ્રવેશ્યો. રાજા ચંડપ્રદ્યોત એમના ક્રોધી સ્વભાવને કારણે ચંડપ્રદ્યોત તરીકે ઓળખાતા હતા. કામી એવા કે એમણે રાણી મૃગાવતીને મેળવવા કાજે કૌશાંબી પર ચઢાઈ કરી. ઉજ્જૈનીની વિશાળ સેનાને કૌશાંબીની સેના પહોંચી વળે તેમ નહોતી. એણે કૌશાંબી નગરીને ઘેરો ઘાલ્યો. કામી ચંડપ્રદ્યોતે શરત મૂકી કે જો રાણી મૃગાવતી મારો સ્વીકાર કરે તો હું મારી સેના લઈને પાછો વળી જાઉં, નહીં તો કૌશાંબીનો સંહાર કરીને જ જંપીશ. કૌશાંબીની સેનાએ આવી હીન માગણીને વશ થવાને બદલે કેસરિયાં કરવાનું ઉચિત માન્યું. ભલે જીવ જાય, પણ રાણી મૃગાવતી જેવી પવિત્ર સ્ત્રીને ઊની આંચ આવવી જોઈએ નહીં. રાણી મૃગાવતી જાણતી હતી કે ઉજ્જૈની સામે જીતવું એ આભના તારા તોડીને ધરતી પર લાવવા જેવી અશક્ય બાબત હતી. એમણે રાજા ચંડપ્રદ્યોતને કહેવડાવ્યું, ''તમારા પ્રસ્તાવ વિશે વિચારું છું, પરંતુ હજી મારે રાજની વ્યવસ્થા કરવાની બાકી છે. પતિના અવસાનનો શોક હજી તાજો છે. કુંવર ઉદયન નાનો છે. થોડો સમય થોભી જાઓ. મને બધી ગોઠવણ કરી લેવા દો.''

અભિમાની ચંડપ્રદ્યોત થોડો સમય રાહ જોવા તૈયાર થયા અને કૌશાંબી નગરીની બહાર ઘેરો નાંખીને પડેલું એનું લશ્કર ઉજ્જૈની પાછું લઈ ગયા. રાણી મૃગાવતીએ કૌશાંબીનો કિલ્લો બરાબર મજબૂત કર્યો. ક્રોધી અને કામીને નિરાંત ક્યાંથી હોય ? એક ક્ષણ દિવસ જેવી લાગે અને દિવસ વર્ષ જેટલો લાંબો જણાય. રાજા ચંડપ્રદ્યોત તો રાણી મૃગાવતીના નિમંત્રણની રાહ જોઈને બેઠા હતા. કોઈ નેહભર્યું નિમંત્રણ ન આવતાં એમણે દૂત સાથે કાગળ મોકલ્યા. કાગળ પર કાગળ મોકલવા છતાં કોઈ જવાબ ન મળ્યો, આથી ચંડપ્રદ્યોતનો પ્રકોપ ફાટી નીકળ્યો અને એણે કૌશાંબીને પરાસ્ત કરવા માટે યુદ્ધની તૈયારી કરવાનો હુકમ આપ્યો.

ભીષણ યુદ્ધ માથે ઝળૂંબતું હતું, ત્યારે એકાએક શાંતિની મધુર લહરીઓ લહેરાવા માંડી. આલંભિયાથી વિહાર કરીને પ્રભુ મહાવીર કૌશાંબી નગરીમાં પધાર્યા હતા. ભગવાનના આગમનના સમાચાર જાણી રાણી મૃગાવતીએ વિચાર્યું કે યુદ્ધ કોઈનાથી અટકે તો તે માત્ર શાંતિસાગર પ્રભુ મહાવીરથી ! દુશ્મનોના આક્રમણથી બચવા માટે કૌશાંબી નગરીના કિલ્લાનાં દ્વારા બંધ કરાવ્યાં હતાં, તે મૃગાવતીએ ખોલાવી નાખ્યાં. રાજમાતા મૃગાવતી તો પોતાના પુત્ર બાળ ઉદયન સાથે મહાવીરના સમવસરણમાં ઉપદેશ શ્રવણ કરવા ગયાં. આ સમવસરણમાં ચંડપ્રદ્યોત પણ પોતાની અંગારવતી વગેરે રાણીઓ સાથે પ્રભુનો ઉપદેશ સાંભળવા આવ્યા હતા. પ્રભુ મહાવીરે વૈરાગ્યમુક્ત માર્મિક દેશના આપી. હૃદયભેદક દૃષ્ટાંતો કહ્યાં. કહ્યું કે બાહ્ય યુદ્ધ કર્યે કંઈ નહીં વળે. અંદરના દુશ્મન સાથે લડો, તો જ આત્મકલ્યાણ સાધી શકશો.

ભગવાનની દેશના સાંભળી અનેક વ્યક્તિ દીક્ષિત થઈ. રાજમાતા મૃગાવતીના હૃદયના ઉચ્ચ ભાવ ઊભરાવા લાગ્યા. એમણે પ્રભુને કહ્યું, ''રાજા ચંડપ્રદ્યોતની આજ્ઞા લઈને હું દીક્ષા ગ્રહણ કરવા માગું છું.'' ચોતરફ સન્નાટો વ્યાપી ગયો. સમવસરણમાં જ રાજા ચંડપ્રદ્યોત પાસે આજ્ઞા માગી. કદાચ એમણે મૃગાવતીની વાતનો સ્વીકાર ન કર્યો હોત, પરંતુ સમવસરણમાં પ્રભુનો ઉપદેશ સાંભળવાથી એમનું હૃદય અવનવીન, ઉચ્ચ ભાવો અનુભવતું હતું. એમણે રાજીખુશીથી રાજમાતા મૃગાવતીને દીક્ષા લેવાની અનુમતિ આપી. આ સાંભળી રાણી મૃગાવતીએ કહ્યું, ''જો તમે મને રાજીખુશીથી દીક્ષાની આજ્ઞા આપી છે, તો હવે મારા પુત્રને તમારો પુત્ર ગણો. તમે એને રાજકાજના પાઠ શીખવજો. તમે એના શિરછત્ર બનો.'' ઉજ્જૈનીના ચંડપ્રદ્યોતે આ વાત પણ કબૂલ રાખી. રાજમાતા મૃગાવતીએ પોતાના પુત્રને રાજા ચંડપ્રદ્યોતના સંરક્ષણમાં મૂકીને એ સભામાં જ દીક્ષા લીધી.

ભાવનાનો સાગર તો એવો ઊછળતો હતો કે રાજમાતા મૃગાવતીની માફક ચંડપ્રદ્યોતની અંગારવતી વગેરે આઠ રાણીઓએ પણ રાજા પાસે દીક્ષાની અનુમતિ માગી. મૃગાવતીની સાથે એ રાણીઓએ પણ દીક્ષા લીધી. પ્રભુ મહાવીરની દેશનાથી એ દિવસે યુદ્ધની ખૂનરેજી ટળી ગઈ. ભીષણ માનવસંહાર અટકી ગયો. રાગના રક્તને બદલે વિરાગનું તેજ ઝળહળી રહ્યું. કૌશાંબી નગરીમાં કુશળક્ષેમના શાંતિભર્યા સમીર લહેરાવા લાગ્યા. ❖❖❖

# એણે તો બસ, કેમ છો પૂછ્યું હતું, મારા માટે એય ક્યાં ઓછું હતું !



ડૉ. શરદ ઠાકર

પ્રાતઃકાળના સૂર્યદેવતાએ અમદાવાદ શહેરથી વીસેક કિલોમીટર દૂર આવેલા સ્વામી વિદિશાનંદના આશ્રમ ઉપર એનાં કુમળાં કિરણોની હૂંફ પાથરવાનું શરૂ કર્યું, ત્યારે સ્વામીજી યજ્ઞશાળામાં બિરાજમાન હતા.

'વત્સ, જરા સમિધ લાવજે તો. આ અગ્નિ તો શમવા આવ્યો. અને સાથે ઘૃત ભરેલું પાત્ર પણ લેતો આવજે.' સ્વામીજીએ મૃદુ અવાજમાં 'બૂમ' પાડી. એમને એમ કે થોડે દૂર કાર્યરત શિષ્યગણમાંથી કાઈ એમનો આદેશ સાંભળશે અને એનું પાલન કરશે, પણ આશ્રમના મંજુલ કોલાહલમાં એમનો કોમળ સ્વર દબાઈ ગયો. મંદિરનો ઘંટારવ, ગૌશાળાની ગાયોનો ભાંભરવાનો અવાજ, પંખીઓનો કલબલાટ અને દૂર સાધકોની કોટડીઓમાંથી આવતો મંત્રોચ્ચાર અને છતાં સ્વામીજીની પીઠ પાછળથી એક અજાણ્યો હાથ લંબાયો. સ્વામીજી યજ્ઞકાર્યમાં બેઠા હતા એટલે પાછળ ફરીને જોયું તો નહીં, પણ અર્ધમીંચેલી આંખે એટલું તો અવશ્ય નોંધ્યું કે, હવન માટેના કાષ્ઠ અને ઘીનું પાત્ર લાવનાર હાથ આશ્રમ માટે નવો હતો, અજાણ્યો હતો. આશ્રમમાં રહેતા શિષ્યના કાંડે ઘડિયાળ હોય નહીં અને જો હોય તોપણ આટલી મોંઘી તો હોય જ નહીં અને આંગળીઓ પર વીંટી ? એય તે પાછી ચારેય આંગળીએ ? કાંચન અને કામિની તો આશ્રમને માટે સર્વથા વર્જિત.

સ્વામી વિદિશાનંદે ચૂપચાપ એમનું યજ્ઞકર્મ સમાપ્ત કર્યું. સમગ્ર પ્રવૃત્તિ દરમિયાન પેલો અજાણ્યો યુવાન એમની સેવામાં તહેનાત રહ્યો.

પવિત્ર કાર્ય પૂરું થયું એટલે વિદિશાનંદ અતિથિ તરફ ફર્યા : 'વત્સ, આશ્રમમાં પહેલી વાર જ આવવું થયું છે ?'

'હા, મહારાજ !' યુવાન લાકડીની જેમ એમનાં ચરણોમાં પડી ગયો.

'પ્રયોજન ? ભક્તિ, દર્શન કે પછી ફરવા માટે ?'

'જો ફરવા માટે આવ્યો હોત તો ક્યારનોય પાછો જતો રહ્યો હોત. દર્શન પણ પ્રારંભમાં જ પતી ગયાં. હું તો આવ્યો છું ભક્તિ કરવા. મને દીક્ષા આપો. આશ્રમમાં રહેવા માટે અનુમતિ આપો.'

સ્વામીજી મુખ્ય મુદ્દો ગળી ગયા. અનુમતિ આપવાની વાતને બાજુ પર ધકેલીને એમણે આગંતુકની ઓળખાણ પૂછી : 'નામ ? ઠામ ? માતા-પિતા ?'

'એ બધું હવે પાછળ છોડીને આવ્યો છું. હવે તો તમે આપો એ જ નામ. આ આશ્રમ એ જ મારું ધામ અને માતા-પિતા કે ગુરુ જે ગણો તે આપ જ.' યુવાન ફરીથી સ્વામીજીનાં ચરણોમાં ઢળી પડ્યો.

સ્વામીજી સમજી ગયા. આગળ કંઈ પૂછવાને બદલે એમણે યુવાનને ઊભો કર્યો : 'સાધુ થવું એટલું આસાન નથી, બેટા ! સ્વસ્થ થા. આપણે પછી વિચાર કરીશું. થોડો સમય એવું લાગે તો આશ્રમમાં જ રહે.'

પછી સ્વામીજીએ એમના પટ્ટશિષ્યને ઉદ્દેશીને બૂમ પાડી : 'સંપૂર્ણાનંદ ! આ વત્સને અતિથિગૃહમાં એક ઓરડી કાઢી આપ. એ થોડા દિવસ અહીં જ રહેશે. એને ફળો અને દૂધ આપજે. અને એ ભોજન પણ તમારી સાથે જ કરશે.' દૂર પીપળાના વૃક્ષ નીચે જુવાન સંન્યાસીઓના ટોળામાં બેસીને શાસ્ત્રોની ચર્ચા કરી રહેલો સંપૂર્ણાનંદ ગુરુની આજ્ઞા સાંભળીને દોડતો આવ્યો અને યુવાનને દોરીને ચાલતો થયો. સ્વામીજીએ જતાં જતાં એને આંખના ઈશારાથી સમજાવ્યું : 'એના ઉપર નજર રાખજો.'

સંપૂર્ણાનંદ સમજી ગયો. આશ્રમમાં આવું ઘણી વાર બનતું હતું. દુનિયાદારીનો આકરો ઉનાળો સહન ન કરી શકનારાં કંઈક સ્ત્રી-પુરુષો આશ્રમનો છાંયડો શોધતાં આવી ચડતાં હતાં. કોઈ મા-બાપના ઠપકાનો માર ખાઈને આવ્યું હોય, તો કોઈ ધંધાની ધોબીપછાડ. કાઈ વેરઝેરનું વિષ ગટગટાવીને આવ્યું હોય, તો વળી કોઈ દગાફટકાની લાઠીઓ ઝીલીને આવ્યું હોય. એક વાર તો એક માણસ સાધુ થવાને બહાને

આશ્રમમાં છુપાવા માટેય આવેલો. એ તો ભલું થજો સંપૂર્ણાનંદનું કે એણે બે દિવસ પછીનું અખબાર વાંચ્યું. એમાં એનો ફોટો જોયો ત્યારે પોલ ખૂલી કે ભાઈસાહેબ ખૂન કરીને આવ્યા હતા.

'પણ આ માણસ એવો લાગતો નથી.' સંપૂર્ણાનંદે વિચાર્યું. એ બંનેની પીઠ પાછળ તાકી રહેલા સ્વામી વિદિશાનંદજી પણ એ જ વિચારમાં ડૂબેલા હતા : 'કોણ હશે આ જુવાન ? કોઈ સુખી ઘરનો પુત્ર લાગે છે. આવો દેખાવડો, આવી ગૌર ત્વચા, આટલાં મોંઘાં વસ્ત્રો, એનાં કીમતી જૂતાં, ગળામાં ધારણ કરેલી સોનાની ચેન, હાથની આંગળીઓ ઉપર ચમકતી હીરાની વીંટીઓ ! અને આ ઉદાસ છતાં બોલતી આંખો ! એનો ચહેરો આટલો જાણીતો કેમ લાગે છે ?' એ આખો દિવસ સ્વામીજી વિચારમગ્ન હાલતમાં જ રહ્યા. રાત્રે ઊંઘ પણ ન આવી. છેક અઢી વાગ્યે આંખ મળી, એ પણ ભગવદ્‌ગીતાના બીજા અધ્યાયનું પઠન કર્યા પછી જ.

પૂરું એક સપ્તાહ વીતી ગયું. યુવાનને ન કોઈએ છંછેડ્યો, ન એ યુવાને એનું મન કોઈની આગળ ખુલ્લુ કર્યું. ચૂપચાપ એ આશ્રમની દિનચર્યામાં ભળતો રહ્યો. ગુરુની સેવા એ જ જાણે એનો જીવનમંત્ર બની ગયો. સ્વામીજી પણ આ છોકરાની સેવાથી પ્રસન્ન હતા.

આઠમા દિવસે સવારે આરતી પૂરી થયા પછી એમણે એને પોતાની પાસે બેસાડ્યો : 'બેટા, છેલ્લી વાર પૂછું છું. સંન્યાસી બનવા માટે હજી પણ એવો જ મક્કમ છે ? સંસારમાં પાછા ફરવું હોય તો જણાવી દે. ઝાંપા હજી બંધ નથી થયો.'

જુવાનના બિડાયેલા હોઠ અને નિશ્ચલ આંખોમાં મક્કમ નિર્ધાર છલકાઈ રહ્યો. સ્વામીજીએ એના મસ્તક પર આશીર્વાદનો હાથ મૂક્યો : 'કાલે સવારે શીતળ જળથી સ્નાન કરીને તૈયાર થઈ જજે, બેટા ! તારા ઊર્ધ્વગમનની ક્ષણ સૂરજના પ્રથમ કિરણની પીઠ ઉપર સવાર થઈને આવશે.'

આ સમાચાર પુષ્પની ફોરમની જેમ આશ્રમમાં પ્રસરી ગયા. સંપૂર્ણાનંદ આવતી કાલની તૈયારીમાં લાગી ગયો. વાતાવરણે આનંદમાં આભૂષણો અને ઉલ્લાસનાં વસ્ત્રો ધારણ કર્યાં.

આશ્રમમાં નવા સંન્યાસીની દિશા માટેની પૂર્વતૈયારી ચાલી રહી હતી, ત્યાં સંધ્યા ટાણે એક ઈમ્પોર્ટેડ કાર ધૂળની ડમરી ઉડાડતી આશ્રમમાં દાખલ થઈ. ગાડીમાંથી એક આધેડ સજ્જન નીચે ઊતર્યા. છુટ્ટી પાટલીનું ધોતિયું, કીમતી રેશમનો લાંબો ડગલો, ગળામાં સાચા મોતીની માળા અને ચહેરા ઉપર રઘવાટ ! દોડીને સીધા સ્વામી વિદિશાનંદ ઊભા હતા ત્યાં પહોંચી ગયા.

'સ્વામીજી ! મને બચાવી લો. મને જીવતદાન આપો. હું મરી જઈશ. મારી ઘરવાળી મરી જશે.' સજ્જન બે હાથ જોડીને કરગરી પડ્યા.

'પણ છે શું એ તો જણાવો.' સ્વામીજીએ ઊભા કર્યા.

''મારો દીકરો.... અહીં છે ? તમારા આશ્રમમાં ? કંકણ એનું નામ છે... મને કોઈ દર્શનાર્થીએ માહિતી આપી... અઠવાડિયાથી એ ઘર છોડીને જતો રહ્યો છે...મેં એને ક્યાં કયાં નથી શોધ્યો ?'

સ્વામીજીએ શિષ્યો સામે જોયું. સંપૂર્ણાનંદ સમજી ગયો. ગૌશાળામાં જઈને કંકણને પકડી લાવ્યો : 'લો, આ જ તમારો દીકરો ને ?'

બાપ-દીકરો ભેટી પડ્યા, પણ કંકણ ઘરે ન જવા માટે મક્કમ હતો. એના બાપે ફરીથી સ્વામીજીનું શરણું શોધ્યું : 'બાપજી ! હીરાનો વેપારી છું. હાથ ધોઉં છું તોયે મેલમાં રૂપિયા ખરે છે. ઘરે કુબેરનું ઐશ્વર્ય છે. પણ આ છોકરો પાગલ નીકળ્યો. છબી નામની એક છેલછબીલી પાછળ ગાંડો થયો છે. પેલી તો બીજાની સાથે નાસી ગઈ, પણ એના આઘાતમાં આ ભાઈસાહેબ દેવદાસ બની ગયા છે. એને તમે સમજાવો, નહીંતર હું મરી જઈશ. એની મા તો મરવા જ પડી છે. આણે ઘર છોડ્યું ત્યારથી એણે અનાજનો કણ પણ મોઢામાં નથી મૂક્યો. હૉસ્પિટલમાં ગ્લુકોઝના બાટલા ઉપર ટકાવી રાખી છે.'

સ્વામીજી પરિસ્થિતિ પામી ગયા. એકાંત ઓરડીમાં લઈ જઈને કંકણને સમજાવ્યો. સમાજની સમજણ આપી, શાસ્ત્રોનો સાર ટાંક્યો, જીવનનો ધર્મ નિરુપ્યો. એક-દોઢ કલાકની જહેમત પછી કંકણ એના બાપની સાથે જવા માટે તૈયાર થયો. ગયો પણ ખરો. જાણે કંઈ જ બન્યું ન હોય એમ આશ્રમનું વાતાવરણ પૂર્વવત્ ગોઠવાઈ ગયું.

બે દિવસ પછી શિષ્યે સમાચાર આપ્યા : 'ગુરુદેવ ! કંકણનાં માતુશ્રી આપનો આભાર માનવા આવ્યાં છે. અંદર મોકલું. ?'

'મોકલો.' સ્વામીજીએ અનુમતિ આપી અને આશરે પિસ્તાલીસ વર્ષની એક જાજરમાન મહિલા હાથમાં ફળ-ફૂલની છાબ સાથે ખંડમાં પ્રવેશી એ સાથે જ સ્વામીજીએ આંખો મીંચી દીધી. પરાઈ સ્ત્રી સામે એકાંત સેવન એ બને ત્યાં સુધી ટાળતા અને ન ટાળી શકાય ત્યાં નેત્રદ્વાર બંધ કરી બેસતા.

'આપણો ખૂબ ખૂબ આભાર, સ્વામીજી !' સ્ત્રીએ ઉદ્‌ગાર કાઢ્યા.

'નમો નારાયણ, દેવી ! સુખી થાઓ.'

'મારા દિકરાને તો તમે પાછો વાળ્યો. એને સમજ આપી કે કાચી માટીની કાયા ગમે એટલી રૂપાળી હોય, તોયે એની પાછળ સંસાર ત્યાગ ન જ કરાય. તમારો આભાર.'

'એમાં આભાર શેનો દેવી ! એ તો મારો ધર્મ કહેવાય.' સ્વામી વિદિશાનંદજીએ બંધ આંખે જ જવાબ વાળ્યો.

પેલી સ્ત્રીનો અવાજ એકાએક પલટાયો, 'આવો જ ધર્મ આજથી પચીસ વરસ પહેલાં સમજ્યા હોત તો કેટલું સારું થાત, સ્વામીજી !'

વિદિશાનંદજીની બંધ આંખો અનાયાસ ખૂલી ગઈ : 'આ શું બોલો છો, દેવી ?' પછી વિસ્ફારિત નેત્રે એ પેલી સ્ત્રીના ચહેરાને ધારી ધારીને જોઈ રહ્યા : 'દેવી, આપ ? તમે ? તું ? વત્સલા, તું અહીં ક્યાંથી ?'

કંકણ મારો દીકરો છે.

'હવે સમજાયું કે એનો ચહેરો મને પરિચિત હોય એમ કેવી રીતે લાગતો હતો. વત્સલા, હવે સિધાવો. કોઈ આદેશ હોય તો ફરમાવો.'

વત્સલાનું ગળું ભીનું થઈ ગયું : 'હવે આ ઉંમરે શો આદેશ હોય ? પચીસ વરસ પહેલાં ભગવાં ધારણ કર્યાં ત્યારે એક વાર મને મળ્યા હોત તો સમજાવત કે પ્રેમિકાની પણ કોઈ મજબૂરી હોઈ શકે છે. એને માફ પણ કરી દેવાય અને ભૂલી પણ જવાય. જો એમ થયું હોત તો જેમ તમે કંકણને સાધુ બનતાં અટકાવી શક્યા, એમ જ હું પણ તમને...'

'નમો નારાયણ, દેવી ! બધું ઈશ્વરાધીન છે.' સાધુએ ફરીથી આંખો મીંચી દીધી. એમની તમામ મહેનત પાણીમાં ગઈ, કારણ કે બંધ પાંપણની નીચેથી સરકીને છેવટે પાણી તો સરી જ પડ્યું.

❖❖❖

# ગુલદસ્તો

**ડૉ. આઈ. કે. વીજળીવાળા**

ફૂલોની એક દુકાને સવાર સવારમાં જ એક માણસ આવી ચડ્યો. બહાર પાર્ક કરેલી એની વૈભવશાળી કાર એ અતિશ્રીમંત હશે તેની ચાડી ખાતી હતી. દુકાનમાં આવી તેણે એક ખૂબ જ સુંદર ગુલદસ્તો પસંદ કર્યો. આંગડિયા દ્વારા પોતાની માતાને ફૂલો મોકલવાની વ્યવસ્થા દુકાનદાર જ કરી આપે એ માટે એણે આંગડિયાખર્ચ પણ ચૂકવી આપ્યો. પોતે અતિવ્યસ્ત હોવાથી ગામડે રહેતી માતાને મળવા જઈ શકે તેમ નહોતો. ઉપરાંત એ દિવસે એણે કોઈ નવા પ્રોજેક્ટ માટે કેટલાક નિષ્ણાતોને પણ બોલાવ્યા હતા. ઘણા વખતથી પોતે માતાને મળવા નથી ગયો તે વાતનો ઉચાટ તેની દુકાનદાર સાથેની વાતો પરથી જણાઈ આવતો હતો. પણ ફુરસદ મળે તો ને ? પોતાની માતાને એ જ દિવસે ફૂલો મળી જાય તેવી વ્યવસ્થા કરીને એ દુકાનમાંથી બહાર આવ્યો.

બહાર આવીને એણે જોયું તો દસ-અગિયાર વરસની એક છોકરી દુકાનના ઓટલે બેઠી બેઠી હીબકાં ભરતી રડતી હતી. એ નાનકડી બાળકીને રડતી જોઈ એનાથી પુછાઈ ગયુ. 'શું થયું બેટા ? શું કામ રડે છે ?'

'અંકલ ! મારે મારી માતા માટે ગુલાબનાં ફૂલો ખરીદવાં છે પણ મારી પાસે પૂરા પૈસા નથી. દસ રૂપિયાનાં ફૂલ થાય છે, પણ મારી પાસે ફક્ત નવ રૂપિયા જ છે. મને લાગે છે કે હું આજે મારી માતાને ફૂલો નહીં આપી શકું.' બોલતાં બોલતાં એ છોકરી ધ્રુસકો નાખી ગઈ.

માતા પ્રત્યેની એ છોકરીની લાગણી જોઇને એ માણસનું હૃદય દ્રવી ગયું.



છોકરીનો હાથ પકડીને એ એને દુકાનની અંદર લઈ ગયો. ફૂલોનો એક સરસ ગુલદસ્તો - જેવો પોતે પોતાની માતાને મોકલવા પસંદ કર્યો હતો તેવો જ - એણે એ છોકરીને અપાવ્યો. છોકરી તો ફૂલ મળતાં જ એ માણસનો આભાર માનીને આંસુભરી આંખે બહાર દોડી ગઈ. પેલા માણસે ફૂલોના પૈસા ચૂકવ્યા. પછી બહાર આવ્યો. જુએ છે તો પેલી છોકરી રસ્તાની સામેની તરફ આવેલા કબ્રસ્તાનમાં ઊભી હતી. એક કબર પર ફૂલો મૂકી આંખ મીંચી રડતી રડતી પ્રાર્થના કરતી હતી. એ ચુપકેથી એની પાસે જઈને ઊભો રહ્યો. પ્રાર્થના કરીને છોકરીએ આંખ ખોલી. પેલા માણસને જોઈને એટલું જ બોલી, 'મારી મા અહીંયા સૂતી છે.'

સ્તબ્ધ થઈ ગયેલો એ માણસ ધીમે પગલે કબ્રસ્તાનમાંથી બહાર આવ્યો. એની આંખ ટપકતી હતી એનો એને ખ્યાલ પણ ન હતો. પોતાની કાર પાસે બે મિનિટ ઊભો રહી પછી એ ફૂલોની દુકાનમાં પાછો ગયો. આંગડિયા દ્વારા પોતાની માતાને ફૂલો મોકલવાનો ઑર્ડર એણે કેન્સ કરાવ્યો. પોતે જ એ ગુલદસ્તો લીધો. પોતાની ઑફિસમાં ફોન કરીને પોતે નહીં આવે તેવું કહ્યું. પછી પોતાની ઑફિસમાં ફોન કરીને પોતે નહીં આવે તેવું કહ્યું. પછી પોતાની માતાને હાથોહાથ એ ફૂલો આપવા ગામડાને રસ્તે કારને મારી મૂકી !

❖❖❖

# પિતાને પણ હૂંફ જોઈએ છે...

જ્ઞાનેશ જયચંદ લાપસીયા

ભારતમાં આવતા હોળી, દિવાળી, દશેરા જેવા વિવિધ લૌકિક તહેવારોને વિશ્વભરમાં ઊજવવાનો અનુરોધ કરવાને બદલે વિશ્વભરમાં ઊજવતા વુમન્સ ડે, વેલેન્ટાઈન ડે, ફેમિલી ડે, મધર્સ ડે, ફાધર્સ જે તથા અન્ય.. ડે ઊજવવા ભારતનો એક ઊજળો અતિ ઉતાવળિયો - ઉત્સાહી વર્ગ બનતો જાય છે. આ તહેવારોની ઉજવણી એટલે કોઈક નોવેલ્ટી સ્ટોર્સમાં જઈ એકાદ-બે સારું અંગ્રેજી લખાણ ધરાવતાં, સુંદર રંગબેરંગી ભાત ઉપસાવતા શુભેચ્છા કાર્ડ, કેડબરી, કેક અને ભેટ અર્પણ કરી આનંદ અવસરની ઉજવણી કર્યાનો સંતોષ મેળવવો અને તેનું અનુકરણ કરવા લલચાય છે. મધ્યમવર્ગીય માનવ, ભલે તેની પહોંચ હોય કે ના હોય!

અરે, મધર્સ ડે, ફેમિલી ડે, ફાધર્સ ડે તો વરસમાં એકાદ દિવસ આવીને ચાલ્યા જાય છે પણ આપણા માતા-પિતા તો ૩૬૫ દિવસ આપણી સંગાથે જ છે. તેમને નિત્ય મસ્તક ઝૂકાવી કે ચરણસ્પર્શ કરીએ છીએ આપણે?

બાલ્યાવસ્થા જીવનની એક અમૂલ્ય અવસ્થા છે, તેને સ્નેહનું ઉપવન બનાવવું જોઈએ. સારા સંસ્કારોથી પ્રેમનું સિંચન કરી, શિશુરૂપી કુમળા છોડને સભ્યતા અને સંસ્કારનું વિરાટ વૃક્ષ બનાવી શકાય. પિતાના પ્રેરણાદાયી શબ્દોની જાદુઈ અસરથી બાળકમાં આત્મશ્રદ્ધા અને હિંમત આવે છે. જાહેરમાં બોલવાની ટેવ, મુક્ત રીતે પોતાના વિચારો પ્રગટ કરવાની આવડત, વિનયી છતાં નીડર સ્વભાવ બાળપણથી જ



બાળકમાં આવવો જરૂરી છે.

સંતાનો તો શક્તિ અને સ્નેહનાં ઘૂઘવતાં સાગર સમ છે. માત્ર પ્રેમ, પ્રોત્સાહન અને ધૈર્યથી એમને યોગ્ય કેળવણી આપવામાં આવે તો તેઓ મોટા થતાં ચમત્કાર સર્જી શકે છે. એક સુંદર સમાજની રચના કરી શકે છે. કોઈપણ બાળક તેનાં માતા પિતાનાં તન અને મનની યથાયોગ્ય પ્રતિમા છે.

### ''પપ્પા''

પપ્પા, એવી તે કંઈ અધિરાઈ હતી,
આપને જીવનની માયા સંકેલવાની?
ગઈ કાલે તો ધર્મ સાંભળ્યો કાન દઈને
અને બીજા દિવસે જ વિદાય લીધી!
ખરું કહું છું, પપ્પા તમને
જ્યારે પણ પાટણ જાઉં મને પહેલા
મોહનલાલ ચુનીલાલ ધર્મશાળા દેખાય છે,
ત્યાં હજુ આપના પુદ્‌ગલો
અકબંધ જણાય છે,
બંધ બારીની આડશે હજી પણ
આપની અંતિમ પળોની છબી દેખાય છે.
નથી સાથે આપ તેની જાણ છે છતાં
આપની હાજરી હરઘડી અનુભવાય છે.

બાળકોના મનમાં પિતા શક્તિ, સંરક્ષણ અને પુરુષાર્થની મૂર્તિ છે. બાળકોને પિતા તરફથી જે લાગણી અને પ્રેમનો અનુભવ થાય છે એ તેના ઘડતરમાં ઘણી મહત્વ ધરાવતી બાબત છે. જરા પાછળનાં વર્ષો પર નજર કરીશું તો સમજાશે કે અત્યારે સુધી પિતાની ભૂમિકા શી હતી? પિતા એટલે ઘરના સર્વેસર્વા, ઘરના વડીલ અને મોભ! નોકરી કે વ્યવસાય દ્વારા કુટુંબનું ગુજરાન ચલાવનાર, સખત, કઠોર, શિસ્તપ્રિય વ્યક્તિ! તેમની સામે ક્યારેય દલીલ થાય નહીં! આજે પરિસ્થિતિ પલટાઈ રહી છે હવે ઘણી સ્ત્રીઓ શોખ કે સંજોગો ખાતર નોકરી વ્યવસાય કરતી થઈ છે. આ સંજોગોમાં પોતાનાં સંતાનોને ઉછેરવા એમને વિકસતાં જોવા વગેરેમાં સહભાગી થવું એ જ હવે જીવનો આનંદ છે.

આજનાં પિતા એ ગઈકાલના પુત્ર છે અને આજનો પુત્ર આવતી કાલનો પિતા છે, છતાં 'જનરેશન ગેપ' ને લીધે બે પેઢી વચ્ચે હંમેશા એક અંતર રહેવાનું. એ અંતર ક્યાંક બોલવાનું, પણ તેથી શું? આપણે આપણી ફરજ છોડી દેવી? મતભેદ ભલે રહ્યા પણ એકમેકમાં મનભેદ તો ન હોવા જોઈએ. બન્ને પક્ષે સદાય સમાધાનની તૈયારી હોવી જોઈએ, કારણ એક નાનકડી ગેરસમજ મોટી લડાઈને પેદા કરવાની ક્ષમતા ધરાવે છે તો એક સાવ અદના લાગતા શબ્દ સમાધાનાં મોટી લડાઈને સમાપ્ત કરવાની ક્ષમતા રહેલી છે.

પ્રત્યેક પિતા ઈચ્છતા હોય છે કે તેમનાં સંતાનને શક્ય તેટલી વધુ સગવડો આપી શકે, તેની દરેક ઈચ્છા પૂરી કરી શકે, પરંતુ તેવું હંમેશા અને બધાં જ માટે શક્ય ના પણ હોય અને એટલી ઊણપ માત્રથી જ કોઈ 'પિતા' તરીકેનું તેમનું મૂલ્ય ઓછું ના આંકી શકાય.

❖❖❖

# ડૉક્ટર ઈન ધ હાઉસ

ડૉ. જયંત મહેતા

ગઈ કાલે જ તેમની ચાર વરસની દીકરી અમીના બોલેલા શબ્દો હજુ મનમાં મંદિરના ઘંટની જેમ કાને વાગતા હતા. 'Mom, can we get another dad when our dad goes to work?' મારી સાથે કોઈ વખત પ્લે નથી કરતા. He is always tired when he is home.' અને ડૉ. જાનીનું માથું ભમી ગયું. તે ઓછું હોય તેમ આજે બપોરના બે વાગ્યા છે, અને હજુ લંચ લેવાની ફુરસદ નથી મળી. હૉસ્પિટલનું કેફેટેરિયા બંધ થઈ ગયું, સેન્ડવિચ-શૉપમાંથી એક ફ્રોઝન સેન્ડવિચ લઈ માઈક્રોવેવમાં ગરમ કરી જ્યાં બેઠા ત્યાં બિપર વાગ્યું. 'બિપ બિપ બિપ...'

'જંપીને જમવા પણ ન દે' એમ બબડતા ડૉક્ટરે ફોન ઉપાડ્યો. 'યા, ધિસ ઈઝ ડૉક્ટર જાની... ડિડ યૂ પેજ મી ?' અવાજમાં ગુસ્સો, અકળામણ અને અધીરાઈ હતાં.

'યસ ડૉક્ટર. સૉરી ટુ ટ્રબલ યૂ બટ...' નમ્ર અવાજે નર્સનો અવાજ આવ્યો.

'યસ વ્હૉટ ? મારી સેન્ડવિચ ઠરે છે. બોલ છે શું.' અવાજમાં રોષ હતો.

'મિ. જહોનસન ઈન રૂમ નં. ૨૦૬ હેઝ ચેસ્ટ પેઈન.'

'ઓહ, ધેટ ફેટ ગાઈ ! ગિવ હિમ સમ નાઈટ્રો ઍન્ડ રન કાર્ડિયોદગ્રામ.' ઉતાવળમાં જવાબ આપી ફોન મૂકી દીધો.

લંચ પતાવે ત્યાં સુધીમાં પાંચ છ વખત બિપિયારીએ પજવ્યા. 'ઍન્ડ અમી વોન્ટસ નધર ડેડી...' પાછી વાત યાદ આવી. મૂડ ગરમ હતો અને હવે બૉઈલ થવાની અણીએ પહોંચ્યો.

ડૉક્ટર દોલત જાની ૧૫ વર્ષ પહેલાં ભારતથી અમેરિકા આવેલા ત્યારે અહીંના શરૂઆતના દિવસો કપરા હતા પણ હવે સારી પ્રૅક્ટિસ બંધાઈ ગઈ હતી. ખૂબ પૈસા મળ્યા અને ફાજલ સમય ખોઈ બેઠા. ડૉક્ટરની બિઝી જિંદગીની આ મોટી રામાયણ; કટાણે મળે તે જંક ફૂડ ખાઈ લેવાથી, બિપર પર દોડતી જિંદગીમાં શ્વાસ ખાવાનો સમય ન હોય ત્યાં કસરત કેમ કરી શકાય, વધતું વજન અને માથું કાઢતી ફાંદ,



ચહેરા ઉપર વ્યગ્રતાની કરચલીઓ હવે જાણે ઈસ્ત્રી કરી હોય તેવી કાયમી થઈ ગઈ હતી. રાબેતા મુજબ ૫૫ વર્ષે વાળ પણ ધોળા થવા આવ્યા જાણે વૃદ્ધત્વની ચાડી ખાતા ન હોય !

એકધારી આ જિંદગીમાં દર્દીઓથી પણ કંટાળો આવતો. બીજા હલકા પર્યાય ન હોવાથી હૉસ્પિટલે આવી પડેલા દર્દીઓને તે ખાલી 'ધેટ ફેટ ગાઈ', રૂમ નં. ૨૦૬', 'ધેટ ક્રેઝી બિચ વિથ ડાયાબિટીસ' કે 'ન્યુમોનિયાવાળો બુઢિયો' તરીકે ઓળખતા. દર્દીને નામને બદલે દર્દથી, બાહ્ય લાક્ષણિકતાથી જ ઓળખવાની કુટેવ મનમાં જડ ઘાલી બેઠેલી.

'ઍન્ડ અમી વોન્ટ્સ નધર ડેડી... હં.' તેની સાથે બાસ્કેટબૉલ તો શું સ્ક્રેબલ રમવાનો સમય પણ ન મળતો. સુલુ સાથે પિક્ચર જોવા છેલ્લે ક્યારે ગયા હતા એ પણ યાદ કરવું અઘરું હતું. 'સાલો ટાઈમ જ નથી મળતો....' એમ મનમાં સાંત્વન મેળવતા.

સાંજે આઠેક વાગ્યે દોલત જાની ઘરે પહોંચ્યા. બારણું ખોલી દાખલ થયા અને સુલુને સજ્જ થઈ બેઠેલી જોઈ ડઘાઈ ગયા. ટાપટીપથી પાસ્ટેલ કલરની સાડીમાં તૈયાર થઈ, 'આમિરાઝ'થી મઘમઘતી, માથામાં ગુલાબનું ફૂલ ખોસી બેઠેલી સુલુ જરા તૂમડું ચડાવવાને બદલે હસે તો કેવી સારી લાગે એમ થયું – અને બીજી જ પળે તૂમડાનું કારણ પોતે જ હશે એવી ભ્રાંતિ થઈ. સુલુએ કાંડે નજર નાખી કહ્યું, 'લેઈટ અગેન, માઈ લવ !'

'લેઈટ ફોર વ્હૉટ ?' આદત પ્રમાણે તાડૂકીને ડૉક્ટર બોલ્યા.

'મહેરબાન, બીજાઓને કહો છો પણ તમારે મેમરી માટે ઝિંકોબા લેવાની જરૂર છે. કોઈ ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શનની જરૂર નથી.' પછી ઉમેર્યું અને જરૂર હોય તો એક સારા ડૉક્ટરને પણ હું જાણું છું.

'ગયા અઠવાડિયે અમીની વર્ષગાંઠ ભૂલી ગયા ! મીણબત્તી ઠરી ગઈ, એના મોં પરનાં આંસુઓ સુકાઈ ગયાં પણ મહેરબાન તો દર્દીના હાથ પકડી બેઠા રહ્યા હતા. આજે લગ્નની પંદરમી એનિવર્સરી છે. ઘર છે એટલું તો યાદ રહ્યું તેટલું સારું, પછી વાઈફ છે કે દીકરી છે તે યાદ રાખે કે નહીં તે ગૌણ છે...' સુલોચનાના અવાજમાં ગુસ્સો,

હતાશા, અકળામણ અનેક ઊર્મિઓનું મિશ્રણ હતું.

'શી નાઉ વોન્ટ્સ નધર હઝ્બન્ડ!' મનમાં ડૉક્ટર બોલ્યા અને લૂલો બચાવ રજૂ કર્યો. 'મારે યાદ રાખવાનું ઓછું છે! ભૂલી પણ જવાય.'

'યૂ પ્રૉમિસ્ડ કે આપણે બહાર જમવા જશું, પિક્ચર જોશું.'

'ઓહ! સૉરી, બટ યૂ ડોન્ટ હેવ ટુ નેગ મિ! લૂક, હું થાકી ગયો છું. કાલે જઈએ તો?'

સુલોચના મૌન રહી. હતાશ મને અંતે તેણે સંમતિ આપી. 'ઓ.કે. પણ આવતી એનિવર્સરી પર હું રાહ નહીં જોઉં.' જરા ધમકી આપી અને પછી જરાક મરકીને બોલી, 'મેં નક્કી કર્યું છે કે પેશન્ટ તરીકે જ હું હૉસ્પિટલમાં દાખલ થઈ જઈશ તેથી મળી શકાય.'

ડૉક્ટર કટાક્ષ માટે તૈયાર નહોતા. એની કમાન છટકી. 'આ બધી મહેનત... આ પૈસા તમારાં બધાં માટે જ છે... અમીને સારી કૉલેજમાં ડૉલર જોઈશે ને?'

સુલુ શીંગડાં ભરાવવા તૈયાર હતી. 'હાઉ નાઈસ ઓવ યૂ! હું ભગવાનને પ્રાર્થના કરું કે આ ભણેલો, કમાઉ વર આપ્યો, આ મર્સિડીસ અને સાબ જેવી ગાડીઓ આપી, ઈન્ડોર જાકૂઝી અને આઉટડોર પુલવાળું પાંચ બેડરૂમનું ઘર આપ્યું... ઘણો પાડ. પછી અબ્સન્ટી હસબન્ડ જેવી ચીજ માટે ફરિયાદ શાને કરું!'

સુલોચના ઉપર જઈને કપડાં બદલવા ગઈ. પાછી આવી ત્યાં ડૉક્ટર તો ફૅમિલી રૂમમાં એમનું મોં છાપા તળે ઢાંકી ઊંઘી ગયા હતા. ટીવી ઉપર કોઈ કોમેડિયન અક્કલ વગરની જૉક કરતો હતો અને એવું જ અક્કલ વગરનું ઑડિયન્સ તાળીઓ પાડતું હતું. 'આ અક્કલવાળા શાહમૃગની જેમ માથું ઢાંકી સૂઈ ગયા છે.' સુલોચનાને વિચાર આવ્યો.

સુલોચનાએ ટીવી બંધ કર્યું. શોધીને એક સીડી ચાલુ કરી અને 'હાય રે વો દિન ક્યૂં ન આવે'ના શબ્દો ગુંજી ઊઠ્યા. ભૂતકાળ નજર સામે આવી ગયો. સંગીત અને નૃત્યનો તેને કેવો શોખ હતો! અને આજે ક્યા જતો રહ્યો? લાવ, ભાગી જઉં? ઈન્ડિયા જતી રહું? અમીનું શું થશે? મારા મનમાં આનંદ વગર ન હોય તો મારાં છોકરાંને કેવી રીતે જીવન માણતા શીખવાડી શકું? આનંદ વગરનું જીવન જીવન જ ન કહેવાય ને! કોઈ પ્રેમી શોધી લઉં? અને તરત જ વિચાર આવ્યો કે ભારતીય નારીથી આવો વિચાર થઈ શકે?

ભારતીય નારી એટલે સુખ મેળવવાનો કોઈ હક્ક જ નહીં? પડ્યું પાનું નિભાવવામાં જ આનંદ મેળવવો રહ્યો? એ તો કઈ જાતનો આનંદ?

અઠવાડિયા પછી સુલોચનાએ દોલતને કહી દીધું, 'લૂક, ડિયર, તમે અમારા માટે જેટલા પૈસા બનાવ્યા છે તેના અર્ધા પણ અમને પૂરતાં છે. વધુ નથી જોઈતા. તો આપણે છૂટાછેડા લઈ લઈએ તો કેમ?'

ડૉક્ટર ચમક્યા. 'પછી?' કોની સાથે રહીશ?'

'કોઈની સાથે જ રહેવું હોત તો તમે શું ખોટા હતા? અને કોઈ બીજો દિલવાલો સંગી મળે તો સમાનધર્મી સાથે શા માટે ન રહેવું? અને છૂટાછેડા લીધા પછી તમારે શી નિસ્બત કે હું શું કરું છું અને કોની સાથે - અને આજેય અમથી શી નિસ્બત છે?'

ડૉક્ટરે કૂણા પડી જરા વિનંતી કરી. 'એક વર્ષ ખમી જા. આવતે વર્ષે પાર્ટનર લઈ લઈશ અને સાત દિવસને બદલે ચાર દિવસની પ્રૅક્ટિસ કરી દઈશ. શનિ-રવિ તો ડૉક્ટર કાર્ટરને આપવાનું નક્કી કર્યું છે...'

ડૉક્ટરે રીઝવવા ઉમેર્યું, 'મેં થોડા વખત પહેલાં એક ડાયમંડનો સેટ પેલા ઝવેરીને ત્યાં જોયેલા. હાઉ અબાઉટ ધૅર એઝ એનિવર્સરી ગિફ્ટ ફ્રોમ મિ? અથવા તો સરસ સંગીત માટે નવી 'બોઝ'ની સાઉન્ડ સિસ્ટમ.'

સુલોચનાને વિચાર આવ્યો, 'બજારુ સ્ત્રીઓને પૈસા અને સાથે પ્રેમ મળે છે. મને પ્રેમને બદલે પૈસા મળે છે! હું તેમનાંથી ય બદ? અંગ્રેજી મૂવી ઝીઝીનું એક ગીત યાદ આવ્યું.

*A necklace is love*
*Diamond is love*
*an ugly black cigar is love*

એક દિવસ ડૉક્ટર ત્રણ વાગ્યે ઘરે આવ્યો. 'કેમ આટલા વહેલા?'

'થાક લાગ્યો હતો એટલે ઑફ લીધો. પેટમાં અને છાતીમાં અકળામણ લાગે છે. મને એક ''આલ્કા'' આપે છે. સ્ટમક અપસેટ થયું લાગે છે.

'રાયન સ્મિથને બોલાવું?' ડૉક્ટર સ્મિથ તેમના મિત્ર હતા અને ડૉક્ટર જાનીના કલીગ હતા, નામાંકિત હાર્ટ-સ્પેશિયાલિસ્ટ પણ હતા.

'ના રે ના. ''આલ્કા''ની જ જરૂર છે. એકાદ દિવસ ઘરે આરામ કર્યો. બીજે દિવસે સારું લાગ્યું એટલે સુલોચનાને 'ચિંતા ન કરીશ' કહીને ઊપડવા તૈયાર થયા.

'કામ કરતાં પહેલાં રાયનને બતાવજો. કમસે કમ એક કાર્ડિયોગ્રામ તો કઢાવી લો! મશીન તો તમારી ઑફિસમાં જ છે.' સુલોચનાએ સૂચન કર્યું.

'તું પ્રૅક્ટિસ કરવાનું બંધ રાખ, ડૉક્ટર હું છું કે તું?' કહી વિદાય લીધી.

સવારનાં દર્દીઓને તપાસી સાંજનું રાઉન્ડ લેતાં ફરી જરા બેચેની થઈ આવી. છાતી ઉપર કોઈ હાથીએ પગ મૂક્યો હોય

તેવું લાગ્યું અને ડાબે હાથમાં ખાલી પડી હોય તેવો આભાસ થયો. એ દિશા બદલી ઈમરજન્સી રૂમ તરફ ઊપડ્યા. નર્સના ડેસ્ક પાસે પહોંચ્યા અને આખા શરીરે પરસેવો વળી ગયો, હાંપ ચઢી ગયો, હાથ ઠંડા પડી ગયા. નર્સ કંઈ પૂછે તે પહેલાં જ ઢગલો થઈને નીચે પડ્યા.

હોશિયાર નર્સે જીભ નીચે નાઈટ્રો મૂકી, ભોંય પર સૂવડાવી ઑક્સિજન આપવાનું શરૂ કરી દીધું. ઈમરજન્સી રૂમમાં લઈને સારવાર શરૂ કરી દીધી.

ડૉક્ટર જ્યારે ભાનમાં આવ્યા ત્યારે એમની નજર પહેલાં તો ઉપર ટીંગાયેલી બૉટલ પર ગઈ. સેલાઈન અપાઈ રહ્યું હતું. ડૉક્ટર સ્મિથ બાજુમાં ઊભા હતા. 'ડોલટ, આઈ સો યોર ઈ.કે.જી. સૉરી યૂ હેડ એન એક્યૂટ હાર્ટ-ઍટેક! લકી યૂ વર ઈન ધ હૉસ્પિટલ, એલ્સ યૂ વૂડ હેવ બિન ઈન ધ મોર્ગ.' એન્જિયોગ્રામ લીધો, એક બે ધમનીઓમાં અવરોધ કળાયો, એન્જિયો-પ્લાસ્ટી કરી અને શરીરમાં બધે લોહી ફરવા લાગ્યું. બાઈપાસની જરૂર ન દેખાણી.

આઈ.સી.યૂ.ના ૨૦૫માં રૂમમાં દાખલ કર્યા.

સુલોચના અમીનું ધ્યાન રાખવા વ્યવસ્થા કરી ડૉક્ટર જાની પાસે પહોંચી ગઈ. અંદર જઈને કહે, 'પોતાને ડૉક્ટર કહેનારો, રૂમ નંબર ૨૦૫નો, દેશી દર્દી કેમ છે?' આવી, એણે બાજુએ બેસી દર્દીનો હાથ પકડ્યો.

દોલતના મોં પર એક સ્મિત ફરકી ગયું, 'વેલ, ડૉક્ટર! એનો આધાર તો તમારી ઉપર જ છે!...'

પછી સુલોચનાનો હાથ પ્રેમથી પંપાળતાં ઉમેર્યું : 'સુલુ! આપણી અમીને તો નવા ડેડી જોઈતા હતા ને? બિલકુલ નવા નહીં પણ જૂનામાંથી, સ્વાનુભાવે સુધરેલા ડેડી જરૂર મળશે.'

❖❖❖

# સરળ જીવનની ચાવી : નમ્રતા

સંગીતા મનોજ ઠક્કર

જીવન જીવવા માટે ઘણી બધી વસ્તુઓની જરૂર પડે છે. ઈશ્વરે સૃષ્ટિની રચના એવી રીતે કરી છે કે એક પણ વસ્તુ વગર નથી ચાલતું. ઠંડી, ગરમી, વરસાદ, હવા, પાણી, એવી જ રીતે પ્રેમ, નફરત, ગુસ્સો, શાંતિ, સરળતા વગેરે... એક પણ વસ્તુનો અનુભવ કરવા ન મળે તો પ્રાણી કહો કે મનુષ્ય કે પછી પશુ-પક્ષીઓ બધા જ આકુળ-વ્યાકુળ થઈ જાય છે. ૧૨ કલાકનો દિવસ અને ૧૨ કલાકની રાત આ બધું જ ભગવાન દ્વારા બરાબર વહેંચાયેલ છે. એમાં જો થોડોક પણ ફેરફાર થાય તો આપણે સહન નથી કરી શકતા. ખેંચી જઈએ છીએ, પણ હર પળનો ભય હોય છે કે આ વાતાવરણ પહેલા જેવું નહીં થાય. તો શું થાશે?

'નમ્રતા' અથવા સોફ્ટનસ એક એવો દાગીનો છે કે જે બધા પાસે નથી હોતો અને આ એક એવો દાગીનો છે જે અણમોલ છે. જો તમારી પાસે આ દાગીનો હોય તો તમે જગ જીતી શકો છો. જગ શું? તમે ભગવાનને પણ જીતી શકો છો.

નમ્ર રહેવું બહુ જ અઘરૂ છે. આ દુનિયાની ભાગદોડમાં ૭૫% લોકો પાસે ગુસ્સો જોવા મળશે પણ નમ્રતા નહીં. આજે તમે કયાંય પણ જાઓ, કોઈ પણ કામ કરો નવું કે જૂનું મનમાં એક ભય સતાવતો હોય છે કે જો તમારું કામ બરાબર નહીં હોય તો સામેવાળી વ્યક્તિનું શું Reaction (રીએક્શન) હશે. ગુસ્સે થઈ જાશે તો? અને આ ડરને લીધે કદાચ કામ બરાબર થતા થતાં બગડી જાય છે.

બીજી બાજુ નમ્ર વ્યક્તિ ગુસ્સો પોતે પી જાય છે પણ સામેવાળી વ્યક્તિને નારાજ નથી કરતી. નમ્રતા મનુષ્યના સ્વભાવમાં રહેવી બહુ જ જરૂરી છે. તમને તમારા બધા જ કામ સહેલાઈથી થતાં નજર આવશે. જીંદગી જીવવાની મજા આવશે. તમે હંમેશાં એક જ કોશિશમાં રહેશો કે તમારા થકી કોઈને દુ:ખ ન પહોંચવું જોઈએ. જ્યારે તમે સરળતાથી, શાંતિથી લોકો સાથે વર્તન કરો છો ત્યારે તમને અંદરથી જ મજા આવે છે એમ થાય છે કે મૃત્યુ આવવું જ ન જોઈએ. સામેની વ્યક્તિ માટે હરહંમેશા તમારી પાસે આવવાના માર્ગ ખુલ્લા હોય છે એ ડરતી નથી, ગભરાતી નથી એને વિશ્વાસ હોય છે કે એ તમારી પાસે આવશે તો નારાજ નહીં થાય. એની દુવાઓ અને આશીર્વાદ તમને મળે છે.

જે કામ તમે નમ્રતાથી કરી શકો છો અથવા કરાવી શકો છો એ તમે ગુસ્સે થઈને નથી કરી શકતા. તમારું કામ બગડી જાય છે. મોટામાં મોટું કામ તમે નમ્ર રહીને કરી શકો છો. બાળકોને જ લઈ લ્યો. તમે જે કરવાની ના પડશો તે એ અવશ્ય કરશે, પણ એ જે કરવા માગે છે. એમાં જો તમે એનો શાંતિથી સાથ આપશો, કદાચ ખોટું હશે, પણ તમારો સાથ મળશે તો એ બીજી વાર ખોટું કામ નહીં કરે.

નમ્રતા કેળવવામાં તમારી ભાષા પણ મોટો રોલ પ્લે કરે છે. તમારી ભાષા જેટલી સરળ, એટલું તમારું કામ આસાન. ખાલી કામ કઢાવા માટે જ ભાષાનું સરળ હોવું જરૂરી નથી, પણ આપણી રોજીંદી જિંદગીમાં જેટલી સરળ ભાષા વાપરશો, જેટલી સરળતાથી વર્તન કરશો તેટલો જ સારો રિસ્પોન્સ મળશે, માન મળશે, આશીર્વાદ મળશે અને જીવનનો આનંદ અનુભવશો.

❖❖❖

### નવ રસમાં સૌથી ચઢિયાતો

# નિંદારસ

**પ્રતિભા કોટેચા**

**ગામના ઓટલે બેસીને આવતી જતી પારકાની ગાયો ગણવાથી પોતાની ગાયો વધી જતી નથી.**

**- મહાવીર**

મોટા ભાગના માણસો ડેલ કાર્નેગીનું નામ જાણે છે. જેણે ''જીવન જીવવાની કલા' પુસ્તક લખ્યું છે. એમનું માનવું છે કે, આ દુનિયામાં જીવતા દરેક માણસો નવ્વાણું ટકા પોતાનાં જ વિચાર કરતાં હોય છે. મતલબ કે મોટા ભાગના માણસો બીજા માણસોનાં જીવન કરતાં પોતાના અસ્તિત્વની આજુબાજુ બનતી સારી કે ખરાબ ઘટનાના કેન્દ્રમાં રહીને જ વિચાર કરતો હોય છે. માણસ બહુધા સ્વકેન્દ્રી હોય છે. એથી એક ટકા જેટલો જ એ અન્ય વિષે વિચાર કરતો હોય છે.

આજનાં યંત્રયુગમાં માણસને પોતાના વિશે વિચાર કરવાનો સમય નથી. ત્યાં બીજા લોકો માટે વિચાર કરવાની ફુરસદ ક્યાંથી હોઈ શકે ? અલબત્ બીજાઓની સારી બાબત માટે વિચાર કરતો હોય તો સારું જ છે. પોતાનું ને પારકાનું બન્નેનું કલ્યાણ થાય, પરંતુ માણસ નામનું પ્રાણી પહેલાં તો પોતાના દુષિત વિચારોથી પેતાનું જ ખરાબ કરે છે. સ્વાભાવિક છે કે વિચારોનું વાતોમાં અને વર્તનમાં રૂપાંતર થાય જ છે. વહેલું કે મોડું અહીં માણસ ભૂલી જાય છે કે બીજા માણસોની આટઆટલી ન-કામની નકારાત્મક વાતો કરીને પંચાત કરીને પોતાનો કેટલો સમય બગાડી રહ્યો છે. કેટલી શક્તિ વેડફી રહ્યો છે. વળી પોતે જેની પંચાત કરી રહ્યો હોય છે એ વ્યક્તિને તો એની ભાગ્યે જ ખબર પડતી હોય છે.



સમાજમાં જીવતાં બધાં જ માણસો બધી જ રીતે એકસરખા તો હોતા નથી. કોઈ વ્યક્તિ આપણાથી ચઢિયાતી હોય છે, તો કોઈ વ્યક્તિ ઉતરતી હોય છે, કોઈ પણ માણસ, કોઈ પણ ક્ષેત્રમાં આગળ હોય છે, તો તેમાં તેની મહેનત હોય છે. કોઈને સસ્તા મળે છે, તો કોઈને સંપતિ મળે છે, તો કોઈને વળી સરસ્વતી મળે છે. જેને કાંઈ પ્રાપ્તિ થાય છે તેને તો ઘણી વાર કામમાં ગળાડૂબ રહેવાને લીધે ખુશ થવાનો પણ સમય હોતો નથી. જ્યારે એની સફળતા જોઈને બીજા લોકો ઈર્ષા કરવા લાગે છે. અધિકાર વગર કોઈને કાંઈ મળતું હોતું નથી. કોઈ પણ વસ્તુની પ્રાપ્તિ માટે તેણે કેટકેટલા રાત-દિવસનાં ઉજાગરા કર્યા હોય છે, મહેનત કરી હોય છે તેની લગન અને ધગશને લીધે તે આગળ હોય છે. બાકી નવરા બેઠાં-બેઠાં ગામ આખાની પંચાત કરવામાં ક્યાં મહેનત કરવી પડતી હોય છે.

મહાવીર ભગવાને ગામડાંગામની ઓટલાની અને ગાયો ગણવાની વાત કરી છે. નાના ગામમાં અજ્ઞાન માણસો ગામગપ્પાટાં મારતા હોય છે. સાંજના સમયે ઘરનાં મોટા ઓટલા ઉપર બેસીને બૈરાઓ ઘરનું કામ કરતાં કરતાં કોઈ કેટલીયે પંચાત કરી નાંખે છે. એવી જ રીતે ગામના ઓટલા ઉપર પુરુષો પણ ચીલમ પીતા પીતા ગપ્પા મારતાં હોય છે. ગામડામાં તો માણસોની પાસે સમયનો અભાવ હોતો નથી. ખાસ કશી પ્રવૃત્તિઓ હોતી નથી. વળી પ્રજા અભણ અને અજ્ઞાન હોય છે. એટલે આપણે એને માફ પણ કરી શકીએ. જ્યારે શહેરની સંસ્કૃતિમા પણ કેટલાંક પંચાતિયા માણસો મળી જાય છે. ત્યારે દુ:ખ થાય છે. શહેરમાં રહેતાં માણસો પોતાનાં ગાર્ડનમાં બીજાઓની જ વાતો કરતાં હોય છે, કેટલાક વળી ફોનમાં નિંદા ને ટીકા કરતાં હોય છે. નિંદા કરવામાં માણસને કોણ જાણે કેવી મજા આવતી હશે. માણસનાં મનની સાયકોલોજી સમજવી જોઈએ કે તેને બધા રસ કરતા નિંદા રસ કેમ ચઢિયાતો લાગે છે.

ઈશ્વરે માણસને કેટલું શક્તિશાળી મગજ આપ્યું છે. કેટકેટલો સમય આપ્યો છે. તેનો કેવો દુરુપયોગ કરે છે. માણસને પોતાની અ-ગતિની પરવા નથી. બીજની ગતી એ જોઈ શકતો નથી અને પ્રગતિથી તો એ બળી જાય છે. અંતે તો નુકશાન તો તેને જ થાય છે. ગામના પટેલને ત્યાં ગાયોનું કેટલું મોટું ધણ છે અને મારી પાસે કેમ એકેય ગાય નથી. એનું નિરીક્ષણ કરવું જોઈએ. આત્મપરીક્ષણ કરવું જોઈએ.

❖❖❖

# લાલ લોહીની લીલા

**ગુણવંત શાહ**



લોહી જેવું જીવંત પ્રવાહી સર્જીને કુદરતે કમાલ કરી છે. હજી સુધી તો એનું ઉત્પાદન કરનાર ફેક્ટરી શરૂ થઈ નથી. લેબોરેટરીમાં એનું પૃથક્કરણ થઈ શકે છે, સર્જન થઈ શકતું નથી. યુદ્ધ સમયે માનવીનું લોહી સસ્તું બની જાય છે. લોહીની સગાઈ માણસને સંબંધની બારાખડી શીખવે છે. વાતવાતમાં માણસ કહે છે : 'જુઠ્ઠુ બોલવાનું મારા લોહીમાં નથી.' ગુસ્સો ચડે ત્યારે લોહી ઊકળી ઊઠે છે. માણસ ખૂબ મહેનત કરે ત્યારે લોકો કહે છે કે એ લોહીનું પાણી કરે છે. નીચી કક્ષાનો માણસ 'હલકા' લોહીનો આદમી ગણાય છે. લોહીનું ભ્રમણ એટલે જીવન. એ ભ્રમણ અટકી જાય એટલે મૃત્યુ. નાડીના ધબકારા નસમાં વહેતા લોહીને આભારી છે. હૃદય નામનો પંપ શરીરમાં લોહીને ફરતું રાખે છે. પંપ રજા નથી પાળતો.

કોયલને સંસ્કૃતમાં 'રક્તકંઠિન્' કહે છે. માણસની ઓળખ (identity) એના લોહીમાં રહેલી છે. ડી. એન. એ. ટેસ્ટ દ્વારા બાળકના ખરા પિતાને પકડી પાડવામાં આવે છે. આપણે તો માત્ર એટલું જ જાણીએ છીએ કે ઉશ્કેરાટ કે ભય વખતે આપણા શરીરના ધબકારા વધી પડે છે. લોહીના ભ્રમણને આપણા મનમાં ઊઠતા સંવેગો સાથે સીધો સંબંધ રહેલો છે. જુદી જુદી લાગણી વખતે લોહીના ભ્રમણની લીલા જુદી જુદી હોય છે. ડેનિયલ ગોલમેને પોતાના પુસ્તક 'Emotional Intelligence'માં લાલ લોહીની લીલા કેવી હોય એ અંગે રસ પડે તેવી વાતો લખી છે. થોડીક વાતો પ્રસ્તુત છે.

આપણે ગુસ્સે થઈએ ત્યારે શું બને છે ? એ વખતે લોહીનો પ્રવાહ હાથ તરફ વળે છે, જેથી હથિયાર ઝાલવામાં સરળતા રહે અને દુશ્મન પર પ્રહાર કરી શકાય. શરીર આપણા કહ્યા વગર જ સામનો કરવાની તૈયારી શરૂ કરી દે છે. હૃદય ઝડપથી ધબકવા માંડે છે અને એડ્રેનેલિન જેવું હોર્મોન વધારાની ઊર્જા જરૂરી કાર્ય માટે પૂરી પાડવા માટે ધસી જાય છે. ક્રોધ એટલે નાનકડા યુદ્ધની તૈયારી. યુદ્ધની તૈયારી વખતે જેમ મોકાની જગ્યાઓ પર વધારાનું લશ્કર ગોઠવાઈ જાય તેમ ક્રોધની ક્ષણોમાં કટોકટીને પહોંચી વળવા માટે લોહી પોતાના માલિકની મદદે દોડી જાય છે. લોહી કદી બેવફા નથી નીવડતું.

આપણે ભયથી ધ્રૂજી ઊઠીએ ત્યારે શું બને છે ? એ વખતે લોહી પગ તરફ ઝડપભેર ધસી જાય છે; જેથી દોડીને ભાગી છૂટવું હોય તો ભાગી શકાય. એ વખતે ચહેરો ફીકો પડી જાય છે કારણ કે ત્યાંથી લોહીને પાછું વાળી લેવામાં આવે છે. એવી લાગણી થાય છે, જાણે લોહી થીજી ગયું. મગજમાં આવેલાં લાગણી કેન્દ્રો તરત કામે લાગી જાય છે અને હોર્મોનનો પ્રવાહ શરીરને જાણે 'રેડ એલર્ટ'ની સ્થિતિમાં મૂકીને જોખમ સામે સાબદું કરે છે. જોખમ પર જ બધું ધ્યાન કેન્દ્રિત થાય છે અને શું કરવું તેનો નિર્ણય ઝડપભેર કરવો પડે છે.

સુખની અવસ્થામાં શું બને છે ? એ વખતે મગજમાં આવેલું એક એવું કેન્દ્ર કામે લાગે છે, જે નકારાત્મક કે ચિંતાજનક બાબતોને ઠંડી પાડવા કે રોકવા માટે કામે લાગી જાય છે. પરિણામે શરીર જલદી સાજું થઈ જાય છે અને નિરાશ કરનારી લાગણીઓથી બચી શકાય છે. શરીરને આવી અવસ્થામાં આરામ મળે છે. આવો આરામ Healing (રોગશમન) માટે ઉપકારક સાબિત થાય છે.

પ્રેમ કે નાજુક લાગણીઓ કે પછી સેક્સના આનંદની ક્ષણો દરમિયાન ક્રોધ વખતે બને તેના કરતાં અવળું બને છે. સમગ્ર શરીરની પ્રતિક્રિયા આવી પ્રસન્ન ક્ષણો દરમિયાન એવી હોય છે તેને કારણે શાંતિ, પરિતોષ અને પ્રસન્નતા પ્રાપ્ત થાય છે અને મનનો સહકાર મળે તે માટેની અનુકૂળતા સિદ્ધ થાય છે. લોહીના ભ્રમણ પણ આવી મન:સ્થિતિની અત્યંત સારી અસર પડે છે.

આશ્ચર્યથી ભવાં ચડે તે વખતે એવું બને છે કે આંખમાં નેત્રપટલ (retina) પર વધારે પ્રકાશ પહોંચે અને અણધારી ઘટના અંગે વધારે વિગતો પ્રાપ્ત થઈ શકે છે. આવી વિગતોને આધારે શું પગલાં લેવાં તેનો વિચાર થઈ શકે. દાખલા તરીકે પોતાની દીકરીને કોઈ બાપ થિયેટરમાં કોઈ છોકરા સાથે બેઠેલી જોઈ જાય ત્યારે એની આંખ પહોળી થઈ જાય અને એક જ ક્ષણમાં વધારે વિગતો મગજને પહોંચાડી દે છે. એ જ રીતે ઘૃણા પેદા થાય તેવી ગંધ કે પરિસ્થિતિમાં પણ લોહીની લીલા જ કામ કરે છે. ચહેરા પણ ઘૃણાનો ભાવ પેદા થાય તે માટે ઊપલો હોઠ ભિડાય છે અને નાક ફૂલે છે. આ બધું લોહીના પ્રવાહને કારણે થતું હોય છે. ડાર્વિન કહે છે કે આવું બને તેમાં દુર્ગંધથી બચવાનો

સદીઓ જૂનો આદિ-માનવીય પ્રયત્ન રહેલો છે. ઘૃણા કંઈ આજકાલની નથી. બધી જ લાગણીઓ માણસજાત જેટલી જૂની છે. વિગતો બદલાય છે, લાગણીઓ તો જે હજારો વર્ષો પર હતી તેની તે જ છે. બ્લડપ્રેશર (બી.પી.) ની શોધ નવી છે, બ્લડપ્રેશર નવું નથી.

કોઈ દુ:ખદ ઘટના બને કે કોઈનું મૃત્યુ થાય ત્યારે શોક જન્મે તે પણ શરીરમાં જે ખોટ પડી તેને પૂરવા માટેનો પ્રયત્ન ગણાય. શોકને કારણે એકાએક ઊર્જામાં ઓટ આવે છે. જીવવાની ઝંખના ઢીલી પડે છે. ડિપ્રેશન ચડી બેસે છે. માણસ આત્મનિરીક્ષણ કરવા લાગે છે અને જેવી ઊર્જા પ્રાપ્ત થાય કે માણસ ફરીથી કામે લાગે છે. આ બધી માનસિક પરિસ્થિતિઓની અસર લોહીના ભ્રમણ પર થાય છે. ઉપરની બધી વિગતોનો સાર એટલો જ કે લોહી અને લાગણી વચ્ચે કલ્પનામાં પણ ન આવે એવો ગાઢ સંબંધ રહેલો છે. લોહીના દબાણ અને લાગણી વચ્ચેનો સંબંધ તો જાણીતો છે. વ્યસન પણ લોહીને કનડે છે. એક મિત્ર કહે છે : હું ઘણી વાર વિચારું છું કે સિગારેટ છોડી દઉં, પરંતુ એવું વિચારવા માટે પણ મારે સિગારેટ પીવી પડે.

માણસનું લોહી પોતાના માલિકને વફાદાર રહેવા પ્રયત્ન કરે છે. એમાં રહેલા શ્વેતકણ રોગનાં જંતુઓની સામે સતત યુદ્ધ કરતાં જ રહે છે. રોગ થાય એનો અર્થ જ એ કે શ્વેતકણોની પાંડવસેના રોગનાં જંતુઓની કૌરવ સેના સામે હારી ગઈ. આપણા શરીરમાં ફરતું લોહી એક રણમેદાન જેવું છે. કોઈ માણસને હજી સુધી ટીબી નથી થયો, એનો અર્થ એટલો જ કે રોગપ્રતિકારક પાંડવસેના હજી હારી નથી. ડૉક્ટરો જેને 'રેઝિસ્ટન્સ' કહે છે તેનું મહત્ત્વ ઘણું છે. આપણી પ્રતિકાર શક્તિનો ઘણો આધાર આપણી લાગણીઓ પર રહેલો છે. શોકમગ્ન અવસ્થા એટલે રોગને આમંત્રણ પાઠવવાની ગુપ્ત તૈયારી સંસ્કારનો વિકાસ થાય તે સાથે લાગણીઓ પરનું નિયંત્રણ વધતું રહે છે. રડવું આવે તોય માણસ રડવાનું ટાળે છે. વહાલ ઊપજે તોય, ખરાબ લાગશે તેવું વિચારીને માણસ વહાલ કરવાનું ટાળે છે. ખરાબ ન દેખાય તે માટે દેખાડો મદદ આવે છે. બધું દબાવી રાખવું પડે જેથી ભદ્રતા ટકી શકે. આવી સંસ્કારિતા લોહીના ભ્રમણ-સ્વાતંત્ર્ય પર તરાપ મારનારી છે. ચહેરાને મજબૂરીપૂર્વક પ્રસન્ન રાખવો પડે ત્યાં સુધી વાત પહોંચે છે. જ્યારે સામેની વ્યક્તિને લાફો મારવાનું મન થાય ત્યારે પણ તેની પ્રશંસા કરવી પડે છે. આવી ભદ્રતા રોગ વધારનારી છે. લુચ્ચાઈ 'લોહીમાં ન હોય' તોય લુચ્ચાઈ કરવી પડે છે, લાંચ લેવી પડે છે. બૉસને ન છૂટકે મસકા મારવા પડે છે. માણસ સતત પોતાની અસલ લાગણીઓને પ્રતિષ્ઠા ખાતર દબાવતો જ રહે, ત્યારે કશુંક ખોરવાય છે અને ખોટકાય છે. લોકો એને રોગ કહે છે. માનસિક રોગ શરીરના રોગનો જનક હોય છે. ઈર્ષ્યા એસિડિટી વધારે છે. દ્વેષ બ્લડપ્રેશર વધારે છે. તાણ આંતરડાંમાં અલ્સર પેદા કરે છે. ઉચાટ હૃદયને નડે છે. ચિંતાની સીધી અસર પાચનક્રિયા પર પડે છે. માણસ લાગણીના ઉપવનમાં જીવે છે અને લાગણીના વાંસવનમાં બળે છે. ક્યારેક માણસ અંદરથી બળી ગયેલા છતાં ટટાર ઊભેલા વાંસની માફક જીવી ખાય છે. લાગણી અને લોહીને જાળવી લેવામાં આવે તો બેડો પાર !

❖❖❖

## પૂજન બંદગી

લોકમાન્ય ટિળક કોંગ્રેસ અધિવેશનમાં ભાગ લેવા માટે લખનૌ આવ્યા હતા.

લખનૌ કોંગ્રેસના કાર્યક્રમમાં તેઓ ઘણા રોકાયેલા હતા.

ખૂબ ખૂબ મહેનતને અંતે તેઓ ભોજન માટે સમય મેળવી શક્યા હતા.

ભોજન સમયે નિકટના પરિચિત એક સ્વયંસેવકે કહ્યું : 'મહારાજ, આજે તો તમે પૂજા કર્યા વિના જ ભોજન કરવા મંડી પડ્યા !'

લોકમાન્યે ગંભીર બનીને કહ્યું : 'અરે ભલામાણસ, અમે જે કરી રહ્યા હતા તે શું પૂજા નહોતી ! માત્ર ઘંટડી વગાડવી, શંખ ફૂંકવાં, ચંદન ઘસવું તેને જ પૂજા કહેવાય ? દેશસેવાથી ચડિયાતી બીજી કોઈ પૂજા હોય તો હું તેને ઓળખતો નથી અને ઓળખતો હોઉં તોય તેમાં માનતો નથી.'



એક વાર ઘરમાં ભોજન વેળાએ 'સંધ્યાપૂજા' કરવી જોઈએ, એ વિષય ઉપર વાત નીકળી. ટિળકે તેની ભરપૂર પ્રશંસા કરી. એટલે એક ભાઈએ પૂછ્યું : 'તમને તો સંધ્યા - વંદન કરતાં મેં કદી જોયા નથી. પછી આ પ્રશંસા શાની ?'

કોણ કહે છે કે 'હું સંધ્યાપૂજન નથી કરતો !' ટિળકે સ્પષ્ટતા કરતાં કહ્યું : 'એક કલ્પના જાય અને બીજી આવે એ સંધિકાળ હોય છે. હું સતત એનું અનુસંધાન કરતો જ રહ્યો છું. એનું જ ખરું નામ છે સંધ્યા.'

*સ્પીડ બ્રેકર પુસ્તકમાંથી.....*

# વાદળોની સફરે

અરુણા



નાનપણમાં ભણવામાં આવેલ કે માઉન્ટ એવરેસ્ટ દુનિયાનું સૌથી ઊંચુ શિખર છે. ત્યારથી જ મનમાં ઈચ્છા ઊગેલી કે એકવાર એવરેસ્ટ સાથે રૂબરૂ મુલાકાત જરૂરથી કરવી. સમય જતાં આ ઈચ્છાનું મહેચ્છામાં રૂપાંતર થઈ ગયું. હૃદયના એક ખૂણામાં તેણે મજબુત સ્થાન જમાવી દીધું. અંતે જિંદગીનો એક દીર્ઘ સમયખંડ પસાર કર્યા બાદ હમણાં થોડા સમય પહેલાં મારી આ મહેચ્છા ફળીભૂત થઈ. આ પ્રવાસ નક્કી થયો ત્યારથી હું જાણે સાતમા આસમાનમાં વિહરી રહી હતી. મુલાકાત લેવાના સ્થળોની યાદીમાં એવરેસ્ટ સિવાય અન્ય ગણા લોભામણાં સ્થાનો પણ સામેલ હતાં, પરંતુ હું તો માત્ર 'એવરેસ્ટ' નામથી જ અત્યંત રોમાંચિત હતી. સફરની શરૂઆત થતાંની સાથે જ એ રોમાંચમાં અનેકગણો વધારો થઈ ગયો. ગિરિરાજના આ ઉત્તુંગ સામ્રાજ્યમાં પરિભ્રમણ કરતાં મને વાદળો વચ્ચે ફરવાનો એક અનોખો લ્હાવો પ્રાપ્ત થયો.

ભારતવર્ષના ઉત્તર-પૂર્વી રાજ્યોના સીમાડા પર કુદરત દ્વારા અંકારાયેલી આ સીમારેખા એટલે માઈલોના માઈલો સુધી પથરાયેલી ગિરીરાજ હિમાલયની પર્વતશ્રૃંખલા. આ પર્વતાધિરાજની સન્મુખ થવામાં મને એક બીજો ફાયદો એ થયો કે ગુજરાતથી માંડીને દિલ્હી, આસામ, સિક્કિમ અને પશ્ચિમ બંગાળના અનેક પ્રદેશો જોવાનો અનેરે લ્હાવો આ સફરમાં મળ્યો. અતિ દુર્ગમ વિસ્તારોમાં ખેડેલો આ પ્રવાસ મારા જીવનનું એક અણમોલ સંભારણું બની રહ્યો. દિલ્હીથી ગૌહાત્તી વચ્ચેની સફર શરૂ થવાની સાથે જ હિમાલયની ગિરીમાળાએ પોતાના દર્શન આપવાનું શરૂ કરી દીધું હતું. દૂર દૂર ફેલાયેલા હિમાલયને નજદીકથી નિરખવાનો થનગનાટ મારા ઘટઘટમાં વ્યાપી રહ્યો હતો. ઉપર આકાશ અને નીચે પર્વતો અને એની પણ નીચે આકાશ!! વિસ્ફરીત આંખો અને ઉપકૃત હૃદય કુદરતના આ કરિશ્માને જોતાં ધરાતાં જ નહોતા જાણે!

જો કે અહીં એક વાત ખાસ નોંધવા જેવી છે કે કુદરતે પોતે બનાવેલ આ રમણીય પ્રદેશ કે જેને ભારતનો હિસ્સો ગણવામાં આવે છે તે તિબેટ, નેપાળ અને ભુતાનના ખોળામાં પથરાયેલો છે. મારે ખાસ નિરીક્ષણમાં એ બાબત પણ ઊભરી આવી કે અહીંની પ્રજા ચીનથી પ્રભાવિત છે. મોટેભાગે અહીં નેપાળી બોલી બોલાય છે અને ચીનની વસ્તુઓ વપરાય છે. લોકો અલ્પશિક્ષિત છે, ગરીબ છે, પ્રામાણિક છે, નિખાલસ છે, છળકપટથી વેગળા છે, કામઢા છે અને અતિ નમ્ર અને વિવેકી છે. શારીરિક લંબાઈમાં નીચી અહીંની પ્રજા મહેમાન નવાજીમાં ખૂબ ઊંચી છે. વહેલી સવારે જોવાલાયક સ્થળોએ પ્રવાસીઓને આત્મવિશ્વાસ અને હિંમતપૂર્વક કૉફી કે ચા વેચતી, સરસ રીતે તૈયાર થયેલી, નખશીખ ખૂબસુરત સ્ત્રીઓને જોઈને આપણને ખરેખર માન ઊપજે કે કોઈ કામ કરવામાં આ લોકોને નાનમ નથી. નાના બાળકોને ખભા પર બાંધીને, રસ્તા બનાવવાના કામમાં જોતરાયેલી કે ચાના બગીચાઓમાં પાંદડા વીણતી સ્ત્રીઓ આ પ્રદેશનો જાણે 'ટ્રેડમાર્ક' લાગે.

અન્ય એક ઊડીને આંખે વળગે અને આપણને વિચલિત કરી નાખે એવી એક દયનીય પરિસ્થિતિ એ છે કે અહીં માલસામાનનું વહન વાહનોની જગ્યાએ માણસો કરે છે. મોટા મોટા કબાટો, ફ્રીજ, પતરાં, શાકભાજીના થેલાં પોતાની પીઠ પર લાદીને લઈ જતા સ્ત્રી-પુરુષોના દશ્યો અહીં રસ્તા પર અનેક જગ્યાએ જોવા મળે. મોટા શહેરોના રોડ પર પોતાનું અધિપત્ય જમાવતાં દ્વિચક્રી વાહનોનું અહીં નામોનિશાન જોવા ન મળે. પૂરપાટ દોડતી વિધવિધ કારો કે લક્ઝરી બસોનાં દર્શન ભાગ્યે જ ક્યાંક થવા પામે. સાઈકલો તો હોય જ ક્યાંથી ? પ્રવાસીઓ અને કામદારો માટે સંખ્યાબંધ જીપો દોડે. એ સિવાય અન્ય કોઈ વાહનનું ગજું જ નહિ કે આ પથરાળ પ્રદેશમાં હંકારી શકાય. જ્યાં જુઓ ત્યાં બધાં પગપાળાં જ જતાં જોવા મળે. સમયની કોઈ ફિકર કે ચિંતા રાખ્યા વગર લોકો નિર્ભયતાથી વિચરે. સમયની કોઈ પરવા કરતું હોય તો તે એક માત્ર સૂર્યનારાયણ. આ પ્રદેશમાં સૂરજદાદા વહેલા વહેલા ઊઠી જાય અને બપોર સુધીમાં તો થાકીને લોથપોથ થઈને ઘરભેગા થઈ જાય!! વરસાદને ય જ્યારે પણ વરસવાની ઈચ્છા થાય, ચોમાસાની રાહ જોવા ન રહે. એટલે પ્રવાસીઓએ અહીં છત્રી કે રેઈનકોટ ફરજિયાત રાખવા પડે.

પર્વતીય પ્રદેશ હોવાથી આખા આ પ્રદેશમાં કોઈ પણ પ્રકારની ખેતી થવા ન પામે. દાળમાં અડદની દાળનો જ વપરાશ થાય. શાકભાજીમાં કોબીજ અને ફ્લાવર પ્રધાન શાકભાજી ગણાય. દેશના મોટા શહેરોની જેમ અહીં પાણીની ક્યારેય અછત ન વર્તાય. પહાડો પરથી અવિરતપણે ફૂટતાં રહેતાં અસંખ્ય ધોધ એ જ અહીં વપરાશના પાણીનો મુખ્ય સ્ત્રોત. ધોધ સાથે સીધી જ

જોડાયેલી પાણીની એક લાઈન સમગ્ર શહેરની પાણીની જરૂરિયાત પૂરી કરે. કુદરતી રીતે જ મિનરલ આ પાણીનો સ્વાદ એકદમ મીઠો લાગે.

આ પ્રદેશની એક ખૂબ જ અગત્યની અને દેશના અન્ય શહેરોએ પણ અનુસરવા જેવી બાબત એટલે પ્લાસ્ટિકના ઉપયોગ પરનો સદંતર પ્રતિબંધ. અહીની સઘળી દુકાનોમાં આ પ્રકારનું વાંચવા મળે, પ્લાસ્ટિક પરના પ્રતિબંધને કારણે અહીંના રસ્તાઓ ચોખ્ખાંચણાક લાગે. બીજી એક ખાસ વાત મારા હૃદયને સ્પર્શી ગઈ તે અહીંની અલ્પશિક્ષિત પ્રજાની પર્યાવરણ અંગેની જાગરૂકતા. ક્યારેક બંને તરફ કાળમીંઢ પર્વતો તો ક્યારેક હારબંધ ઊંચા વૃક્ષો વચ્ચે વહી રહેલાં માર્ગો પર ઠેરઠેર મોટાં બેનર્સ પરનું ધ્યાનાકર્ષક લખાણ એટલે 'Please help us to keep our environment and our culture.' 'અમારી સંસ્કૃતિ તથા અમારા પર્યાવરણને જાળની રાખવામાં અમને મદદ કરો'. કહેવાતા વિકાસના પગલાં હજી અહીં પહોંચ્યા નથી. કદાચ એટલે જ આ સભ્ય સંસ્કૃતિ જળવાઈ રહી છે. અને તેની પ્રજામાં તેનું જતન કરવાની સંવેદનશીલતા બચવા પામી છે.

એવરેસ્ટ સુધી પહોંચવું એ થોડી દુષ્કર વાત છે કરાવવા બદલ ભગવાનનો મેં પાડ માન્યો. એવરેસ્ટ-કાંચનજંઘા-નંદાદેવી માટે એવું કહેવાય છે કે એવરેસ્ટ સ્વયંશિવ, નંદાદેવી પાર્વતી તથા કાંચનજંઘા ગણેશના સ્વરૂપો છે. અને એટલે જ પર્વતારોહકો હિમાલયના સઘળા શિખરોનું આરોહણ કરે છે, પણ માતા પ્રત્યે આદર દાખવીને ક્યારેય નંદાદેવી પર ડગ માંડતા નથી, કુદરતના આ સુંદર દૃશ્યોને અમે સૌએ કાયમ માટે હૃદયસ્થ કરી લીધાં.

વાદળોની આ સફરમાં, આટલે ઊંચે, આટલાં સુંદર સ્થળો, ફરીને મને લાગ્યું કે જિંદગી પણ એક પર્વત સમી છે અને તેના સૌથી ઊંચા શિખરે આપણે પહોંચવાનું છે. જો કે આ સફરની જેમ જિંદગીની સફર પણ એટલી જ કઠિન છે. પરંતુ મારે માટે જે બાબતો મહત્વની છે તે એ કે આ જિંદગીની સફરમાં મને શું પાઠ શીખવા મળ્યાં, કેવા પ્રકારના પડકારોનો સામનો કરવો પડયો અને કયા લોકોએ મારી આ સફરમાં મને સાથ આપ્યો. ❖❖❖

---

# કોસ્ટલ ટુરિઝમમાં દિલધડક ડાઈવ!

**હેતન મિસ્ત્રી**

**માલદીવ્સ-મોરેશિયસ ભૂલી જાઓ... પહોંચી જાઓ તારકરલી. મહારાષ્ટ્રનો આ દરિયાકાંઠો એના વણબોટ્યા સૌંદર્ય માટે પ્રખ્યાત છે.**

ધારો કે કોઈ તમને એમ કહે કે મોરેશિયસ મુંબઈથી આશરે ૬૫૦ કિલોમીટર જ દૂર છે તો ?

તમે તરત કહેશો : 'જાઓ જાઓ હવે, કંઈ હોતું હશે ?'

પણ પ્લીઝ, જવાબ આપતાં પહેલાં એક વાર તારકરલી બીચ જઈ આવવું અને હવે તો રમણીય દરિયાકાંઠા તથા એની આસપાસ જાતજાતનાં અટ્રેક્શન્સ શરૂ થઈ ગયાં છે. તારકરલી બીચનો વિસ્તાર એવો છે, જ્યાં એપ્રિલ-મે જેવા મહિનામાં પણ હવામાન આહ્‌લાદક હોય છે. આ એક અદ્‌ભુત દરિયાકાંઠો છે. તારકલી બીચ એના નિર્મળ નીલાં જળ માટે પ્રખ્યાત છે.

નવા આકર્ષણોની વાત કરીએ તો પહેલા આવે કોંકણ ડાઈવિંગ ડ્રીમ્સ.



મહારાષ્ટ્રનું આ પહેલવહેલું અન્ડરવૉટર ઍડ્વેન્ચર સ્પોર્ટ અટ્રેક્શન છે. દરિયાના પેટાળની અજાયબી નિહાળવાની તક આપતું આ આકર્ષણ સિંધુદુર્ગ જિલ્લામાં આવેલા પ્રખ્યાત તારકરલી બીચ પર શરૂ થયું છે.

કોકણ ડાઈવિંગ ડ્રીમ્સને મળેલી અભૂતપૂર્વ સફળતા બાદ મહારાષ્ટ્ર ટુરિઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એમટીડીસી) હવે આ જ સ્પૉટ પર ફૂલ-ફ્લેજડ સ્કૂબા ડાઈવિંગ ટ્રેનિંગ સેન્ટર શરૂ કરી રહ્યું છે.

સિંધુદૂર્ગ અને એની આસપાસના વિસ્તારમાં કોસ્ટર ડેવલપમેન્ટ પૂરજોશમાં ચાલી રહ્યું છે. તાજેતરમાં જ એમટીડીસીએ બે લક્ઝુરિયસ સગવડો, નિવાસવાળી હાઉસબોટ્સ વહેતી મૂકી છે. કેરળનાં બેકવૉટર્સની સફર જેવી જ આ એક આહ્‌લાદક સફર છે. હાઉસબોટમાં લક્ઝુરિયસ નિવાસ છે.

આ સિવાય એમટીડીસીએ એક બોટહાઉસ પણ બાંધ્યું છે. જેમાં ચાર લક્ઝરી સ્વીટ છે. આમ, દરિયાની મજા હાઉસબોટમાં રહીને પણ લૂંટી શકાય અને જમીન પર (બોટહાઉસમાં રહીને) પણ લૂંટી શકાય એવો બંદોબસ્ત કરવામાં આવ્યો છે.

વળી, તારકરલી માત્ર ૫૦ કિ.મી.નું ડ્રાઈવ કરો તો પહોંચી જવાય આંબોલી. આંબોલી સરસ મજાનું હિલસ્ટેશન છે.

❖❖❖



# લક્ષ્મીદેવીનાં વિવિધ સ્વરૂપ

શ્રેણિક દલાલ

વર્ષોથી ચાલી આવતી પ્રણાલિકા મુજબ હજી પણ દિવાળીના પર્વમાં ધનતેરસના દિવસે લક્ષ્મીજીને રીઝવવા લોકો લક્ષ્મી પૂજન કરે છે.

લક્ષ્મીદેવી ચાર સ્વરૂપે ઘરમાં પધારે છે. જે સ્વરૂપે લક્ષ્મીદેવીનું આગમન થાય છે તેવી જ રીતે માનવી તેનો વપરાશ કરતો હોય છે. લક્ષ્મીદેવી જ્યારે માતા સ્વરૂપે ઘરમાં પ્રવેશે છે ત્યારે તે ઘરનાં વડીલ કે પરિવારનાં સભ્યો માતાને જેમ પૂજે છે તેમ લક્ષ્મીદેવીની પણ પૂજા કરતા રહે છે. તેઓ લક્ષ્મીનો સંગ્રહ કરીને અંદર અંદર આનંદ પામતા હોય છે પરંતુ તેઓ કદી ભોગવી શકતા નથી તેઓ સ્વભાવથી કંજૂસ બને છે અને તેઓના હાથમાંથી પૈસો છૂટતો નથી. દરરોજ તિજોરીમાં મૂકેલું ધન જોઈને કે બેંક બેલેન્સ જોઈને તેઓ ખુશાલીમાં રાચતા હોય છે. મરતા સુધી તેઓ લક્ષ્મીની પૂજા જ કરતા રહે છે અને પોતાના જ પૈસા પોતે ભોગવી શકતા નથી.

બચત કરવી એ કંજૂસાઈ ન કહેવાય, દરેક માનવીએ કરકસર તો કરવી જ જોઈએ, પરંતુ અતિશય કરકસર કરવાથી કંજૂસાઈમાં ગણતરી થાય છે. જ્યારે અમીર વ્યક્તિ કંજૂસાઈ કરે ત્યારે તેની દયા ઊપજે છે ઘણી વ્યક્તિયો ત્યારે તેની પૈસા વાપરી શકતો નથી. પોતે તો ભોગવી શકતો નથી તથા સત્કર્મમાં પણ પૈસા વાપરી શકતો નથી.

લક્ષ્મીદેવી જ્યારે બહેન સ્વરૂપે ઘરમાં પ્રવેશે છે ત્યારે તેઓ જેમ બેનની રક્ષા કરે તેવી જ રીતે લક્ષ્મીદેવીનું રક્ષણ કરતા રહે છે. લક્ષ્મીને કોઈ બીજી વ્યક્તિ છીનવી ન જાય તથા પોતાની લક્ષ્મી બીજો કોઈ ભોગવે નહિ તેનું ખાસ ધ્યાન રાખે છે. લોકો પોતાના પૈસા સારી જગ્યાએ રોકાણ કરીને મૂકી રાખે છે. પોતે ભોગવી શકતો નથી તથા બીજા કોઈને ભોગવવા દેતો નથી.

લક્ષ્મીદેવી જ્યારે પુત્રી સ્વરૂપે ઘરમાં પ્રવેશે છે ત્યારે તે વ્યક્તિ તથા તે ઘરનાં પરિવારજન પોતાનાં આનંદ માટે પૈસા આડેધડ વાપરતા જાય છે. જેમ પત્નીને ખુશ રાખવા પોતે પોતાનું સર્વસ્વ આપવા તૈયાર થાય છે તેવી જ રીતે એશઆરામ, ભોગવિલાસમાં અને પોતાનાં આનંદ માટે પૈસા વાપરવામાં પાછળ જોતો પણ નથી. આવી વ્યક્તિઓ બચત કરી શકતા નથી, પરંતુ ઉડાઉ હોવાથી ભવિષ્યમાં પસ્તાવાનો વારો આવે છે.

લક્ષ્મી સાત્વિક, રાજસી કે તામસી હોય છે. સારા માર્ગમાં પૈસા વાપરવામાં સાત્વિક પૈસો મોટો ભાગ ભજવે છે પણ રાજાશાહી, ઠાઠમાઠમાં, પોતાની કિર્તી વધારવા વપરાતા પૈસા ને રાજસી લક્ષ્મી કહેવાય છે, પરંતુ તામસી લક્ષ્મીથી પોતાનાં શોખ માટે આડા અવળા માર્ગે કે ખોટા માર્ગે વપરાતા જાય છે અને છેવટે તેઓ પસ્તાતા રહે છે. કોઈને રડાવીને કે કોઈની સાથે ઝગડીને તથા અનિતીથી મેળવેલી લક્ષ્મી ટકતી નથી. પરંતુ પોતાને પાયમાલ કરીને હાથમાંથી સરકી જાય છે.

પહેલાનાં જમાનામાં લોકો ડહાપણનું કામ કરી પોતાની માલ મિલ્કત ચાર સરખે ભાગે વહેંચીને વાપરતાં. તે વખતમાં વડીલ પોતાના ભવિષ્ય તથા પોતાની ભવિષ્યની પેઢીનો ખ્યાલ રાખીને અગમચેતી વાપરીને પૈસાનો સંચય કરતાં જેથી ભવિષ્યમાં આર્થિક સમસ્યામાં પોતાનો પૈસા કામ લાગે. ધનનો એક ભાગ પોતાના ઘરમાં કે તુલસી ક્યારા નીચે દાટી દેતા જેથી ગમે તેવી તકલીફમાં તે પૈસો તરત કામ લાગે તથા ચોર, ડાકુઓ તથા લૂંટારાઓથી પણ ધન બચી જાય. ધનનો બીજો ભાગ જમીનમાં રોકાણ કરી રાખતાં. ધનનો ત્રીજો ભાગ વ્યવસાયમાં વાપરતા જેથી ધનની વૃદ્ધિ થવાની શક્યતા રહે તથા પોતાનું ગુજરાન ચલાવવામાં કામ લાગે અને બાકી રહેતા ચોથો ભાગ દર-દાગીના તથા ઝવેરાતમાં રોકાણ કરી રાખતા જે પ્રસંગે પહેરવામાં કામ લાગે તથા આર્થિક ભીંસમાં આ દાગીનો વેચીને કામમાં આવે.

આજકાલ જમાનો બદલાતા લોકો બચત કરવાનું તો ભૂલતા જાય છે અને પોતાનો તો પૈસો વાપરી નાખે છે, પરંતુ બેંકોમાંથી લોન લઈને તથા ક્રેડીટકાર્ડનો ઉપયોગ કરીને પૈસા વાપરતા અમુક દિવસે હપ્તો ભરતા ભરતા તેમની કમર તૂટી જાય છે તથા હપ્તા ભરવાનાં ફાંફાં થતા બીજી લોન લેતા જાય છે. આ જમાનો દેખાદેખીનો થઈ ગયો છે પેલાએ ગાડી લીધી, બીજાએ ફ્રીજ લીધું ત્રીજાએ ફ્લેટ લીધો તો ચોથાએ આલીશાન રાચરસીલું ફર્નિચર વસાવ્યું તો પોતે કેમ રહી જાય તેથી બેંકમાંથી લોન લઈને તે ક્રેડિટકાર્ડ વાપરીને પોતાનો 'અહમ્' પોષે છે.

લોકોએ દેખાદેખી ભૂલીને પોતાનો પગ પથારીની બહાર કાઢવો ન જોઈએ અને બચત કરવી જોઈએ તથા પોતાના બાળકોને બચત કરવાની સમજ આપવી જોઈએ. માંદગી ગમે ત્યારે આવી પડે છે તથા હોસ્પિટલ તથા ડૉક્ટરનો ખર્ચો માનવીને પાયમાલ કરી નાખે છે. બચત કરી હશે તો તે બચાવેલો પૈસો કામ લાગશે. અચાનક આવી પડેલો ખર્ચાને પહોંચી વળવા અથવા તહેવાર તથા પ્રસંગ ઉજવવામાં બચત જ કામમાં આવે છે.

❖❖❖

## સાભાર સ્વીકાર

| | |
|---|---|
| અ.સૌ. જાનકી શૈલેષભાઈ મણીયારના વરસીતપ તપશ્ચર્યા નિમિત્તે રંજનબેન ભાઈલાલભાઈ મણીયાર તરફથી સપ્રેમ ભેટ | |
| શ્રી કનુભાઈ ગંભીરચંદ ઉમેદચંદ શાહ ઈન્ટરનેશનલ એજ્યુકેશન ફંડ | રૂા. ૧,૧૧,૧૧૧/- |
| સ્વ. કલ્યાણજી ઠાકરશી તલસાણીયાની ૫૦મી પુણ્યતિથિ નિમિત્તે તેમના સુપુત્રો ચિ. મહેન્દ્રભાઈ, ચિ. મધુભાઈ તથા ચિ. વિપુલભાઈ તરફથી ભેટ | |
| શ્રી સી.યુ. શાહ ઉચ્ચ શિક્ષણ ફંડ | રૂા. ૨૫,૦૦૦/- |
| શ્રી રાહત ફંડ | રૂા. ૧૫,૦૦૦/- |
| શ્રી મેડિક્લેમ યોજના ફંડ પ્રિમિયમ | રૂા. ૧૦,૦૦૦/- |
| **કુલ રૂા.** | **૫૦,૦૦૦/-** |

ધ્રાંગધ્રા નિવાસી (હાલ - પાર્લા) શ્રીમતી વિણા હર્ષદકુમાર શાહ તરફથી શ્રી પાણી પરબ ફંડ રૂા. ૫૦૦૦/-

રૂષભ મહિલા મંડળ તરફથી શ્રી પાણી પરબ ફંડ રૂા. ૩૦૦૦/-

## વેવિશાળ

| | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **કરન — દિવ્યા** | | |
| શ્રીમતી રાજુલબેન અમીતભાઈ અજમેરાના સુપુત્ર રંગપુર નિવાસી (હાલ-બોરીવલી) | | |
| શ્રીમતી મમતાબેન મનીષભાઈ શાહની સુપુત્રી કોંઢ (સુરેન્દ્રનગર) નિવાસી (હાલ - ઘાટકોપર) | ૨૫૦૦ | ૨૫૦૦ |
| **ધર્મીલ — મૈત્રી** | | |
| શ્રી પરેશભાઈ નાનુભાઈ સંઘવીના સુપુત્ર ધાંગધ્રા નિવાસી (હાલ - ઘાટકોપર) | | |
| શ્રી સંદીપભાઈ ચંદ્રકાંતભાઈ શાહ (ડેલીવાળા)ની સુપુત્રી લીંબડી નિવાસી (હાલ - અંધેરી) | ૧૦૦૧ | ૧૦૦૧ |
| **કેનિલ — જાગૃતિ** | | |
| શ્રી હિતેશભાઈ હિંમતલાલ વસાણીના સુપુત્ર ખસ નિવાસી (હાલ મલાડ) | | |
| શ્રી કેશવભાઈ અંતપ્પા બજનની સુપુત્રી કર્ણાટક નિવાસી (હાલ - સાંતાક્રુઝ) | ૫૦૧ | ૫૦૧ |
| **નીકેશ (પીન્ટુ) — ઈતીક્ષા** | | |
| શ્રી રજનીકાંતભાઈ જયંતિલાલ શાહના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ - બોરીવલી) | | |
| શ્રી હિમાંશુભાઈ ભુપતરાય ગાંધીની સુપુત્રી મહુવા નિવાસી (હાલ - કાંદિવલી) | ૫૦૧ | ૫૦૧ |
| **કેનિલ — રૂચિતા** | | |
| શ્રી રાજેશભાઈ પોપટલાલ પાસડના સુપુત્ર કચ્છ (ભોજાય) નિવાસી (હાલ - વિક્રોલી) | | |
| સ્વ. શ્રી અમીતભાઈ ધરમચંદભાઈ ગોસલીયાની સુપુત્રી સુરેન્દ્રનગર નિવાસી (હાલ - ડોમ્બીવલી) | ૫૦૧ | ૫૦૧ |
| **દેવલ — રિધ્ધી** | | |
| શ્રી વિપુલભાઈ રજનીકાંતભાઈ શાહના સુપુત્ર લીંબડી નિવાસી (હાલ - મુલુંડ) | | |
| શ્રી જીતેન્દ્રભાઈ મુરજી છેડાની સુપુત્રી રવ નિવાસી (હાલ - મુલુંડ) | ૫૦૧ | ૫૦૧ |
| **કેવિન — ધીરાલી** | | |
| શ્રીમતી અ.સૌ. સેજલબેન તથા નિમિશભાઈ શશીકાંતભાઈ મહેતા ના સુપુત્ર સાવરકુંડલા નિવાસી (હાલ - ઘાટકોપર) | | |
| શ્રીમતી અ.સૌ. અલ્પાબેન તથા પંકજભાઈ દિનકરરાય શાહની સુપુત્રી વઢવાણ નિવાસી (હાલ - મુંબઈ) | ૫૦૦ | ૫૦૦ |
| **મનન — વૃશાલી** | | |
| શ્રી સ્વ. ચંદ્રેશભાઈ પ્રાણલાલ વોરાના સુપુત્ર બોટાદ નિવાસી (હાલ - થાણા) | | |
| શ્રી રામરાવભાઈ હરીભાઈ પાટીલની સુપુત્રી કોલ્હાપુર નિવાસી (હાલ - ડોમ્બીવલી) | ૪૦૧ | ૪૦૧ |
| **મંથન — ખ્યાતી** | | |
| શ્રી રાજેન્દ્રભાઈ અનોપચંદભાઈ શેઠના સુપુત્ર સુરેન્દ્રનગર (ભદ્રેશી) નિવાસી (હાલ - મીરારોડ) | | |
| સ્વ. શ્રી ભરતકુમાર ચંદ્રકાન્તભાઈ શાહની સુપુત્રી થાણદેવડી-અમરનગર નિવાસી (હાલ-ડોમ્બીવલી) | ૨૦૧ | ૧૫૧ |

મોહ અને માયાના આવરણ તું છોડી દે,
અહમ્‌ના ઉન્માદને તું છોડી દે,
આવવા દે અજવાળાને તારા પડખા સુધી,
ઓઢીને અંધારાને સુવાનું છોડી દે.

❋❋❋

હું કોઈને સમજાવી શકું એ મારી સમજણ છે.
હું કોઈને રાજી કરી શકું એ મારૂં નસીબ છે.
હું કોઈનું ભલું કરી શું એ મારા જીવનની સાર્થકતા છે.

❋❋❋

દિલાસાની જરૂર છે પ્રત્યેક ઠોકરમાં,
પ્રભુ ! થોડી વાચા મૂકી દે સર્વ પથ્થરમાં !

# કોઈનો પ્રેમ તમારી રાહ જુએ છે ?

વર્ષા અડાલજા



કદાચ કાલ્પનિક વાર્તા જેવી લાગે, પણ આ સાવ સાચી બનેલી ઘટના છે. હમણાં કંઈક આ જ પ્રકારનો કિસ્સો ક્યાંય વાંચ્યો, ત્યારે પેલી જૂની ઘટના તાજી થઈ આવી. અહીં લખતી વખતે લોકોનાં નામ બદલ્યાં છે એનું કારણ માત્ર એમની ચર્ચા અને પ્રસિદ્ધિ ટાળવાનું છે. વાત કહેનારી સ્ત્રીના શબ્દમાં કહીએ તો આ બહુ પર્સનલ બાબત છે.

અત્યારે લગભગ ત્રીસ વર્ષની થઈ ગયેલી આ યુવતીને આપણે અહીં દેવલ તરીકે ઓળખશું.

માતા, પિતા અને પુત્રી, માત્ર ત્રણ જણનો નાનો અને સુખી પરિવાર હતો. પપ્પા બિઝનેસ કરે. મમ્મી લગ્ન પહેલાં અને એ પછી પણ થોડાં વર્ષ એક સ્કૂલમાં ટીચર તરીકે કામ કરતી હતી. દીકરીના જન્મ પછી એણે સ્કૂલનો ફૂલટાઈમ જોબ છોડી દીધો, પણ દીકરી ત્રણ મહિનાની થઈ પછી એણે ગરની અંદર જ ઈંગ્લીશ અને હિન્દી ભાષાનાં ટ્યુશન આપવાનું શરૂ કર્યું.

દેવલ નવ વર્ષની થઈ ત્યાં સુધી પ્લાનિંગ અનુસાર કે પછી કુદરતી કારણોસર ઘરમાં બીજું બાળક આવ્યું નહીં. પછી અચાનક એક દિવસ ગુડ ન્યૂઝ મળ્યા કે નાનો ભાઈ કે બહેન આવવાનાં છે. દેવલ ખુશખુશાલ હતી. ગર્ભાવસ્થાના આઠમાં મહિને કોઈ બીમારીનો ભોગ બનેલી મમ્મીને હૉસ્પિટલમાં એડમિટ કરી ત્યારે પણ દેવલના નાનકડા દિમાગમાં કોઈ ટેન્શન નહોતું. ''યુ બી અ ગુડ ગર્લ. હું બે-ત્રણ દિવસમાં પાછી આવી જઈશ.'' મમ્મીએ કહ્યું એ દેવલે માની લીધું, ઘરમાં પપ્પા તો હતા જ અને એ ઉપરાંત રસોઈ કરવા અને દેવલનું ધ્યાન રાખવા માટે આખો દિવસ એક મોટી ઉંમરનાં બહેન રહેતાં, બધાં એને માસી કહેતાં.

બે-ત્રણ દિવસમાં આવવાનું કહીને ગયેલી મમ્મી બાર દિવસ સુધી પાછી ફરી નહીં. તેરમે દિવસે એના મોતના સમાચાર આવ્યા.

એ પછી બે વર્ષ એમ ને એમ વીતી ગયાં. નાદાન દેવલે કદાચ એવું પણ માની લીધું હશે કે ફેમિલી એટલે માત્ર એ અને પપ્પા. પોતાની રીતે એ હવે વધુ 'ગુડ ગર્લ' બનવાનો પ્રયાસ કરતી હતી.

''પછી અચાનક એક દિવસ પપ્પા, જુલિયાઆન્ટીને ઘેર લઈ આવ્યાં. હું એમનાથી પરિચિત હતી. એ પપ્પાની ઑફિસમાં કામ કરતાં હતાં. હું ત્યાં જાઉ ત્યારે મને ચૉકલેટ કે બિસ્કીટ આપતાં. એની હસવાની સ્ટાઈલ મને બહુ ગમતી. ''તમે કેમ મારા ઘેર નથી આવતાં ?'' હું એને પૂછતી.

''એ દિવસે ખબર પડી કે પપ્પાએ એને કાયમ માટે ઘરમાં લઈ આવવાનું નક્કી કરેલું. જોકે સેકન્ડ મેરેજ માટે એમણે મારી મંજૂરી માગી એટલું કહેવું પડે. 'ચકલી, તને જુલિયાઆન્ટી સાથે ઘરમાં રહેવું ગમશે ને ?' પપ્પાએ પૂછ્યું. જોકે હા પાડવા સિવાય હું બીજું શું કરવાની હતી ?''

દેવલના પપ્પા સાથે સિવિલ મૅરેજ કરીને જુલિયા એમની પત્ની બની ગઈ, પણ મમ્મી બનવાનું મુશ્કેલ હતું.

પપ્પાના પુર્નલગ્ન માટે દેવલે ઉપરથી હા પાડી, પણ અંદરથી એ ખાસ ખુશ નહોતી. સ્વાભાવિક રીતે જ કોઈ અગિયાર વર્ષના છોકરા કે છોકરીને પોતાની મમ્મીની જગ્યાએ બીજી સ્ત્રી જોવાનું ન ગમે. વળી આસપાસના લોકોએ જાણે-અજાણે મનમાં ભરાવી દીધેલું કે સાવકી મા કેટલી ખરાબ હોય. બધી રીતે સારાં. સમજુ રમામાસી એકવાર પડોસી સાથે વાત કરતાં કરતાં બોલી ગયાં, 'સાવકી મા અને એય પછી ક્રિશ્ચન. કોણ જાણે છોકરીને કેમ રાખશે !' દેવલ આ સાંભળી ગયેલી.

જુલિયા ઘરમાં આવી ત્યારે માત્ર અઠ્ઠાવીસ વર્ષની હતી. દેવલે એને આન્ટી તરીકે બોલાવવાનું ચાલુ રાખ્યું તો એણે કોઈ વિરોધ ન કર્યો. દેવલ સાથે એનું વર્તન નોર્મલ હતું. વધુ પડતા ઓળઘોળ થઈ જવાનું, લાડકોડ કરવાનું જુલિયાના સ્વભાવમાં જ નહોતું. દેવલને મન જોકે આ માઈનસ

પૉઈન્ટ હતો. એણે ધારી લીધેલું કે બહુ જલદી એક યા બીજા દિવસે સાવકી મા એનું ખરાબ રૂપ બતાવશે જ. જુલિયાના રોજબરોજના વર્તનમાં એ ક્યાય ને ક્યાંક ખોડખાંપણ જોયા કરતી. ''મમ્મી હોત તો આવું ન કરત'' એ વાત તો વારંવાર એના દિમાગમાં આવી જતી.

અને એક દિવસ પપ્પાએ હસતા મોઢે દેવલને ખબર આપ્યા, ''તું મોટી બહેન બનવાની છે.'' દેવલે સામે બેઠેલી જુલિયા તરફ જોયું. માય ગૉડ, પહેલા સાવકી મા અને હવે સાવકાં ભાઈ-બહેન! મને તો પછી કોઈ પૂછશે જ નહીં.

પણ પપ્પાએ પછી જે કહ્યું એનાથી દેવલ વધુ ચમકી. નવાં લગ્ન બાદ પહેલીવાર એમણે દીકરીને કહ્યું, ''બેટા, હવે તારે જુલિયાઆન્ટીને મમ્મી કહેવું જોઈએ, એવું નથી લાગતું?'' અને પછી જુલિયા તરફ જોઈને કહ્યું, ''બરાબરને?'' દેવલે નવી મા તરફ જોયું. એક તરફ આ નવી સ્ત્રીને મમ્મી કહેવાનો વિચાર અણગમતો હતો, પણ મનના એક ખૂણે ઈચ્છા થતી હતી કે જુલિયા આ વાતનો આગ્રહ રાખે, કમસે કમ એનાથી એટલી રાહત તો થાય કે એ દેવલને પોતાના બાળકથી જુદી નહીં ગણે. દેવલ નીચું જોઈ ગઈ. થોડીવાર કોઈ કંઈ બોલ્યું નહીં. છેવટે જુલિયાએ મૌન તોડ્યું, ''દેવલ, ઈટ્સ ઑલરાઈટ, મને મમ્મી કહેવા માટે કોઈ જબરદસ્તી નથી. તું તારે મને આન્ટી કહેવાનું ચાલુ રાખજે.''

એ ઘડીએ દેવલને ખાતરી થઈ ગઈ કે, જુલિયા એને દીકરી નહોતી માનતી. મનમાં ઊભરાઈ આવેલી નિરાશા અને ચીડને એણે બહાર ન આવવા દીધાં, પણ અંદર ને અંદર ઘૂંટાવા દીધાં.

દિવસો વીતતા ગયા. જુલિયાએ દીકરાને જન્મ આપ્યો. દેવલે એનાથી દૂર રહેવાનું નક્કી કર્યા પછી પણ ખુદને રોકી ન શકી. પરાણે વહાલા લાગે એવા નાના ભાઈની દીદી બનવાનું એણે હોશભેર સ્વીકારી લીધું. દેવાંશને પણ એની પાસે રહેવાનું વધુ ગમતું. દેવલનાં લગ્ન થયાં ત્યારે એને જતી જોઈને સહુથી વદ્ધુ દેવાંશ રડયો.

અલબત્ત, ભાઈબહેને વધુ રડવાનો પ્રસંગ તો એના પછી બીજે વર્ષે આવ્યો. દેવલના પપ્પાનું ઓચિંતા હાર્ટએટેકથી અવસાન થયું.

દેવલ એને પિયર ગઈ. એને વધુ રડવું એ વાતનું આવતું હતું કે હવે આ ઘર સાથેનો સંબંધ કાયમ માટે પૂરો થઈ જવાનો હતો. પહેલાં મમ્મી જતી રહી, હવે પપ્પા અને ઘરમાં જે સ્ત્રી હતી એનો તો દેવલ સાથે લાગણીનો કોઈ સંબંધ જ નહોતો. એ તો નાનકડા દેવાંશને પણ હવે દેવલથી દૂર કરી દેશે. દેવલે મજબૂત થઈ જવાનું નક્કી કરી લીધું.

ત્રીજે દિવસે દેવલ કિચનમાં ટેબલ પર બેઠાંબેઠાં દેવાંશને જમાડી રહી હતી. ત્યાં જુલિયા આવી. બાજુમાં બેસીને એણે દેવલને હાથ પોતાના હાથમાં લીધો અને દેવલથી રહેવાયું નહીં. એ ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

જુલીયાએ થોડીવાર એને રડવા દીધી. બેઠીબેઠી માત્ર એના માથા અને ખભા પર હાથ પસરાવતી રહી. છેવટે દેવલ થોડી શાંત પડી ત્યારે એને પાણી આપીને જુલિયાએ વાત શરૂ કરી, ''દેવલ, આ ઘર ગઈકાલે તારું હતું એટલું જ આજે પણ છે અને હંમેશ માટે રહેશે. પપ્પા હવે નથી, પણ દેવાંશ તારો ભાઈ છે અને હું તારી મમ્મી!''

દેવલે થોડા આશ્ચર્યથી જુલિયા સામે જોયું. જુલિયાએ સહેજ માથું ધૂણાવ્યું. ''યાદ છે, એકવાર પપ્પાએ તને કહેલું કે જુલિયાઆન્ટીને મમ્મી કહીને બોલાવજે?''

દેવલ માત્ર હોંકારો આપી શકી. ''તેં ત્યારે હા નહોતી પાડી. મને ખબર છે કે હું તને બહુ નહોતી ગમતી અને એમાં તારો વાંક નહોતો, તારી જગ્યાએ હું હોત તો મને પણ સાવકી મા બનીને આવેલી સ્ત્રીથી ડર લાગત. મેં મારી રીતે તારી મા બનવાના પ્રયત્ન કર્યા, પણ લાગે છે કે એ પૂરતા નહોતા.''

''ના....ના....'' દેવલ ગણગણી.

જુલિયા દેવાંશ સામે જોઈ રહી. ''જે હોય તે, પણ હું એટલું સમજતી હતી કે સગી માતાની જગ્યા બીજી કોઈ સ્ત્રી ન લઈ શકે. એટલે જ તારા પપ્પાએ મને જુલિયાઆન્ટીમાંથી મમ્મી બનાવવાની ટ્રાય કરી, ત્યારે મારી પણ એવી ઈચ્છા હોવા છતાં મેં તારા પર જબરદસ્તી ન કરી. પરાણે મમ્મીનું સંબોધન કરાવવાથી શું ફાયદો? પણ આજે એટલું કહેવું છે કે, તું મારી દીકરી જ છે.''

દેવલ કહે છે, ''પપ્પાના ડેડબોડીને જોઈને નહોતી રડી, એનાથી વધુ હું આ શબ્દો સાંભળીને રડી. આટલાં વર્ષ હું કેવું ધારતી રહેલી? અને એ પણ કેવી ગેરસમજમાં રહી ગઈ હતી! મારે એને મમ્મી કહેવું હતું, એણે મારા મોઢેથી મમ્મી સાંભળવું હતું, પણ...''

દસ વર્ષ પછી બંને સ્ત્રીની ઈચ્છા પૂરી થઈ. પપ્પાના અવસાનના ત્રીજા દિવસની સાંજે દેવલે એની જુલિયાઆન્ટીને પહેલીવાર મમ્મી કહીને બોલાવી અને હજી આગળની વાત સાંભળવી છે?

આડત્રીસ વર્ષની નાની વયે વિધવા થયેલી જુલિયાએ બીજે વર્ષે એની જ ઉંમરના એક વિધુર સાથે લગ્ન કર્યા એને હવે દેવલ પપ્પા કહીને બોલાવે છે. ''ફરી એકવાર અમે કમ્પ્લિટ ફેમિલી બની ગયાં છીએ.'' દેવલ કહે છે. એમની દરેક દિવાળી હવે ખરા અર્થમાં હેપી દિવાલી છે.

❖❖❖

# મોટાઈનું મૂલ્ય શેમાં છે ?

અરવિંદભાઈ શાસ્ત્રી

એક સમયની આ વાત છે. વારાણસીના રાજવી પોતાના રથમાં બેસી કયાંક જઈ રહ્યા હતા. તેમનો રથ એક સાંકડા માર્ગ પર આવી પહોંચ્યો.

બરાબર આજ સમયે સામેથી એક બીજો રથ પણ આવ્યો. એ રથ હતો કૌશલ નરેશનો. બન્ને રથ બરાબર સામસામા આવીને ઊભા રહ્યા.

વારાણસીના રાજવીના સારથીએ કહ્યું : તમારા રથને જરા બાજુએ ખસેડીને અમારા રથને જવા દો.'

કૌશલ નરેશના સારથીએ કહ્યું : 'ભાઈ, રસ્તો સાંકડો છે. રથ બાજુએ લઈ શકાય તેમ પણ નથી. તમે તમારા રથને પાછળ વાળો અને અમારા રથને જવા દો.'

'હું મારા રથને પાછળ લઈ જાઉં...' આ શું બોલ્યા ? જાણો છો મારા રથમાં કોણ બેઠું છે ? મહાન કાશીનરેશ પોતે એમાં બેઠા છે. રથ કેવી રીતે પાછળ જઈ શકે ? – એ તો આગળ જવાનો...'

'તારા રથમાં કાશીનરેશ બેઠા છે, તો મારા રથમાં કૌશલનરેશ બિરાજેલા છે. શું એમનો આ રથ હું પાછળ લઈ તારે માટે માર્ગ મોકળો કરું ?'

'ભાઈ, આપણા બન્નેમાંથી કોઈએ તો પાછળ જવું પડશે ને.'

'હું પણ એ સમજું છું.'

'તો કરવું શું ?' બેઉ સારથીઓ એકી સાથે બોલી ઊઠ્યા.

'જે મોટું હોય તેને નાનો માર્ગ આપે. કહે, તારા રાજવીની વય શું છે ?'

'પંચાવન વરસની.'

'મારા રાજવીની વય પણ બરાબર ૫૫ વર્ષની છે.'

'બેઉ રાજવીઓ સરખી વયના નીકળ્યા. તો કહે – તારા રાજાને તાબે કેટલાં ગામ છે ?'

'૧૩૮૦... ગામોનો એ ધણી છે. તારા રાજવી ?'

'૧૩૮૦ ગામોનો એ પણ ધણી છે...'

'બેઉ સરખા ! ઠીક, કહે તારી સેના કેટલી છે ?'

'અમુક સંખ્યાની, તારા રાજાની સેના ?'

'અમુક સંખ્યાની.'



પાછા બે રાજવીઓ આમાંય સરખા ઉતર્યા.

'તારા રાજા પાસે કેટલા અશ્વ અને કેટલાં પશુઓ છે ? વારાણસી નરેશના સારથીએ પૂછ્યુ.

'આટલા.' કૌશલ દેશના રાજાના સારથીએ કહ્યું.

'અજાયબ જેવું ? બન્ને પાસે સરખી સેના-સરખાં જ અશ્વો-પશુઓ છે.'

હવે બન્ને સારથીઓ બોલ્યા.

'કોનો રાજા વધુ શીલવાન છે ? ચરિત્રવાન છે ? જેનો રાજવી એમાં ઉત્તમ ઠરે તેને માટે બીજા રાજાને સારથી પાછળ ખસીને માર્ગ કરી આપે.'

'કબૂલ છે. કહે તારા રાજવીનું શીલ, તેનું ચારિત્ર્ય કેવું છે ?' વારાણસી નરેશના સારથીએ પૂછ્યું.

'મારો રાજા કઠોરની સાથે કઠોર બનીને વર્તે છે. કોમલની સાથે તે કોમલ બની જાય છે. ભલાની સાથે તેનો વ્યવહાર ભલો રહે છે. બુરાની સાથે તે બુરી રીતે વર્તે છે. 'જેવાની સાથે તેવા થવાનું' તેને ગમે છે, માટે હે સારથી ! મારા રાજાને માટે તું માર્ગ ખુલ્લો કર.' કૌશલના સારથીએ કહ્યું.

'આ તે કંઈ ગુણ કહેવાય ? આ તો વેરની સામે વેર-ભલાની સાથે ભલા - દુષ્ટની સાથે દુષ્ટ એવો જ વર્તાવ થયો. પાપની સામે પાપ-કેમ ખરુને ?' વારાણસી નરેશનો સારથી બોલ્યો.

'હાં, કંઈક એવું જ... હવે તું કહે - તારા રાજવીનું શીલ-તેનો વર્તાવ કેવો છે ?'

'મારો રાજવી મોટાની સાથે પણ નાનો બની જાય છે. ક્રોધીની સામે એ નમ્ર બની તેને જીતી લે છે. બુરાની સાથે પણ તેનો વર્તાવ સારો સજ્જનતાભર્યો રહે છે.

કંજૂસને દાનથી તે જીતી લે છે. જૂઠાને સત્યથી અને હિંસકને તે અહિંસા વડે પરાજિત બનાવે છે. મારો રાજવી આવો શીલવાળો-ચારિત્ર્યવાન છે, માટે હે સારથી ! તું પાછળ ખસી જા, અને મારા રાજવીને માટે માર્ગ મોકળો કર.'

કૌશલ દેશના રાજવીએ આ સાંભળી પોતાના સારથીને કહ્યું : 'ભાઈ ! નીચે ઉતરી જા - હું પણ નીચે ઉતરી જાઉં છું. મારા કરતાં વારાણસી નરેશ જરૂર મોટા છે; કારણ તેમનો ગુણ નીચની સાથે પણ ભલાઈનો છે. વેરની સાથે ક્ષમાનો છે.; જ્યારે હું જેવાની સાથે તેવામાં વ્યવહારમાં માનનારો છું. હું જરૂર વારાણસી નરેશ કરતાં ઊતરતો છું.'

અને પછી તરત કૌશલનરેશ અને તેમનો સારથી નીચે ઉતરી ગયા. કૌશલના સારથીએ બળદોથી રથને છૂટો કરી નાખ્યો અને વારાણસી નરેશનો રથ માર્ગ મોકળો થતાં આગળ વધ્યો.

જેવાની સાથે તેવા થવામાં મોટાઈ નથી - બુદ્ધિચાતુર્ય પણ નથી - આટલું સમજી લેવાય તો પણ બસ છે.''''''''''

❖❖❖

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા–મુંબઈ

સંચાલિત

## શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય
## શ્રીમતી મંગળાબેન જશવંતલાલ શાહ જૈન ભુવન
## શ્રીમતી કમળાબેન ગંભીરચંદ શાહ – અતિથિ ભવન
## નાલાસોપારા

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા- સંચાલિત શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રયમાં શેષકાળ દરમ્યાન મે મહિનામાં યુગપ્રધાન આચાર્યસમ પંન્યાસ ચંદ્રશેખર વિજય મહારાજના શિષ્ય મુનિ શ્રી આત્મરક્ષિત વિજયજી મહારાજ તથા પંન્યાસ શ્રી અનંત સુંદર વિજયજી મહારાજ આદિ થાણા -૭ પધારેલ ત્યારે નાલાસોપારાના ભાવિકો એ વ્યાખ્યાન વાણીનો લાભ લીધેલ.

વરસ ૨૦૨૪નું ચાતુર્માસ લીંબડી અજરામર સંપ્રદાયના ગચ્છાધિપતિ પૂ. શ્રી ભાવચંદ્રજી મહારાજ સાહેબના આજ્ઞાનુવતી પૂ. રૂક્ષ્મણીબાઈ મ.સ.ના સુશિષયા પૂ. શ્રી યોગિનીબાઈ મહાસતીજી આદિ થાણા - ૪ નું પ્રાપ્ત થયેલ છે. ચાતુર્માસ મંગલ પ્રવેશ કાર્યક્રમ તા. ૧૫-૦૭-૨૦૨૪ સોમવારે સવારે રાખવામાં આવેલ છે.

રૂા. ૧૧,૧૧૧/- ઉપાશ્રયના મુખ્ય આધારસ્તંભ - રૂા. ૫,૫૫૫/- સહયોગી આધારસ્તંભ તથા ઉપાશ્રયના નિભાવ ફંડ ઉપરાંત આર્થિક રીતે જરૂરિયાતમંદ સાધર્મિક પરિવારોને સહાય આપવા ઈચ્છતા અને ચાતુર્માસમાં ધાર્મિકે અનુષ્ઠાન વગેરેમાં લાભ લેવા ઈચ્છતા દાતાશ્રીઓને નમ્ર અપિલ સાથે વિનંતિ કરવામાં આવે છે કે આપના ડોનેશન માટે નવી નિમાયેલી કમિટી અને માનદ્ મંત્રીઓનો સંપર્ક સાધી શકો છો.

**નોંધ:** શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા દ્વારા નિમાયેલી કમિટી એ નાલાસોપારા ખાતે સ્થાનીક સ્વયં સેવકની નીમણુંક કરેલ છે. જેમના નામ આ મુજબ છે.

શ્રી રાજુભાઈ શાહ અને શ્રી અનિલભાઈ જસવાણી તથા બકુબેન (ભારતીબેન) શાહ અને શ્રીમતી સુવર્ણાબેન ગાંધી

**દિપ્તિબેન શાહ - કન્વીનર - મો. ૯૩૨૩૬૩૧૦૪૭**

**નરેન્દ્રભાઈ ગાંધી - કન્વીનર - મો. ૯૮૨૦૦૭૬૪૬૦**

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા –મુંબઈ
## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM**

**Please Note : Office New Mobile No. 7208472884 • 7208481791 • 7208472744**

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે.

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.**

| | | | |
|---|---|---|---|
| લોનાવલા : મિલનભાઈ<br>9860125136<br>પંચગીની : નિરવભાઈ<br>9819012468 | સંસ્થાના મેનેજર<br>શ્રી પ્રદીપભાઈ તુરખિયા<br>સંપર્ક<br>9867748120 | પત્રિકા જાહેરખબર<br>દેવલાલી :<br>આશાબેન<br>9819956529 | સુરેન્દ્રનગર અતિથિ ભવન<br>સુરેન્દ્રનગર – કેતનભાઈ શાહ<br>9099350644 / 9426756100<br>મુંબઈ – મિલનભાઈ તુરખિયા<br>9860125136 / 7208472884 |

**સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**



# કણ અને ક્ષણની કદર કરો



**પુરાણી શ્રી હરિસ્વરૂપદાસ સ્વામી**

કણ એટલે અનાજનાં દાણા! અનાજનો બગાડ ન કરવો જોઈએ. ભોજન ઉપર બેઠા હોઈએ એટલે થાળીમાં અજીઠું ભોજન છોડવાનો મારો કે તમારો કોઈ અધિકાર નથી. તમે જાપાનમાં જુઓ આવી રીતે ભોજનનો કોઈ બગાડ કરે તો એમને ગમતું નથી. તમે અનાજને આમ ફેંકી કઈ રીતે શકો ? અને, આપણે ત્યાં કોણ જાણે... આ જમાનામાં એક વ્યાખ્યા થઈ ગઈ છે કે, જેટલો મોટો એટલું થાળીમાં વધારે ઢોરની જેમ એંઠું મૂકે. ભોજન પીરસાતું હોય ત્યારે બીજાની સાથે વાતો કરતો હોય, અહીં પીરસાતું હોય... અને ભાઈ તો વાતો જ કર્યા કરે. નાખવું હોય તો નાખો, ખવાશે એટલે ખાશું. બીજું જય સ્વામિનારાણ! ફેકી દેવાનું!

સોડા-લેમન-લીમ્કા પીશે તો એ બાટલીમાં એક ઘૂંટકો રાખી મૂકશે. ચા પીશે તો કપમાં એકાદ ઘૂંટ રાખે. આપણે પૂછીએ કે, ''કેમ, આટલું વધારો છો ?'' તો કહે, ''એ વધારવું જ પડે, નહિતર બીજા એમ કહે, આ તો લુખ્ખો-લપટ લાગે છે! ચૂંહી ગયો બધુંય.'' પણ મિત્રો, જમાના પ્રમાણે આ વ્યાખ્યા ખોટી છે. કોઈ પણ વસ્તુનો બગાડ ન થવો જોઈએ.

**''અન્ન છે એ બ્રહ્મ છે, બ્રહ્મ છે તે પરમાત્મા છે.''** થાળીની અંદર એકાદ ભજીયું એક એક વ્યક્તિ છોડે તો, આ સભામંડપની અંદર કેટલા માણસો બેઠા છે ? બોલો ? કેટલાં ભજીયાંનો બગાડ થાય ? એટલે જ અનાજના એક પણ દાણાનો વ્યય ન થવો જોઈએ. કેમ કે **અન્ન તે દેવતા છે**.

જેમ કણનો બગાડ નહીં, એવી જ રીતે ક્ષણનો બગાડ નહીં, કારણ કે થોડી એવી ક્ષણો મળે કે તેની કિંમત ન હોય, પણ એવી ક્ષણો વધારે ભેગી થાય ત્યારે એમાંથી એક મિનિટ થાય. માટે ક્ષણનું જ મહત્ત્વ છે. ઘણી ક્ષણો ભેગી થાય એટલે ૧ મિનિટ થાય, એવી ૬૦ મિનિટો ભેગી થાય એટલે એક દિવસ થાય, એવા ૨૪ કલાક ભેગા થાય એટલે એક દિવસ થાય, ને એવા ૩૦ દિવસ ભેગા થાય એટલે એક મહિનો થાય ને એવા ૧૨ મહિના ભેગા થાય ત્યારે ૧ વર્ષ થાય ને એવા ૪૦-૫૦ વર્ષ ભેગા થાય એટલે આપણે ગુજરી જઈએ. ક્ષણનું જ મહત્ત્વ છે જીવનમાં!

કોઈ મરણ પથારીએ પડ્યો હોય અને ગમે તેવા બાહોશ ડોક્ટરને બોલાવો અને તમે એમ કહી દો કે, મારા બાપુને તમે ત્રણ મિનિટ જીવાડી દો. તો ત્રણ મિનિટના ત્રણ લાખ રૂપિયા આપું. જો એ જીવતો હોય અને કુદરતી રીતે જીવી જાય તો ભલે, પણ કોઈના હાથની તાકાત નથી કે દર્દીને એક શ્વાસ પણ આપી શકે!

આપણી પાસે આટલો કિંમતી સમય છે, પણ આપણે તેને બરાબર સમજ્યા નથી. માટે જ એને વ્યર્થ ખોઈ નાખીએ છીએ. જવા દઈએ છીએ. ક્ષણનું કેટલું મહત્ત્વ છે ? સમયનું મહત્ત્વ આપણે ક્યારે સમજી શકીશું ?

ભૌતિક વૈજ્ઞાનિક થોમસ આલ્વા એડીસન પાસે એક યુવક આવ્યો અને તેણે કહ્યું કે, 'આપ મને એક પ્રેરણાદાયી સંદેશ લખી આપો.' એડીસને યુવકને એક વાક્ય લખી આપ્યું, કેટલું અણમોલ વાક્ય! એમણે એટલું જ લખ્યું કે, **'કામના સમય દરમિયાન ક્યારેય ઘડિયાળ સામે ન જાશો.'** બસ... કામ કરતા હો ત્યારે કામ કરો. ઘડિયાળ સામે ન જોશો. એ જ હું તારા માટે પ્રેરણાદાયી સૂત્ર આપું છું.

ગાંધીજી પણ ઘડિયાળ રાખતા પણ, સમયનો સદ્ઉપયોગ કરવા માટે, આજે બધા જ ભણેલા-ગણેલા ઘડિયાળ રાખે છે... પણ સમયનો દુરૂપયોગ કરવા માટે ખાસ રાખે છે.

જે મોટા પુરુષો થયા છે તેમણે ક્યારેય સમયને બગાડ્યો નથી. વિદેશમાં સમયની પૂરેપૂરી કાળજી લેવાય છે. બિલકુલ સામાજિક લેવલથી લેવાય છે. તમે કોઈ ઑફિસમાં જાઓ, બેંકમાં જાઓ, કોઈ સંસ્થાગત કામે જાઓ, કામ ફટાફટ પતી જાય. બૉમ્બેમાં પણ વિદેશની બેંકમાં જાઓ... Clearence તરત મળી જાય ને આપણી બેંકોમાં જાઓ તો ? ચંપલ ઘસાઈ જાય ધક્કા ખાઈ ખાઈને! તો ય પત્તો લાગે નહિ.

તમે ઑફિસે મોડા પહોંચો તો તે સમયનો બગાડ છે. એક જ ગાડી ૬ કલાક મોડી પડે અને એ ગાડીમાં ૩,૦૦૦ મુસાફરો બેઠા હોય તો ૧૮,૦૦૦ માનવ કલાક સમય બગડી ગયો. જો સમયસર આ બધું તંત્ર ચાલતું હોય તો આપણી પાસે કેટલો કિંમતી સમય બચે! આપણા દરેક ખાતાઓ જુઓ... રામ ભરોસે ચાલે છે. મારા બાપુ!

રેલ્વે સ્ટેશન પર એક જણ ગાડીની રાહ જોઈ જોઈને થાકી ગયો. એવો ખીજાણો,

એટલે ઈન્કવાયરી ઓફિસ પર જઈને કહે, 'ભાઈ, કબ્રસ્તાન ક્યાં છે ?' કહે 'અરે ભાઈ' અહીં કબ્રસ્તાનનું પૂછવાની શું જરૂર પડી ?!'

તો કહે, 'અહીં ગાડીની રાહ જોઈ જોઈને જે માણસો મરી જાય છે એને તમે દફન ક્યાં કરો છો ?'

આવી રીતે ગાડીની રાહ જોતો જોતો એક જણ મૂંઝાઈ ગયેલો. વારંવાર એનાઉન્સ થાય ''ભોપાલ એક્સપ્રેસ અડધો કલાક મોડી આવશે...!'' પેલો બેઠો રહ્યો. વળી પંદર મિનિટ થઈ ત્યાં એનાઉન્સ થયું... ''ટ્રેન પોણો કલાક મોડી આવશે...!'' મુસાફર કહે, 'અડધામાંથી પોણો થયો.' વળી પાછું દસ મિનિટ થઈ ત્યાં એનાઉન્સ થયું... ''ભોપાલ એક્સપ્રેસ કલાક મોડી આવશે !'' અને, આ ભાઈની કમાન છટકી... ગયો ઈન્કવાયરી ઑફિસમાં, જઈને કહે ''એ ભાઈ ! આ ગાડી શું પાછી પાછી ચાલે છે ?''

એટલે Indian Time... આજે આપણા મારા, તમારા માટેને દેશ માટે ગાળ થઈ ગઈ...

Indian Time... છે. ભાઈ સમયનું કોઈ મૂલ્ય નથી. ઠીક છે, આ તો એક સામાન્ય લેવલની વાત થઈ છે. મિત્રો, પણ આપણે એને પહોંચી શકીએ કે ન પહોંચી શકીએ એ પછીની વાત છે, પણ મારા અને તમારા વચ્ચે જે વ્યક્તિગત જીવન છે, તેમાં સમયની કિંમતી મૂડી પડી છે.

એક વિચક્ષણ માણસે બહુ જ સાદું વાક્ય આપ્યું છે. **''સમય એ સોનું છે.''**

**જેમ સોનાને જાળવો એમ સમયને જાળવો ! એને ઘરેણું બનાવો ! તમારી જિંદગી ઘરેણાં જેવી શોભી ઊઠશે.**

❖❖❖

# હસો દિલ ખોલીને

**એ. કે. રાવલ**



આજના દોડભાભર્યા સમયમાં મનુષ્ય સવારથી લઈને સાંજ સુધી ટેન્શનમાં રહે છે. આ ટેન્શનના કારણે શારીરિક-માનસિક બિમારીઓ બની રહે છે. તે ઉપરાંત આજે મનુષ્યને ગર્વ પણ વધી ગયો છે. તેની જરૂરીયાતો વધી ગઈ છે. જ્યારે જરૂરીયાતો પુરી ન થઈ શકે ત્યારે મનુષ્યના ગર્વને ઠેસ પહોંચે છે. તેને ખૂબ જ ગુસ્સો આવે છે ક્રોધના પ્રમાણ જેટલી જ અસર તેની પર પડી શકે છે - ૪ કલાક, ૮ કલાક, ૧૨ કલાક. આવામાં થોડીક યોગિક ક્રિયાઓ મન પર કાબુ મેળવવામાં સહાયક નીવડે છે. જેમ કે આસન, પ્રાણાયામ ધ્યાન, ડિપ બ્રિધીંગ, યોગ નિદ્રા, શવાસન, હાસ્યયોગ તેમાંથી હાસ્ય યોગ એક સરળ અને સહજ ક્રિયા બની જાય છે. તેથી દિવસ દરમિયાન ઓછામાં ઓછા એક વખત દિલ ખોલીને હસવું જોઈએ.

પહેલાના જમાનામાં રાજા મહારાજાઓ દરબારમાં વિદુષક અને બહુરૂપિઓ રૂપ બદલીને અથવા જોક સંભળાવીને લોકોને હસાવતા હતા. તેમનું મનોરંજન કરતા હતા. આજે મહાનગરોમાં અનેક હાસ્ય કલબો શરૂ થઈ છે. યોગ સેન્ટરો પર પણ હાસ્યની ક્રિયાઓ કરાવાય છે. હંસવાથી આંતરીક ભાગમાં ચહેરાની માંસપેશીઓને પણ ખૂબ જ લાભ થાય છે. તેનાથી લેક્ટિવ એસિડ (દૂષિત પદાર્થ) બહાર આવે છે. મસ્તિષ્કની અલ્ફા વેન એક્ટિવ થાય છે તથા બીટા વેન ડાઉન થાય છે. જેનાથી આનંદની અનુભૂતી થાય છે. પિટ્યુટરી ગ્લેન્ડ્સ એડ્રિનલ ગ્લેન્ડ્સ પ્રભાવીત થાય છે જેનાથી ભય તણાવ અને આસ્વાદ દૂર થાય છે.

સમૂહમાં હસવાથી લાભ થાય છે. સમૂહમાં હસવાથી વધારે લાભ થાય છે. જ્યારે મનુષ્ય હંસે છે તો તે થોડીવાર માટે બધાથી અલગ થઈ જાય છે. તેના વિચારોની શ્રેણી તૂટી જાય છે. એકાગ્રતા આવે છે. મન-મસ્તાષ્ક ખાલી અને હલકા થઈ જાય છે. હાસ્ય દ્વારા બિમારીઓના ઈલાજ કરી શકાય છે. બિમારીથી જલદી રાહત મળે છે. જેનું મન મસ્તિષ્ક પ્રફુલ્લિત હોય તેને તેટલો જ જલ્દી આરામ મળે છે.

સ્વિડનના ડો. લાર્સ લજુંગદહલે એક નવી હાસ્ય ચિકિત્સા પદ્ધતિમુસ્કુરોપેથી શરૂ કરી હતી. તેના દ્વારા શારીકિક માનસિક બિમારીઓ સારી થાય છે. મુસ્કુરોપેથી દ્વારા પણ બધી બિમારીઓ સારી થઈ શકે છે. તમારી પાસે એક સકારાત્મક વાતાવરણ ઉભું થાય છે. તેથી આજનો એક જ મંત્ર છે કે હંસતા રહો અને સ્વસ્થ રહો.

❖❖❖

# વૃદ્ધાવસ્થાનો વલોપાત

પ.પૂ. શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી



મનભાવતું પેટ ભરીને ખવાય તે યુવાની અને તમને ફાવતું ખવાય તે વૃદ્ધાવસ્થા કહેવાય. ઘરમાં રહેવાનો કંટાળો આવે અને બહાર જવામાંય થાક લાગે એ વૃદ્ધાવસ્થા કહેવાય. માનવીને પોતાના ઘરમાં પણ જ્યારે પારકાપણું લાગે તેને વૃદ્ધાવસ્થા કહેવાય.

બચપણમાં જે દીકરાને મા-બાપ બોલતાં શીખવે છે એ જ દીકરા મોટા થઈ ઘરડાં માબાપને ચૂપ રહેવાનું શીખવે છે. બાપની આંખમાં બે વખત આંસુઓ ઉભરાઈ આવે છે. એક તો પોતાની દીકરી સાસરે જાય ત્યારે અને બીજું પોતાનો દીકરો મોં ફેરવી લે ત્યારે.

વૃદ્ધાવસ્થાની બંધ આંખોની પાછળ કરુણ વેદના હોય છે. મોં પર અંકાયેલી વેદના અદશ્ય હોય છે. એક સમયે પક્ષીઓના કલરવમાં નવ પલ્લવિત લીલુંછમ વૃક્ષ આજે એ વૃદ્ધવૃક્ષ બુઠું ને ઠૂંઠું બનીને ઊભું હોય છે. આ કેવી કમનસીબીની વાત છે કે જે દેશની પ્રજાને ઋષિમુનિઓએ 'मातृदेवो भव' 'पितृदेवो भव' એવાં સૂત્રો આપ્યાં. એ જ દેશની નવી પેઢીના કોઈ યુવાનો કે યુવતીઓ દેવ સમાન માતાપિતાને ઘરની બહાર કાઢવા લાગ્યાં છે. માતાપિતાના અનગણ ઉપકારોનો બદલો આવી કૃતઘ્નતા દ્વારા આપી રહ્યાં છે.

કટાઈ ગયેલાં, ઘસાઈ ગયેલાં કે વપરાઈ ગયેલાં વાસણોને લોકો એક ખૂણામાં કોથળો ભરીને રાખી મૂકે. પછી કંસારાને ત્યાં એ ભંગાર દઈ આવે તેમ આખી જિંદગી પુત્રપરિવાર માટે પોતાની કાયા ઘસી નાખી હોય એવા વૃદ્ધોને આજના ફેશનેબલ યુવાનો ભંગાર વાસણની પેઠે વૃદ્ધાશ્રમમાં મૂકી આવે છે.

વૃદ્ધોએ જીવી જાણ્યું છે તો તેવા લોકોને જીરવી તો જાણો ! આજના યુવક યુવતીઓ એમજ માને છે કે ઘરડાંઓને સાથે રાખવાથી આપણો મોભો ઘટી જાય છે. ઘરડાંઓ તો અલગ જ સારાં. 'હું અને મારી વહુ એમાં આવી ગયાં સહુ.'આ સૂત્રને અનુસારે આજે ચાલનારા ઘણા છે પરંતુ ખરેખર તેમણે વૃદ્ધ માતાપિતાના ઉપકાર ભૂલવા ન જોઈએ ને એમણે સાચવવા જોઈએ. પોતાને પણ વૃદ્ધાવસ્થા આવવાની છે. એનો પણ વિચાર કરવો. કરશો એવું પામશો એ ન ભૂલવું.

બીજી બાજુ વૃદ્ધોએ પણ મનમાં વિચારવું જોઈએ કે શરીર ધ્રુજતું હોય, વાની તકલીફ હોય, બીમાર અવસ્થાને કારણે અશક્ત બન્યા હોઈએ. ઘરમાં પુત્રો વહીવટ લેતા ઉતાવળા થતા હોય, વૃદ્ધોનું પણ પરિવારને પસંદ પડતું ન હોય, જૂનું ઘર થાય એટલે ગાબડાં પડે તેમ વૃદ્ધાવસ્થામાં કાને બહેરાશ આવે, ટેકા વિના ચલાય નહિ. આવે સમયે ચેતી જવું જોઈએ. અંતે ચેતે તે જીતે અને ફવડાવતાં શીખે એ ફાવે. જ્યાં સુધી વૃદ્ધોના હાથમાં કૂંચી ત્યાં સુધી તેની વાત ઊંચી. હાથમાંથી વ્યવહાર છૂટે ને શરીર લથડે પછી કોઈ ભાવેય પૂછે નહિ. સદ્‌ગુરૂ મુક્તાનંદ સ્વામીએ કહ્યું છે કે...

**'जैसे बूढे बैल कुं,**
**खेडू न देवत खान,**
**मुक्त कहे तेही वृद्ध कुं,**
**सब ही करत अपमान.'**

આજે તો સંસારમાં બધો સ્વાર્થનો સંબંધ થઈ ગયો છે. 'ગરજ સરી એટલે વૈદ્ય વેરી.'

બચપણમાં કે યુવાનીમાં જેઓએ પોતાના માબાપના કે વડીલોના, પરિણિત બહેનોએ સાસુના હુંકારા તુંકારા તેમજ સલાહ સૂચન કે માન-અપમાનને સહન કર્યા નથી, તેઓના જીવનમાં જ્યારે દુ:ખો કે મુસીબતો સહન કરવાના પ્રસંગો આવે છે ત્યારે તેઓ ભાંગી પડે છે. ન કરવાનું કરી બેસે છે. સરકસમાં હાથી, ઘોડા કે સિંહનેય તાલીમ આપીને કેળવવા પડે છે તેમ ઉપરની ન ગમતી બાબતો એક રીતે આ તાલીમ જેવી છે. તાલીમ ન લે તે સંસારના સરકસમાં કામ લાગતાં નથી. નિષ્ફળ નિવડે છે. તેવું જ વૃદ્ધોનું પણ છે.

દઢ બનેલી મમતા અને લાલચ વાસના રૂપે રૂઢ થાય છે. આ વાસનાએ જડભરતને મૃગનું શરીર લેવડાવ્યું. હાય મારા દીકરાનું શું થશે ? એમ વલોપાત કરતાં એક પરિવારના માતાપિતા મરી ગયા. પછી તો પિતા ઘરનો બળદ બન્યો ને માતા પોળની કૂતરી બની. મોટાભાગના માણસો વાસનામાં જ મરી જાય છે.

માણસની ઉંમર ૮૦ વર્ષની થાય ત્યારે તૃષ્ણાને જોબન આવે છે ને ૩૦ વર્ષની થાય છે. વૃદ્ધાવસ્થામાં તૃષ્ણા મન પર સવાર થઈ જાય છે. આવા વાસનિક મનથી થાઈ શકાતું નથી અને પચતું નથી તોપણ ફાફડા અને જલેબી વગર એને ચાલતું નથી. હોકો, ચા, કોફી કે કેફી પીણાં પીતા થઈ જાય છે.

આઈસ્ક્રીમમાં એને જીવનનું ક્રીમ દેખાય છે. આનું શું પરિણામ આવે. અનેક વ્યાધિઓને નિમંત્રણ, હજારો રૂપિયાનાં ડોક્ટરોનાં બીલ, સ્વજનો માથે રાતદિવસ આવી પડતી સેવાચાકરીની આફત અને અંતે રામ બોલો ભાઈ રામ. એમ યમરાજને મોતની ભેટ. શું આવી બરબાદી કરવા જીવન મળ્યું છે ? માટે વૃદ્ધોએ સત્વરે ચેતવા જેવું છે.

પુત્રાદિક ન ઈચ્છતાં હોય તોય સલાહ દેવાનું, તેનું પાલન ન દેખાય તો ટકટક કરવાનું ચાલુ જ હોય. આ બધું નિષ્ફળ જ હોય. ટકોર તો ક્યારેક જ અને ઈશારારૂપ જ હોય તો જ સફળ થાય. જિંદગી તો લીંબોળીના ઝૂમખા જેવી છે. કેટલીક મીઠી હોય તો કેટલીક કડવી. કુટુંબમાં કોઈ પ્રેમ કરે તો સમજવાનું કે એ મીઠી લીંબોળી છે ને કોઈ કોચવે તો માનવું કે તે કડવી છે. તેનાથી દુ:ખી થયા વગર સમજણથી સુખિયા રહેતા શીખવું.

વૃદ્ધાવસ્થામાં સંબંધોના બધા કનેક્શન કટ કરી નાખવા જોઈએ. મગજ પરની બધી ચિંતાઓ ફેંકી દેવી જોઈએ. વૃદ્ધાવસ્થા આવે એટલે આપણે મૃત્યુને માંડવે બેઠા છીએ તેમ સ્પષ્ટ સમજી લેવું જોઈએ. માથાના વાળ સફેદ બનાવીને, માથે ટાલ પાડીને શરીરમાં કોઈ રોગ આપીને પ્રભુ આપણને ચેતવણી આપે છે.

ચલચિત્ર જોતાં પ્રેક્ષકો The End આવતાં થિયેટર છોડવા માંડે છે. કિનારે દેખાતાં નાવિકો સઢ સંકેલવા માંડે છે. સંધ્યાકાળ થતાં પંખીઓ માળા તરફ વળવા માંડે છે. બસ, આવી જ રીતે વૃદ્ધાવસ્થાનાં ચિહ્નો કે તેની અસર જણાતાં મનને સાંસારિક પદાર્થોથી તથા સગાંસંબંધીઓની મમતાથી પાછું વાળી ભગવત્ સ્મરણમાં વાળી લેવું જોઈએ. ઉપર મુજબ વૃદ્ધોને ચેતવાની અને સમજણથી રહેવાની વાત કરી. જેથી તેમનું મૃત્યુ બગડે નહિ ને જીવનમાં શાંતિથી ભક્તિ થાય. પરંતુ વૃદ્ધો સ્વભાવિક પ્રવૃત્તિ છોડી ન શકે કે વૃદ્ધાવસ્થાને લીધે અમુક પ્રકારની સેવાની તેમને જરૂર હોય ત્યારે પુત્ર પરિવારે પણ તેમની ફરજ ચૂકવી ન જોઈએ. હસતે મુખે માતાપિતા તેમજ વડીલોની સેવા કરવી જોઈએ. તેમને આદરભાવથી સાચવવા જોઈએ. ❖❖❖

# નામનો પત્થર

**મહેન્દ્ર સાંઘી**

એક શેઠ મહા દાની હતા. અનેક વેપાર ધંધાના માલિક એવા શેઠ પાસે અને ઓફિસો, કાર, બંગલા તેમજ દરેક પ્રકારની જાહોજલાલી હતી. શેઠે તેમની સંપતિ અને ઓળખાણોનો તેમની સામાજિક પ્રતિષ્ઠા વધારવામાં ભરપૂર ઉપયોગ કર્યો. તેમના ઘરે મદદની આશાથી આવતો કોઈ પણ વ્યક્તિ નિરાશ થઈને ન જતો. પછી તે કોઈ સામાજિક કાર્યકર્તા હોય, કોઈ ધાર્મિક સંસ્થાનો ટ્રસ્ટી હોય કે પછી ચૂંટણી પ્રચાર માટે ભંડોળ ભેગું કરી રહેલો કોઈ રાજકારણી પોતાના ખજાનામાંથી તેઓ રોજ વીસ-પચીસ લોકોના અટકેલા કામો પાર પાડતા.

એક દિવસ અચાનક જ શેઠજીએ આ સંસારમાંથી વિદાય લીધી. પરલોકમાં તેમને યમરાજના દરબારમાં રજૂ કરવામાં આવ્યા એને તેમના પાપ પુણ્યનો હિસાબ કરવામાં આવ્યો. શેઠજી કોઈ મંત્રી તેની પસંદગીની જગ્યાએથી ચૂંટણી લડી રહ્યો હોય તેમ પોતે નિશ્ચિંતપણે સ્વર્ગલોકમાં જશે એમ માની રહ્યા હતા, પરંતુ પરિણામ આવતા શેઠજી આશ્ચર્યચકિત થઈ ગયા.



કારણકે તેમને નરકમાં જવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

ગુસ્સે ભરાયેલો શેઠ તેમના પાપ પુણ્યના હિસાબની જાતે તપાસ કરવાની માગણી કરી. શેઠની માગણી સ્વીકારી લેવાઈ થોડી જ વારમાં વિજયી મુદ્રામાં શેઠજીએ કહ્યું કે તેમના શાળા નિર્માણ, ધર્મશાળા, પાણીની પરબ વગેરે જેવા સામાજિક સેવા કાર્યો તેમના ખાતામાં દર્શાવાયા નથી. આટલું કહીને તેમણે યમરાજ સમક્ષ ભૂલ સુધારીને માફી માગવાની માગણી કરી.

યમરાજે હસતા હસતા કહ્યું કે તમે ચોક્કસપણે પૃથ્વીલોકમાં તમે કહ્યા તેમ બધા જ કામ કર્યા હતા પણ જેવો તેમાં તમારા નામનો પથ્થર લગાવ્યો કે તમારું પુણ્ય તે લોકમાં જ ભળી ગયું. તમે પુણ્ય પણ કરતા રહ્યા અને પ્રસિદ્ધિ પણ મેળવતા રહ્યા. હવે એક જ પુણ્યની એન્ટ્રી મૃત્યુલોક અને યમલોક એમ બે સ્થાનોએ કઈ રીતે થઈ શકે ? અમારે ત્યાં તો એ જ પુણ્ય નોંધાય છે જેનું ફળ મૃત્યુલોકમાં મેળવવામાં ન આવ્યું હોય અને પાપ પણ એ જ નોંધાય છે જેની સજા નીચેની અદાલતમાં ન થઈ હોય. તેથી તમારે અમારા હિસાબને માનવો પડશે. પૃથ્વી પર તો તમને તમારા સારા કાર્યો માટે યાદ કરાશે જ.

# ધારો કે રાણી તમે જીતી ગયા

પાયલ શાહ

ફ્લાઈટ ૩૧૯૨A ક્રેશ થઈ ગઈ - આ સમાચાર ટી.વી.માં જોતાં તથાગત ચોંકી ઉઠ્યો. આ ફ્લાઈટમાં તો ડૉ. સેન અને અનિરુદ્ધ હતા. તથાગતની આંખો સામે અંધારા આવવા માંડ્યા. ધ્રૂજતા હાથે ઍરપોર્ટ પર ફોન લગાડ્યો. તેને સમાચાર સાંભળવા મળ્યા કે ડૉ. સેન અને અનિરુદ્ધ સેન પણ મરનારની યાદીમાં સામેલ છે. તથાગત સોફા પર ફસડાઈ પડ્યો. તેના ગુરુ સમાન ડૉ. સિદ્ધાર્થ સેન અને તેનો એક માત્ર મિત્ર - અનિરુદ્ધ અત્યારે...

અનિરુદ્ધ અને તથાગત કૉલેજમાં એક સાથે હતા. તથાગત સાવ ગરીબ કુટુંબનો જ્યારે અનિરુદ્ધ ભારતના જાણીતા વૈજ્ઞાનિક ડૉ. સેનનો પુત્ર. આજ સુધી તે સ્કોલરશિપ લઈને ભણતો આવ્યો બાકી મોંઘીદાટ કૉલેજમાં ભણવું એ તેની માટે સ્વપ્ન જોવા બરાબર હતું. તથાગતને બનવું હતું વૈજ્ઞાનિક જ્યારે ખૂબ દેખાવડા અનિરુદ્ધને બનવું હતું એક્ટર! અનિરુદ્ધને તથાગત - હંમેશા કોઈક અલગ વ્યક્તિ લાગતો. આંખોમાં એક પ્રકારની ઉદાસી, પણ કાંઈ કરી બતાવવાનો જુસ્સો. અનિરુદ્ધે પોતાના જન્મ દિવસે તથાગતને જ્યારે બંગલા પર બોલાવ્યો ત્યારે ડૉ. સેન તેની વાતોથી, જ્ઞાનથી ચકિત થઈ ગયા. ત્યાર બાદ તથાગતની ગાડી બરાબર પાટા પર ચઢી ગઈ. બી.એસ.સી. પૂરું કરીને તથાગતે ડૉ. સેન પાસે તાલીમ લેવા માંડી અને અનિરુદ્ધ પોતાની ચમકદમકવાળી દુનિયામાં વ્યસ્ત બની ગયો.

અચાનક ફોનની ઘંટડીએ તથાગતને વિચારોની તંદ્રામાંથી જગાડી દીધો. તેણે ફોન લીધો. તેની મિત્ર સિલ્વીયાનો ફોન હતો. તે પણ સુમ્મ થઈ ગઈ હતી. બંનેને એકબીજા સાથે શું વાત કરવી તે સમજ ન પડી. તથાગતે ધીમા અવાજે વાત શરૂ કરી.

'સિલ્વી, આ બંગલામાં હું ડૉ. અંકલ ને અનિ વગર ન રહી શકું. વિચારું છું કે થોડાક દિવસ પછી કોલકાતા ચાલ્યો જાઉં. સિલ્વીયાએ માત્ર 'હં' કહ્યું અને ફોન મૂકી દીધો.



શોક વ્યક્ત કરવાવાળાં ટી.વી. ચેનલ, છાપાં, મેગેઝીનવાળાંએ ઘસારો કરી દીધો. તથાગત ને સિલ્વીયા બધાંને એક સરખો જવાબ આપીને થાકી ગયા હતાં. તથાગતને બંગલામાં આકરું લાગતું હતું. તેણે સામાન પેક કરવા માંડ્યો. સામાનમાં ખાસ કાંઈ હતું નહીં... બસ અઢળક યાદોને લઈને તથાગત જતો હતો. બંગલાની ચાવી તેણે ગણુને આપી. ગણું અહીં માળી, ડ્રાઈવર, નોકર જે ગણો તે બધું હતો. તથાગતને અચાનક યાદ આવ્યું કે ડૉ. સેનના બેડરૂમમાં એક ફોટો છે... અનિરુદ્ધનો અને પોતાનો દોડીને તે ફોટો લેવા ગયો.

ફોટોફ્રેમની સામે જોતાં જ તેણે અત્યાર સુધી રોકી રાખેલાં આંસુ આંખોમાં ધસી આવ્યા. ધ્રૂજતે હાથ ફોટો લીધો પણ આ શું? ફોટાની સાથે એક ચિઠ્ઠી પણ બહાર આવી. તથાગતે ચિઠ્ઠી વાંચવાની શરૂ કરી.

'મારી શોધ ખૂબ અગત્યની છે. જેનાથી આપણા દેશને હું પ્રસિદ્ધિના સર્વોચ્ચ શિખરે પહોંચાડી દઈશ. મેં એક એવા મેટલની શોધ કરી છે જે ન બળી શકે, ન વળી શકે, ન તૂટી શકે. આ મેટલ પ્લેન બનાવવામાં સૌથી વધારે કામ લાગશે. દુશ્મન દેશોને થોડી શંકા આવી ગઈ છે. આવી જ ચિઠ્ઠી મેં તથાગતના રૂમમાં અને અનિરુદ્ધના રૂમમાં ફોટોફ્રેમ છે તેમાં મૂકી છે. જો મારી ગેરહાજરી હોય તો ભળતાં હાથમાં મારી શોધ ન જાય. અનિ અને તથાગત તમે મારું સપનું સાકાર કરજો. મારા રૂમમાં લાકડાનું એક કબાટ છે. તે કબાટમાં ઘણાં બધાં કપડાં લટકાવેલા છે. તે બધાં કપડાં હટાવીને કબાટમાં અંદર જોજો. ત્યાં ત્રણ દાદર છે. તે ઉતર્યા બાદ એક ઓરડો આવશે, ત્યાં એક પલંગ છે. તે પલંગની નીચે મે એક રમત રાખી છે. તે રમતમાં છુપાયેલી છે મારી ફોર્મ્યુલા. રમત ખૂબ સરળ છે. તે રમત એ જ મેટલમાંથી બનાવવામાં આવી છે. રમતના નિયમો તે મેટલની રમતની પાછળ લખેલા છે.'

તથાગત ફાટી આંખે ચિઠ્ઠી અને

કબાટની સામે જોઈ રહ્યો. ધીમે પગલે તે કબાટની પાસે ગયો. આટલી નિરવ શાંતિમાં કબાટ ખૂલવાનો અવાજ તેને પોતાને પણ ભડકાવી ગયો. કબાટ અંદરથી ખૂબ મોટો હતો. કબાટની અંદર પગ મૂકતાં તે એક પળ તો ધ્રૂજી ગયો. ઢગલાબંદ કપડાંની વચ્ચે જગ્યા કરતો તે આગળ વધ્યો ત્યાં જ દાદર આવ્યો. તે ઉતરતાં જ ઓરડો આવ્યો. તેણે હળવેથી તેના દરવાજાને ધક્કો માર્યો. પલંગ સિવાય રૂમમાં કાંઈ જ નહોતું. તથાગતે પલંગની નીચે જોયું. એક કાળી બેગ હતી. તેણે બેગ ખોલી પણ બેગ તો સાવ ખાલી હતી !

તથાગતે બેગમાં અંદર હાથ ફંફોસ્યો તો કોઈક ધાતુ સાથે હાથ ભટકાયો હોય એવું લાગ્યું. તથાગતને મનમાં હાશ થઈ કે ગેમ અંદર બેગના ચામડામાં છે. 'સેન સાહેબ પણ કમાલ છે !' તથાગત ગણગણ્યો.

બેગને છાતિથી વળગાડીને તે ઝડપથી દરવાજાની બહાર નીકળી ધડાધડ દાદરા ચઢીને કબાટમાંથી બહાર નીકળ્યો ત્યારે તેને પોતે હેરી પોર્ટરની કથાનો કોઈ રહસ્યમય પાત્ર ભજવતો હોય તેવું લાગ્યું. થોડી મિનિટો પહેલાં તથાગત બધું છોડીને ચાલ્યો જવાનો હતો. જ્યારે હવે એક સ્વપ્ન સાકાર કરવાની તાલાવેલી હતી. તથાગતે સૌથી પહેલાં તો રમત એકદમ ધ્યાનથી જોઈ.

રમત જૂના જમાનામાં ચોપાટ રમતાં તેવી હતી અને એકદમ નીચે લખ્યું હતું કે રમત જીતવા માટે પાછળ જુઓ. તેણે નિયમો વાંચવાના શરૂ કર્યા.

(૧) દાવ રાજા અને રાણીનો છે. ન કોઈ સૈન્ય, ન કોઈ વજીર, ન કોઈ હાથી-ઘોડા. જીત પણ નક્કી છે કે રાણી જ જીતવી જોઈએ, તે પણ આઠ દાવમાં. સામે પક્ષે રાજા જીતી ગયો તો પણ કોઈ ફરક નથી પડવાનો.

(૨) રમનારા બે હોવા જોઈએ. ગેમને બાળવાનો, તોડવાનો કે વાળવાનો પ્રયાસ નહીં કરતા કારણકે તે જે મેટલમાંથી બનાવવામાં આવી છે તે ન બળી શકે છે ન તૂટી શકે છે.

(૩) રાણી એક વખતે એક પગલું જ ચાલવી જોઈએ. એક સાથે એકથી વધારે પગલું ચાલશે તો આ રમત દ્વારા ફોર્મ્યુલા નહીં મળે.

(૪) વચમાં એક ગોળ છે. જેમાં એક છોકરી ઊભી છે તેના હાથમાં ઘંટડી છે. જ્યારે રાણી એક પગલું આગળ વધશે ત્યારે છોકરીનાં હાથની ઘંટડી વાગશે. છોકરીની બાજુમાં જ રાજા, રાણી અને પાસાં પણ છે.

(૫) આ ફૉર્મ્યુલામાં મેટલ કઈ રીતે બનાવવું તેની ફોર્મ્યુલા આઠ ખાનામાં મૂકી છે. રાણીનું દરેક પગલું તને ફોર્મ્યુલાની નજીક લઈ જશે. એક-એક પગલું કરતાં રાણી આઠ પગલાં ચાલશે તો જ ફોર્મ્યુલા મળશે બાકી નહીં.

તથાગતને રમત તો સાવ સરળ લાગી પણ દરેક વખતે રાણી એક પગલું જ ચાલે તો જ પૂરી ફોર્મ્યુલા મળી શકે બાકી નહીં – આ કેવી આકરી શરત ! પાછી રાણી જ જીતવી જોઈએ. તથાગતને મુંબઈમાં ગણીને બે જ મિત્ર હતા. એક અનિરુદ્ધ અને બીજી સિલ્વીયા. સિલ્વીયા ખરી રીતે તો અનિરુદ્ધની જ મિત્ર હતી, પણ એ ત્રણેની સારી મંડળી જામી ગઈ હતી.

સિલ્વીયા ઍરોનોટિક એન્જિનિયર હતી. તથાગતને થયું સિલ્વીયાને જ ફોન કરું કદાચ એ મદદ કરી શકશે. તથાગતે સિલ્વીયાને ફોન કર્યો. સિલ્વીયાએ શાંતિથી તથાગતની વાત સાંભળી. બંગલા પર આવી, ગેમ જોઈ, નિયમો વાંચ્યા પણ આ કેવું... જીત પહેલેથી જ નક્કી રાણીની તો પછી ગેમ કેમ રમવાની ? આ વાતથી નવાઈ લાગી પણ તેણે તથાગતને કહ્યું : 'ચાલ રમતની શરૂઆત તો કરીએ ત્યારે જ કંઈ ખ્યાલ આવશે.'

દરેક વખતે પાસાં નાખતી વખતે સિલ્વીયાને આશા રહેતી કે એક જ આવવો જોઈએ પણ એવું થતું નહીં. જે ખાનામાં રાણી એક ડગલું ચાલે તે ખાનાનું તાળું ખૂલે તેવો અવાજ આવતો પણ જ્યારે તેઓ ગેમમાં હારી જતાં ત્યારે તાળાં ખટાખટ બંધ થઈ જતાં. બંને રમત રમીને થાકી ગયા. અંતે સિલ્વીયા કંટાળીને બોલી : 'એક કામ કરને યાર જા કંઈક પિત્ઝા કે બર્ગર લઈ આવ. થોડા ફ્રેશ થઈને પાછા રમત રમીએ.' તંગ વાતાવરણમાં પણ તથાગતથી હસી પડાયું. તેણે કહ્યું : 'ઠીક છે, તું જા બહાર ગાર્ડનની લૉનમાં આંટા માર, ફ્રેશ થા, હું આવું છું લઈને.'

સિલ્વીયાએ લોનમાં જવા માટે બંગલાનો પાછળનો દરવાજો ખોલ્યો ત્યાં તેને કોઈનો અવાજ સંભળાયો. સિલ્વીયા દરવાજા પાછળ ઊભી રહી તો... આ શું ! બંગલાનો અભણ, ગમાર ચોકીદાર ગણુ મોબાઈલ પર કોઈની સાથે વાત કરતો હતો. સિલ્વીયા રોકાયેલા અવાજે સાંભળતી રહી....

'એ બુદ્ધુઓ ગેમ તો રમે છે પણ કંઈ થતું નથી... બસ એકવાર... એમને ફોર્મ્યુલા મળી જવા દે પછી એમની જ 'ગેમ' કરી નાખું ફૈઝલ, તું બોસને કહી દે કે જેવી ફોર્મ્યુલા મળે એટલે હું તરત આ દેશ છોડીને આપણા દેશમાં આવું છું. ચાલ, ફતેહ કરીને જ આવીશ.'

તે લથડતે પગલે બંગલામાં આવી. આ ગણુ તો પાડોશી દેશનો જાસૂસ છે અને અહીં તે તથાગત અને તેના પર નજર રાખતો હતો. તેણે મનોમન વિચાર્યું કે આ વાત તથાગતને તરત જ જણાવવી પડશે. ત્યાં જ

તેને ખ્યાલ આવ્યો કે જો હું ફોન પર કાંઈ પણ બોલીશ કે તથાગતની રૂબરૂમાં પણ વાત કરીશ તો કોઈ માઈક્રોફોન કે માઈક્રોચીપ્સ લગાડી હશે તો ? કે પછી 'પેલો' કોઈ પણ રીતે વાત સાંભળી ગયો તો મુસીબત... તેણે તથાગત આવી જાય ત્યારે આગળ કેવાં પગલાં ભરવા તે વિચારવાનું શરૂ કર્યું.

છેવટે સિલ્વીયાએ SMS થી તથાગતને સંદેશો મોકલ્યો કે ગણુ એ પાડોશી દેશનો જાસૂસ છે. આપણે બંગલામાં શું કરીયે છીએ તે જાણે છે. તેને કાઢી મૂકશું તો તેને આપણા પર શક આવશે. હવે તેને ગેરમાર્ગે દોરીને આપણે ફોર્મ્યુલા બચાવવાનો છે. તેને જરા પણ શક ન આવે તેવી રીતે તેને હટાવવાનો છે. – 'મેસેજ ડિલિવર્ડ' આવતાં તેણે રાહતનો શ્વાસ લીધો. તથાગત ઘરે આવ્યો ત્યારે તેના મોં પર ખાસ કોઈ ભાવ નહોતા ત્યાં જ સિલ્વીયાના મોબાઈલ પર મેસેજ આવ્યો કે 'થેંક્સ સિલ્વી. હવે હું તારી સાથે ઝઘડો કરું એમાં સાથ આપજે. થેંક્સ અગેઈન.'

તથાગતે સિલ્વીયા સામે આંખ મારીને ઝઘડો શરૂ કર્યો.

'સિલ્વી, હજારવાર કીધું કે તને હું કહું છું તેમ જ થશે... આપણે મેટલને પિગળાવી પડશે.'

'પણ તથાગત....' સિલ્વીયા બોલી.

'યુ શટ અપ સિલ્વી !' તથાગત બરાડ્યો. ગણુના કાન સરવા થયા. બંને વચ્ચેનો ઝઘડો સાંભળીને ગણુ બંગલાની અંદર જતો હતો ત્યાં જ તથાગતે ગણુને બૂમ પાડી અને કાગળમાં કંઈક લખી આપ્યું અને કહ્યું, 'ગણુ, આ કેમિકલ છે. તેને લેવા તારે એક કેમિસ્ટની દુકાને જવું પડશે. અહીંથી દોઢેક કલાક દૂર છે. જા જલ્દી જઈને લઈ આવ.' ગણુના હોઠ મલકી ગયા. તે સમજી ગયો કે આ કેમિકલને લીધે જ ફોર્મ્યુલા મળવાની લાગે છે. બસ, હવે એકવાર ગેમ મળે એટલે આ લોકોની 'ગેમ' કરીને...

'જી, સાહેબ લાવો.' ગણુને હાથમાં કાગળ પકડાવી તથાગતને એને કેમિસ્ટની દુકાનનું સરનામું આપ્યું.

ગણુના ગયા બાદ સિલ્વીયા કાંઈક બોલાવા જતી હતી ત્યાં જ તથાગતે તેને ઈશારો કર્યો... વાત નહીં. મેસેજ... ત્યાં જ સિલ્વીના મોબાઈલમાં મેસેજ આવ્યો કે 'તું મારી પાછળ પાછળ આવ. આપણે ત્યાં વાત કરીએ.' તથાગતે ગેમ હાથમાં લીધી ને ડૉ. ના રૂમ તરફ ગયો. તે ડૉ. સેનના રૂમમાં કબાટ પાસે ઊભો રહ્યો. સિલ્વીયાના હોઠ પર હાસ્ય ફરકી ગયું કે શું કબાટની અંદર વાત કરવાની ? ત્યાં જ તથાગતે સિલ્વીયાનો હાથ પકડીને તેને કબાટની અંદર ખેંચી.

ઢગલાબંધ કપડાંની વચ્ચે જગ્યા કરતાં બંને જણા દાદર ઊતર્યા અને ઓરડાનો દરવાજો તથાગતે ખોલ્યો ત્યારે સિલ્વીયા હબક ખાઈ ગઈ. આશ્ચર્યને આઘાતની મારી બે-ત્રણ મિનિટ કાંઈ બોલી જ ન શકી. તથાગતે કહ્યું : 'હવે બોલ. તારા બધા સવાલોના જવાબ આપીશ.' સ્વસ્થ થયા બાદ સિલ્વીયા બે-ત્રણ મિનિટ કાંઈ બોલી જ ન શકી. ખાલી એટલું જ પૂછ્યું 'આ બધું શું ?' તથાગતે માંડીને વાત કરી કે ડૉ. અંકલની રિસર્ચની વાતનો થોડો ખ્યાલ દુશ્મન દેશને કોઈક રીતે આવી ગયો હતો. ગણુએ પાડોશી દેશનો જાસૂસ જ હશે. તેને અહીં ગોઠવીને ફોર્મ્યુલા હાથ કરવાના ખેલ પર આપણે હવે પડદો પાડી દીધો છે.

ખરી રીતે તે કેમિસ્ટની દુકાન CBI ની છે અને આ કેમિકલ કોડવર્ડ છે કે જે માણસ આ કાગળ લઈને આવે તે જાસૂસ કે આતંકવાદી છે અને તેને રસ્તામાંથી હટાવવાનો છે. આ વાત ડૉ. સેને જ મને કરી હતી.

દુશ્મનથી બચવા માટેનો આ સૌથી સારો રસ્તો છે. સિલ્વીયા પ્રશંસાભરી નજરે તથાગતને જોઈ રહી. તથાગતે સિલ્વીયાને ખભે હાથ મૂકતાં કહ્યું : 'ચાલ, હવે આપણે રમત શરૂ કરીએ. જોઈએ રાણી આપણને સાથ આપે છે કે નહીં.' પાછી બંનેએ ગેમ શરૂ કરી પણ કાંઈ ન વળ્યું.

સિલ્વીયાએ થાકી-કંટાળીને પાછા ગેમના નિયમો વાંચવાના શરૂ કર્યા. અચાનક તેને કાંઈક તુક્કો આવ્યો.

'તથાગત, ધ્યાનથી વાંચ અહીં શું લખ્યું છે કે રમત જીતવા માટે પાછળ જુઓ. ચાલ, એક કામ કરીએ કે ગેમમાં ચારે તરફ સ્ક્રૂ લાગેલા છે તે ખોલીને જોઈએ.'

તથાગત ઝડપથી દોડ્યો, કબાટની બહાર નીકળીને સ્ક્રૂડ્રાઈવર લઈ આવ્યો. ગેમ ખોલી ત્યારે બંનેના મોઢામાંથી હુર્રરા... નીકળી ગયું. ત્યાં એક ચિઠ્ઠી હતી કે 'અભિનંદન !' જીતના પ્રથમ પગથિયાં સુધી પહોંચવા માટે ! અહીં છોકરીના હાથમાં એક ઘંટડી છે હવે તેના બીજા હાથમાં પાસો રાખો. છોકરીના વાળમાં પાછળની તરફ એક નાનું બટન છે તે દરેક વખતે પ્રેસ કરો જેથી પાસામાં એક જ આવશે અને રાણી જીતી જશે...'

તથાગત સમજી ગયો કે આ ગોઠવણી યાંત્રિક છે જેનાથી પાસો ફેંકતા દરેક વખતે એક જ આવે. ડૉ. સેનના વિચારો એકદમ યોગ્ય હતા કે જો આ રમત ભૂલેચૂકે પણ કોઈ અયોગ્ય વ્યક્તિના હાથમાં આવે તો તે નિયમો વાંચીને પણ સુદ્ધાં જીતી ન શકે, આ શોધનો ગેરફાયદો ન ઉઠાવી શકે. પેલો બેવકૂફ ગણુ, રમીરમીને મરી જાત પણ તેના હાથમાં આ ફોર્મ્યુલા ન આવત. તેની માટે પરફેક્ટ વૈજ્ઞાનિક બુદ્ધિ અને મગજ જોઈએ.

તથાગત અને સિલ્વીયાનું ડૉ. માટેનું માન વધી ગયું. યોગ્ય વ્યક્તિના હાથમાં ફોર્મ્યુલા જાય તે માટે તેમણે કેટકેટલો ખ્યાલ રાખ્યો હતો. તેમની મહેનત દાદ માગી લે તેવી હતી.

તથાગત અને સિલ્વીયાએ રમત શરૂ કરી આ વખતે પાસાં છોકરી દ્વારા જ ફેંકાતા હતા અને રાણી દરેક વખતે એક એક ડગલું ભરતી હતી. થોડીક જ પળોમાં રાણીએ પોતાની આઠ પગલાંની સફર પૂરી કરી. દરેક ખાનાનાં તાળાં ખૂલી ગયાં અને તથાગત જીતી ગયો, પણ ફોર્મ્યુલા ક્યાં ?... બંનેની આંખામાંથી તે જ પ્રશ્ન ડોકાતો હતો ત્યાં જ હળવેથી વચ્ચેનું ગોળ ખસ્યું અને ફોર્મ્યુલાના કાગળો ત્યાં પડ્યા હતાં. બંનેની આંખમાં ખુશીના આંસુ આવી ગયા. આ ફોર્મ્યુલા રાષ્ટ્રપતિ સુધી પહોંચાડવાની હતી તો જ આગળ કાંઈ થઈ શકે તેમ હતું....

તથાગત અને સિલ્વીયાને ૨૬મી જાન્યુઆરીના સન્માન સમારંભમાં રાષ્ટ્રપતિ દ્વારા એવોર્ડ મળવાનો હતો. રાષ્ટ્રપતિએ નીમલા વૈજ્ઞાનિકોએ ડૉ. સેનની ફોર્મ્યુલા મુજબ મેટલ બનાવ્યું હતું અને તેનું પરીક્ષણ સફળ રહ્યું હતું. બધા દેશો માત્ર જોઈ રહ્યા. ભારતે સર્વોચ્ચ સફળતાનાં શીખરો સર કર્યા હતાં. મેટલનું નામ રાખવાની જવાબદારી રાષ્ટ્રપતિએ તથાગતને તથા સિલ્વીયાને આપી હતી. બંને સ્ટેજ પરથી ડૉ. સેનને યાદ કરતાં એકી અવાજે નામ આપ્યું 'સેન મેટલ' – તાળીઓનાં ગડગડાટ સાથે બધાંએ આ નામ વધાવી લીધું ત્યારે હર્ષના આંસુ સાથે તથાગતને ડૉ. સેનને ખૂબ ગમતી ગુજરાતી કવિતાની પંક્તિ યાદ આવી કે :

***'ધારો કે રાણી તમે જીતી ગયા....'***

❖❖❖

# એક સવાલ



કેમ એક બીજા સાથે આપણને ફાવ્યું નહી.
એક બીજા પ્રત્યેનો પ્રેમ કેમ આપણને સમજાયો નહી.
કરે છે દિલ એકજ સવાલ વારંવાર
શું ખરેખર કર્યો તો પ્રેમ આપણે.
કે પછી પ્રેમ કરતા આપણને આવડ્યું નહી.

કરી ને પસંદ એક બીજાને આપણે
સંબધ આપણા બાંધ્યા હતા.
આપશુ સાથ દરેક કદમ પર એ વચન સાથે જ
જીવનના સફરમાં આપણે સાથે ચાલ્યા હતા.
શું થયું પછી એવું કે વચન એ આપણે પાળ્યું નહી.
કેમ એક બીજા સાથે આપણને ફાવ્યું નહી....

હતા એક બીજા ને એટલા નજીક
તે છતાંય કેમ એકબીજાને જાણી ના શક્યા.
કરે છે પ્રેમ જ છે સર્વસ્વ જીવનમાં
તો સર્વસ્વ એ કેમ આપણે માણી ના શક્યા
કર્યો તો જો પ્રેમ સાચા હૃદયથી
તો વાત એક બીજા ના મનની કેમ સમજી ના શક્યા.

પ્રેમ પ્રેમ કરતા રહ્યા પણ
ભાષા પ્રેમની કેમ સમજી ના શક્યા.
કેમ શબ્દોમાં જ ફક્ત આવ્યું નજર પ્રેમ
નજરોમાં એક બીજાની કેમ દેખાયું નહી.
શું ખરેખર કર્યો તો પ્રેમ આપણે
કે પછી પ્રેમ કરતા આપણને આવડયુ નહી...
કેમ એક બીજા સાથે આપણને ફાવ્યું નહી...

**સંજય દૈયા**

# દૃષ્ટાંતનો કાટ લાગતો નથી

**સુરેશ દલાલ**

**મા**રી મોટી દીકરી નિયતિએ મને આ વાત કરી છે તે મને એટલી હદે સ્પર્શી ગઈ કે હું મારી રીતે એને વ્યક્ત કરું છું. આ દૃષ્ટાંત એણે કયાં અને ક્યારે સાંભળ્યું તે યાદ નથી. ઉત્તમ દૃષ્ટાંતને ક્યારેય કાટ લાગતો નથી.

એક નાનું અમથું ખોબા જેવડું ગામ હતું. શહેરમાં તો માણસ એકમેકને બહુ બહુ તો નામથી ઓળખે. ગામમાં તો બધા જ એકમેકને નામથી અને કામથી ઓળખે.

એક સંત જેવો માણસ હતો. ગામમાં એ આદરપાત્ર અને આદર્શપાત્ર ગણાતો. ભક્તિના પારસમણિ જેવો જાણે કે ધવલ, ઉજ્જ્વલ આરસની જીવંત મૂર્તિ. ગામ આખું એની ભક્તિ પાછળ ઘેલું.

સંતે કહ્યું : 'હું તો નીકળી પડયો છું મારા ભગવાનના ભરોસે. એ જ્યાં લઈ જશે ત્યાં જઈશ. જેમ રાખશે તેમ રહીશ. મારો ભરોસો મારામાં નહીં, મારા ભગવાનમાં. હું તો માત્ર આ ચાર આની લઈને નીકળ્યો છું.' ગામલોકો એની આ ભક્તિ અને શ્રદ્ધાથી વિસ્મય અનુભવતા હતા, પણ આ વખતે તો 'ન ભૂતો ન ભવિષ્યતિ' જેમ આશ્ચર્યચકિત થઈ ગયા.

સંત તો નીકળી પડયા. એ જ્યાં જાય ત્યાં જાણે કે વસંતનો વૈભવ. દરેક ગામમાં લોકો એની આગતાસ્વાગતા કરે, એના જાતજાતનાં અછો વાનાં થાય. સંત તો મનમાં ને મનમાં મલકાય. જ્યાં પગ મૂકે ત્યાંથી રસ્તો ફૂટે. જીભ ભગવાનનું નામ ઘૂંટે. ભૂખ લાગે ત્યારે અન્ન મળે. તરસ લાગે ત્યારે જળ મળે. રાત વખતે રોટલો ને ઓટલો બન્ને એની અડખેપડખે.

મહિના, બે મહિના, ચાર મહિના; છ મહિના - આમ ને આમ સમય વીતતો ગયો. પેલી ચાર આનીનો ક્યારેય ઉપયોગ ન કરવો પડયો. ભગવાનમાં એની શ્રદ્ધા હતી તો ખરી જ પણ એ વધુ ને વધુ ઊંડી ઊતરતી ગઈ અને દૃઢમૂળ થતી ગઈ. આપણે સારા તો દુનિયા સારી. દુનિયાદારી પણ સારી. મારી ચાર આની હેમખેમ છે. હું ભગવાન ને દુનિયા કુશળક્ષેમ છે. હવે તો કશું જ નહીં. પહેલાંની જ ધ્રુવપંક્તિ ઘૂંટાતી આવે. હું ભલો ને મારો ભગવાન ભલો.

ઘણી યાત્રા કરી. હવે આપણા મૂળ ગામ ભણી ચાલો. સંત પહોંચ્યા પોતાને ગામ. લોકો તો હરખથી હરખાય. લોકો અને સંતની આંખમાં આનંદના અશ્રુ ભરાય. ગામ આખું ટોળે વળ્યું. સંતે મુઠ્ઠી ખોલી અને પોતાની ચાર આની બતાવી. એનો ક્યાંય ઉપયોગ ન કરવો પડયો. ભગવાન જાણે કે પડછાયાની જેમ સાથે ને સાથે. લોકો તો આશ્ચર્યવત્. સંત હસીખુશીથી વાતો કરે ને લોકો હરખાતા જાય. ભાવભીનાં થઈ ગયા. સંતને કારણે લોકોના ભવનું ભાવસાગરમાં રૂપાંતર થતું હોય એવું લાગ્યું.

આ ટોળામાં એક ઓલિયા જેવો માણસ હતો. એ ખડખડાટ હસતો હતો - જાણે કે હાંસી ઊડાડતો હોય એમ.

લોકો ઉશ્કેરાયા. સંત પણ ઘાંઘા થઈ ગયા. એના પુણ્યપ્રકોપનો પાર ન રહ્યો. પછી પૂછ્યું કે તમે આટલું બધું અળખામણું હસો છો કેમ ? ભેજું ઠેકાણે તો છે ને !

ઓલિયાએ માત્ર એટલો જવાબ આપ્યો કે ભારે દુ:ખની વાત છે કે આપણા બધાનો ભગવાનમાં ભરોસો ચાર આની છે. સોળ આની ભરોસો કોઈનો નથી આપણો ભરોસો જ અધૂરો છે. ઊણો છે. પૂર્ણ ભરસો જ નથી. કવિ પ્રહ્લાદ પારેખની પ્રસિદ્ધ પંક્તિ યાદ આવે છે.

*ખુદનો ભરોસો જેને હોય રે નહીં.*
*એને ખુદાનો ભરોસો નકામ.*

❖❖❖

## મારે સમાજ સમજવો છે

છીંક આવી તો અમંગળ, અમાસનો દિવસ અમંગળ
આરતીનો દીવો ઓલવાયો અમંગળ, બિલાડી આડી આવી અમંગળ
દિકરી વિદાય બુધવારે અમંગળ, ઉત્તર દિશામાં ઓશીકું અમંગળ
કુંડળીમાં મંગળ અમંગળ, કાળી શાહીનું લખાણ અમંગળ
ચૌદસ-અમાસની મુસાફરી, અમંગળ
વિધવાને કપાળો ચાંદલો, જાણે આભ ફાટ્યો,
પંચકમાં મૃત્યુ જામે અપશકુનનો ભય લાગ્યો,
પહેલે ખોળે ''દિકરી'' મન મનાવી લો,
પહેલે ખોળે ''દિકરો'' ખુશખુશાલ ચહેરો.
આપણા સમાજની આ પહેચાન.

# ''ઘણી ખમ્મા મારા ફ્રિજને''

**અમૃતલાલ વેગડ**

વર્માજી અહીંની પોલિટેકનિકમાં લેક્ચરર હતા. ત્યાં જ અમારી આર્ટ-કૉલેજ. એમને કળામાં રસ. એથી જ્યારે નવરા પડે ત્યારે અમારે ત્યાં આવે. આમ અમારી મૈત્રી બંધાઈ. યુનેસ્કોની સ્કૉલરશીપ મળવાથી એક વરસ માટે અમેરિકા ગયા. ત્યાંથી આવ્યા પછી ભોપાલના ટી.ટી.ટી.આઈ. માં પ્રોફેસર થયા. મોરેશિયસ સરકારના આમંત્રણ થકી મોરેશિયસ ગયા અને ત્યાં સાત વર્ષ રહ્યા. હવે ભોપાલમાં રહે છે. જબલપુર આવ્યા તો મળવા આવ્યા. મેં સહેજે પૂછ્યું, ''વર્માજી, આટલાં વર્ષોથી ભોપાલમાં રહો છો તો અરેરા કૉલોનીમાં મકાન તો બાંધ્યું જ હશે.''

વર્માજીએ હસીને કહ્યું, ''મકાનની વાત છોડો, ફ્રિજ ખરીદતાં ૨૦ વર્ષ થયાં !''

''વીસ વર્ષ ? માનવામાં નથી આવતું.''

''માંડીને વાત કરું.'' કહીને એમણે બોલવાનું શરૂ કર્યું.

લગભગ ૪૫ વર્ષ પહેલાની વાત છે. નવાં નવાં લગ્ન થયેલાં. પત્નીના પિયરમાં ફ્રિજ હતું. હવે પિયરમાં કોઈ ચીજ હોય અને સાસરામાં ન હોય તો વિકટ પરિસ્થિતિ સર્જાય. તેમાં વળી એક દિવસે પ્રોફેસર સક્સેના આવ્યા. સાથે એમના પત્ની પણ હતાં. પત્નીની સાડી હજારની તો હશે જ. મારી પત્ની જોતી જ રહી ગઈ. ચા-નાસ્તો કરાવ્યો. પાણી આપ્યું. એમનાં પત્નીએ કહ્યું, ''અમે તો ફ્રિજનું જ પાણી લઈએ છીએ. માટલાનું પાણી એટલું ઠંડું નથી થતું.''

હજી સાડીનો ઘા રૂઝાયો નહોતો ત્યાં આ ફ્રિજને ઘા આવી પડયોય મારી પત્ની માટે એ અસહ્ય થઈ પડયો. એ લોકો ગયા એટલે એણે ફ્રિજની હઠ પકડી. બાળકોના દોસ્તોને ઘેર પણ ફ્રિજ એથી તેઓ તો પહેલેથી જ એને ફ્રિજ લેવા માટે ઉશ્કેરી રહ્યા હતા. આ ઉશ્કેરણીને લીધે ફ્રિજ વગર ચલાવવું બહુ મુશ્કેલ થઈ ગયું. હું પણ કોઈને ત્યાં જતો તો ગૃહસ્વામી પત્ની કહેતા, ''વર્માજી આવ્યા છે, ફ્રિજનું ઠંડું પાણી લાવજે.'' થોડા દિવસ તો સાંભળતો રહ્યો, પણ પછી ફ્રિજના ઠંડા પાણી'ની વાત સાંભળતા જ તનમનમાં આગ લાગી જતી. કેટલાક તો ડ્રોઈંગરૂમમાં જ ફ્રિજ રાખતા જેથી બધા તેમનો વૈભવ જોઈ શકે. ફ્રિજ વગર અમારા માટે સભ્ય લોકોમાં ખપવું અઘરું થઈ પડયું. ફ્રિજ રહેવાથી ઘરધણી સમાજનો ગણનાલાયક અને માનવંતો માણસ ગણાતો. મારો અહં પણ જાગ્યો. હુંયે ગેઝેટેડ ઑફિસર છું. ફ્રિજ ખરીદી શકું છું. ફ્રિજ ખરીદવાનું નક્કી કર્યું.

એ સમયે મન કુલ ૩૦૦ રૂપિયા મળતા અને ફ્રિજ ૧૫૦૦ માં આવતું. પાંચ મહિનાનો પગાર ! આથી એક બાજુ કરકસર શરૂ કરી અને બીજી બાજુ વધુ આવક થાય એ માટે પરીક્ષાઓમાં સુપરવિઝનનું કામ કરતો. ઉત્તર પુસ્તિકાઓ તપાસતો અને પેપર પણ સેટ કરતો. વર્ષોની જહેમત બાદ ૧૫૦૦ એકઠા થયા. ઘરમાં ફ્રિજ ક્યાં રાખવું એની ચર્ચા-વિચારણા થઈ. આઈસક્રીમ બનાવવાની વિધિનાં પુસ્તકો વંચાય. પાડોશીઓને નોતરા અપાયાં અને બાળકોએ તો ફ્રિજ માટે દેશી નામ પણ વિચારી લીધું : ટાઢું ટબૂકલું ! હું ફ્રિજ લેવા ગયો. દુકાનદાર ઓળખવા લાગ્યો હતો. મનમાં આશા હતી કે ફ્રિજને ઘર પહોંચાડવાનું ભાડું એ નહીં લે. એને રૂપિયા ૧૫૦૦ રોકડા આપીને ઘરનું સરનામું સમજાવ્યું ત્યાં તો એણે કહ્યું કે ફ્રિજ તો ૨૫૦૦ રૂપિયાની થઈ ગયું છે !

હું સડક થઈ ગયો. જેમતેમ જાતને સંભાળી લઈ ઘેર પાછો ફર્યો. ઘરમાં સૌ ફ્રિજની રાહ જોતાં બેઠાં હતાં. ત્યાં મને ખાલી હાથે આવેલો જોઈને પત્નીને ફાળ પડી. મારી વાત સાંભળીને પત્નીનું મોં પડ્યું અને દીકરાનું મોં હાંડલા જેવું થઈ ગયું. એમના મોં જોઈને મારું મન દુ:ખી દુ:ખી થઈ ગયું.

ભાગ્યથી થોડા મહિના પછી મારું પ્રમોશન થઈ ગયું. લેક્ચરમાંથી પ્રોફેસર થયો અને છેવટે વિભાગાધ્યક્ષ પણ થયો, પગાર પણ વધ્યો. હવે જરૂર ફ્રિજ ખરીદી શકીશ, પરંતુ ફ્રિજ ૩૦૦૦ નું થઈ ગયું હતું. જેમ જેમ ફ્રિજની કિંમત વધતી ગઈ, તેમ તેમ મારી જીદે વધતી ગઈ. ગાંડાની જેમ વધુ નોટબુકો તપાસતો ને વધુ ઈનવિજિલેશનનું કાર્ય કરતો, જેમ તેમ કરીને ૩૦૦૦ રૂપિયા એકઠા કર્યા. પરંતુ ત્યાં સુધી તો ફ્રિજ ૪૫૦૦ રૂપિયાનું થઈ ગયું હતું. હું ભાંગી પડયો.

પરંતુ એ પછી મને યુનેસ્કોની સ્કૉલરશીપ મળી એને એક વર્ષ માટે હું અમેરિકા ગયો. ત્યાંથી સારા પૈસા લાવ્યો. હવે કોઈ પણ કિંમતે ફ્રિજ ખરીદી શકું એમ હતું. પણ એની કિંમત નહોતી વધી, ૪૫૦૦ જ હતી ! હું નિરાશ થયો. જે વાતનો આનંદ થવો જોઈતો હતો, એ વાત પર દુ:ખ થયું. ખેર, આ વેળા ગઢ જીતી લીધો. ફ્રિજરૂપી મંગળ ઘટની ઘરમાં પથરામણી થઈ ૨૦ વર્ષ પહેલાં મનમાં ફ્રિજ અંગે જે ઘેલછા હતી, એ હવે ન રહી. દીકરી પરણીને સાસરે ચાલી ગઈ હતી. દીકરો અમેરિકા ચાલ્યો ગયો હતો. મને અસ્થમા છે. ઉકાળેલું નવશેકું પાણી પીવું પડે છે. આમ ફ્રિજ આવ્યું ત્યારે એની ખાસ ઉપયોગિતા ન રહી. તેમ છતાં ''ઘણી ખમ્મા મારા ફ્રિજને !'' કહીને પત્નીએ એને આવકાર્યું. પિયર ભાભીને કાગળ લખ્યો, અમારે ઘેર પણ ફ્રિજ આવી ગયું છે ! હવે તમે જ વિચાર કરો ફ્રિજ ખરીદતાં મને ૨૦ વર્ષ થયાં તો મકાન બાંધતા કેટલાં વર્ષ થયાં હોત ! તેમ છતાં. મકાન ન બાંધવાના મારા કારણ સાંભળવાં હોય તો એ પણ કહું, આટલું કહીને, અવશેકું પાણી પીને વર્માજીએ પોતાની કથાનો બીજો ભાગ સંભળાવવો શરૂ કર્યો.

❖❖❖

# ત્રણેય ભુવનોનો માલિક સદ્ભાવનાઓ અને પ્રેમનો ભૂખ્યો છે

નાનુભાઈ સંઘવી

**આ**જે સમગ્ર દેશ યાદવાસ્થળીનો ભોગ બન્યો છે. અંદરોઅંદર ઈર્ષ્યાની આગ લબકારાં મારી રહી છે. કાપાકાપીમાં જનશક્તિ બિલકુલ કુંઠિત બનતી જાય છે. બે બિલાડીઓનાં ઝઘડામાં વાંદરો જેમ કમિશન કમાઈ જાય તેવી હાલત ભારતની પ્રજાની થઈ રહી છે. આ દેશની પ્રજા પૂર્વે સ્વમાનભેર જીવતી હતી તે પ્રજા સાવ ઓશિયાળી બનીને જીવી રહી છે. આજે આ મહાન પ્રજા દુર્ભાવનાથી દૂષિત બનતી જાય છે. માત્ર કોઈનું કેમ પડાવી લેવું, હરામનું કેમ ખાવું ? જેવી દુર્ભાવનાઓ વધતી ચાલી છે. જીવનનિષ્ઠ મૂલ્યો ભૂંસાતા જાય છે. એક પણ મૂલ્ય આજે જીવંત રહ્યું નથી. કેવી હાલાકી અને હાડમારીઓની વચ્ચેથી દેશ પસાર થઈ રહ્યો છે ? જેમાં મોટો ભાગ મોવડીઓનો છે. આ મોવડીઓએ જ દેશનો દાટ વાળ્યો છે. ઉપરવાળાઓ જ્યાં સુધી નહિં સુધરે ત્યાં સુધી મૂલ્યોની જાળવણી નહિં થઈ શકે.

જગતમાં રહેલ દરેક જીવ પ્રેમનો ભૂખ્યો છે. શેરીમાં રહેતો કૂતરો પણ પ્રેમને ઝંખે છે. તમે એને પંપાળો...રોટલીનો ટૂકડો નાંખો તો તે કૂતરો પૂંછડી પટપટાવતો તમને ચાટવા માંડશે. કૂતરાને પણ તમે તે બેઠો હોય અને ઉઠાડો તો એને દુઃખ થાય છે. નેવું વર્ષના વયોવૃદ્ધ વડિલને પણ પ્રેમની જરૂર પડે છે. ઘરનાં નાના બાળકો સાથે એ ખૂબ પ્રેમથી પોતાનું જીવન વ્યતીત કરતાં હોય છે. જો તેવા વડીલોની સાથે પણ ઘરનાં કોઈ સભ્ય ઓરમાયું વર્તન દાખવે તો તેમને દોઝખ જેવું લાગતું હોય છે. હુંફ તો કોને નથી જોઈતી ? નાના બાળકને પણ જો તમે ઉંચા અવાજે કાંઈક બોલશો તો એને એવું સ્વમાન ઘવાયું હોય તેવો અહેસાસ થશે. ''પ્રેમ આપો તો પ્રેમ મળે'' એવી એક ગુજરાતી કહેવત છે. તમારે જે જોઈતું હોય તે તમે બીજાને આપો... આજે ઘર ઘરમાં હોળી સળગી છે. સાસુ વહુને ધિક્કારી રહી છે....બાપ દીકરાને ધિક્કારી રહ્યો છે. મિત્ર શત્રુને ધિક્કારી રહ્યો છે. હવે જો માત્ર ધિક્કાર અને તિરસ્કાર આપવામાં આવશે તો તમને પણ સામેથી એવો જ પ્રતિસાદ મળશે...બાવળીયા વાવીને આમ્રવૃક્ષની અપેક્ષા રાખવી તે વ્યર્થ જ છે, જોઈએ છે પ્રેમ અને આપો છો તિરસ્કાર, તો પ્રેમ ક્યાંથી મળે ? દુર્ભાવનાઓ ભાવીને સદ્ભાવના સંગીતની ઈચ્છા કરવી તે યોગ્ય નથી.

અરે, આર્યદેશની સંસ્કૃતિ તો આપણને એવું શીખવે છે કે, તમને કોઈ ધિક્કારતું હોય તો પણ તમે એના માટે શુભ ભાવનાઓ રાખજો... જેથી એક સમય એવો આવશે કે ધિક્કારનારને પોતાની જાત ઉપર ધિક્કાર છૂટશે ને તમારી ક્ષમાયાચના કરવા એ દોડી આવશે...પ્રભુ મહાવીરે ક્યારેય કોઈને ય ધિક્કાર્યા નથી... આગની સામે આગ ક્યારે ય બન્યા નથી. બલ્કે, આગની સામે ફાયરબ્રિગેડનું કામ તેમણે કર્યું છે. સામ્પ્રત પરિસ્થિતિ આજે વિષમ બની છે... આજે તો જ્યાં ને ત્યાં ફાયરિંગ જ જોવા મળે છે. શ્રીકૃષ્ણ અને સુદામાના જીવનપ્રસંગો યાદ કરો તો ખ્યાલ આવે કે, સુદામા જ્યારે ગરીબ સ્થિતિમાં હતા ત્યારે એની પત્નીએ સુદામાને પોતાના મિત્ર શ્રીકૃષ્ણ પાસે પૌંઆની પોટલી આપીને મોકલ્યા હતા... જ્યારે શ્રીકૃષ્ણને ખબર મળી કે મારો જીગરજાન દોસ્ત સુદામા આવ્યો છે તો મિત્રને ભેટવા માટે શ્રીકૃષ્ણ દોટ મૂકે છે. બંને ભેટી પડે છે. અને આંખોમાંથી હર્ષના આંસુ આવી જાય છે. માનભેર મિત્રને મહેલમાં લઈ જાય છે. સંતાડી રાખેલી પોટલી સુદામા પાસેથી આંચકી લઈને શ્રીકૃષ્ણ પૌંઆના ફાકા મારી રહ્યા છે...વાહ દોસ્ત વાહ ! કેટલી સુંદર મજાની વસ્તુ તું મારા માટે લઈ આવ્યો છે. વસ્તુની મહત્તા નથી પણ વ્યક્તિની ભાવનાની મુખ્યતા છે.

મને યાદ આવે છે રામચંદ્રજીની પરમભક્તા શબરી ! રામજીની વાટ જોતાં રોજ સુંદર મજાનું પોતાનું આંગણું સજાવે છે. પાણી છાંટે છે. સરસ મજાનાં બોરડીનાં બોર તોડી લાવે છે. એકેક બોરને ચાખી રહી છે, રખેને મારા રામજી માટે એક પણ બોર ખાટું ન હોય...વૃક્ષ પર ચડી જઈને રામજીની રાહ જોતાં એક દિવસ રામજી સ્વદેહે સાક્ષાત પધાર્યા. શબરીનો હરખ માતો નથી. સદ્ભાવનાના અને પ્રેમના ભૂખ્યા ભગવાન શ્રી રામચંદ્રજીએ એનાં એંઠાં બોર પણ પ્રેમથી આરોગ્યા...પ્રભુ વીર પણ ચંદનાની સદ્ભાવનાનો ભૂખ્યો છે...મંદિરમાં જઈને સારા અવાજમાં તમે પ્રાર્થના કરશો એટલે પ્રભુ ખુશ થશે એવું નથી.

પ્રાર્થનામાં પ્રભુ પ્રત્યે સદ્ભાવના જોઈશે. પ્રાર્થનામાં પણ વેદના અને સંવેદના જ્યાં સુધી પ્રગટ નહિં થાય ત્યાં સુધી એ પ્રાર્થનાઓ પણ ફલીભૂત બની નહિં શકે... આજે સદ્ભાવનાનું સંગીત રેલાવવાની જરૂર છે. તો જ આ સમાજને ઘણા બધા અનિષ્ટોમાંથી આપણે ઉગારી શકીશું.

*('શુભમંગલપથ'માંથી સાભાર)*

❖❖❖

# પ્રેમ અને આસ્થાનું ઘર



અવંતિકા ગુણવંત

**જો** આપણે સંવાદિતાભર્યા પ્રેમથી હર્યાભર્યા ઘરમાં પગ મૂકીશું તો તરત આપણાં હૃદયમનને કોઈ અજબ શાંતિનો અનુભવ થશે. આપણે તાજગી અનુભવીશું. એ કુટુંબ અલ્પશિક્ષિત હોય કે સાવ અભણ હોય, આર્થિક રીતે બહુ સાધનસંપન્ન ન હોય છતાં ત્યાં બેસવામાં આપણને નિરાંતનો અનુભવ થશે. એ શાંતિ, એ તાજગી એ નિરાંત આપણને મળે છે ત્યાં રહેનાર પાસેથી.

એ ઘરમાં ભલે સુશોભન કે મોંઘાદાટ ફર્નિચર ન હોય પણ ત્યાં રહેનારનાં હૈયાં સ્નેહથી છલોછલ હોય છે, તેથી આપણને ત્યાંની ભૌતિક અધૂરપ ખટકતી નથી. એથી ઊલ્ટું, કોઈ સાધનસંપન્ન વૈભવશાળી ઘર હોય, ઉચ્ચ શિક્ષણ મેળવેલું કુટુંબ હોય પણ ત્યાં જો વિખવાદ અને વિસંવાદ હશે તો ત્યાંની હવા દઝાડનારી લાગશે. ધનદોલત કે મોંઘા ફર્નિચરથી ઘર નથી બનતું, ઘર બને છે ત્યાં રહેનારથી. પતિ પત્નીનો હસ્તમેળાપ થાય છે એને અનુલક્ષીને કહેવાયું છે.

*'બે હથેળીઓ મળીને ઘર થયું.*
*તે પછી જે થયું તે સુંદર થયું.'*

ઘર હસતું-ગાતું, જીવંત હોવું જોઈએ. પતિ-પત્ની એમના ઘરને ધારે તો સ્નેહ અને સુખનું ધામ બનાવે છે. પણ એ પોતે જ જો અસંતોષ અને તૃષ્ણાની આગમાં જલતાં હોય તો શું થાય ? છેલ્લાં થોડા વરસોથી માણસ ભૌતિકવાદના ભરડામાં ભીંસાતો જ જાય છે. એ યંત્રવત મહેનત કરીને એનું ઘર ચીજવસ્તુઓથી ભરતો જાય છે. ખરીદીનું એને એવું વ્યસન પડી ગયું છે કે એ તૂટતો જાય છે. તનાવ અને સ્ટ્રેસમાં પિસાતો જાય છે, એ તીવ્ર હતાશા તરફ ઘસડાઈ રહ્યો છે, બચવા એ તરફડિયાં મારી રહ્યો છે, એણે જો બચવું હોય તો જીવન પ્રત્યેની દૃષ્ટિ બદલવી પડશે, સ્વભાવમાં પરિવર્તન લાવવું પડશે. ચાલો, આપણે એનો સ્વભાવ તપાસવા થોડા પ્રશ્નો પૂછીએ :

૧) ગુસ્સો આવ્યો હોય તો કાબૂ રાખી શકો છો ? સંયમથી વર્તી શકો છો ?

૨) તમે તનાવ કે ચિંતામાં હો તો ગુમસુમ બેસી રહો છો કે જીવનસાથીને વિગતે વાત કરીને તમારા મનોવ્યાપારમાં સહભાગી બનાવો છો ?

૩) ક્યારેક તમારો મૂડ બરાબર ન હોય તો વાણી રુક્ષ અને તોછડી બને છે ?

૪) તમે તનાવમાં ખેંચાયે જ જાઓ છો ? ટેન્શન તમારા પર છવાઈ જાય પછી તમે તમે નથી રહેતા ?

૫) નિખાલસતા અને આત્મીયતાથી તમારી સમસ્યા કહેવાના બદલે, બોલ બોલ ન કર, તને શું ખબર પડે ? એવું કહીને એની વાત કાપી નાખો છો ?

૬) સાથીની વાત સાંભળવા તમારી પાસે પૂરતો સમય છે ?

૭) આપણી વાણી દ્વારા આપણું મન વ્યક્ત થાય છે. ઘણીવાર ખોટા ઉકળાટમાં ન બોલવાનું બોલી કાઢીએ છીએ. ખોટા ટેન્શનમાં મનમાં ન હોય એટલી કડવાશ ઓકી કાઢીએ છીએ. બિનજરૂરી નિસાસા નાખીએ છીએ ને ફરિયાદો કરીએ છીએ ને વાતનું વતેસર થઈ જાય છે. શબ્દ ખંજર કરતાંય કાતિલ હોય છે. કહેવાય છે જે માણસ જીભને વારી શકે છે એ જિંદગીને ઉગારી શકે છે.

પતિ-પત્નીએ પરસ્પરને પારકી અનામત માનીને પરસ્પરને સાચવતાં શીખવું જોઈએ. બધાંને પોતાની કારકિર્દીમાં ટોચ પર પહોંચવું છે. સંબંધો વિકસાવવા છે. આના કારણે અંગત જીવન અને બાહ્ય જીવન વચ્ચે ઘર્ષણ થયા કરે છે. સમતુલા સાચવવા સમાધાન કરવું પડે છે. ઘણાં લોકો સુખી નથી હોતાં છતાં સુખી હોવાનો દેખાડો કરે છે. સુખી થવું એ બીજા કોઈના પર નહીં, તમારા પર આધાર રાખે છે. માણસને સહજીવન જીવતાં આવડવું જોઈએ. લગ્ન મૈત્રીનું શ્રેષ્ઠ સ્વરૂપ છે અને દામ્પત્યસુખ એ જીવનનું સૌથી મોટું સુખ છે.


## ચિંતન

મારો આત્મા પરમાત્મા સમાન છે એ શુદ્ધનિશ્ચય છે અને સર્વ જીવો મારા આત્મા સમાન છે માટે તેમણે પીડારૂપ ન થાય તેવો યોગ્ય વ્યવહાર મારે કરવો જોઈએ તે શુદ્ધ વ્યવહાર છે. નિશ્ચયના લક્ષ્યપૂર્વકનો શુદ્ધ વ્યવહાર મોક્ષ પ્રત્યે લી જાય છે.

બધા આત્માઓ તત્વદૃષ્ટિથી પરમાત્મા જ છે. કેવળ રાગ-દ્વેષાદિથી મલિન થયેલા હોવાથી પરમાત્મ સ્વરૂપની અભિવ્યક્તિ થતી નથી. પરમાત્મ સમદર્શિત્વ એટલે મારો આત્મા પરમાત્મા સમાન છે. સિદ્ધનો જે સ્વભાવ છે તે જ સાધકની યોગ્યતા છે.

આત્માના અજ્ઞાનથી ઉત્પન્ન થતું દુઃખ આત્મજ્ઞાનથી નાશ પામે છે. આત્મ જ્ઞાન વિના માણસો તપથી પણ તે દુઃખ દૂર કરી શકતા નથી કારણકે જ્ઞાનવિનાનું તપ અલ્પ ફળવાળુ છે.

# રંગભેદ એક અભિશાપ



**શાંતિલાલ નાયક 'સ્નેહલ'**

**મા**નવીમાત્ર ઈશ્વરના સંતાન છે એમ કહેવાય છે તો ખરું પણ... રંગભેદની નિમ્ન વિચારસરણીને લીધે જગતને ખૂણેખૂણે કાળી અને ગોરી ચામડીવાળાના ભેદ સર્વવ્યાપક થઈ ગયા છે. ભારતમાં પણ શુદ્રોની થતી અવગણના અજાણી નથી ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં જોયું હતું કે ગોરા અંગ્રેજો કાળા હબસીઓ અને ભારતીઓને તુચ્છકારતા, અપમાનિત કરતા. ત્યારે બાપુએ કહ્યું હતું કે, ''ભારતમાં આપણે શુદ્રોની અવગણના અને તિરસ્કાર કરીએ છીએ તેનું જ ફળ અહીં આપણે ભોગવીએ છીએ.''

તે પછી એટલે જ તો ગાંધીજીએ ભારત આવ્યા પછી અસ્પૃશ્યતા નિવારણની ઝુંબેશ ઉપાડી હતી. 'શુદ્રો પમ હરિના જ સંતાન છે,' એમ કહી તેમને 'હરિજન' કહેવડાવ્યા હતા.

ઘણા સમય પહેલાં વાંચેલો એક પ્રસંગ યાદ આવે છે :

એક નીગ્રો વહેલી સવારે એક ચર્ચમાં ગયો અને તેણે ચર્ચના પાદરીને પ્રાર્થના કરી કે, 'મને અંદર જવા દો !' પરંતુ એ કાળી ચામડીવાળો નીગ્રો ગોરી ચામડીવાળાના ચર્ચમાં કેમ જઈ શકે ? ભીતરની વાતો કરવાવાળા બહારની ચામડી જોનારા હોય છે ! તથા પરમાત્માની વાતો કરનારા પણ અલગ નજરે જુએ છે કે આવનાર શુદ્ર છે કે બ્રાહ્મણ ? કાળો છે કે ગોરો ?

ચર્ચના પાદરીએ જમાનાને ઓળખીને સીફતથી વાત કરી : ''મિત્ર ! જ્યાં સુધી તન-મન શુદ્ધ ન થયું હોય ત્યાં સુધી અંદર જઈને શું કરશો ?'' પહેલા પણ નિગ્રોને રોકતા હતા, પણ એમ કહીને કે 'શુદ્ર ચાલતો થા, અહીં તમે પ્રવેશ શેનો મળે ?હવે સંયોગ જોઈને પાદરીએ ભાષા બદલવી પડી હતી. તન-મન-શુદ્ધ બનાવ્યા વિના પરમાત્માના દર્શન ન કરી શકાય એમ કહીને નીગ્રોને ધર્મની વાત કહી.'

પણ શ્વેત ચામડીવાળા અસંખ્ય લોકો આવતા તેમને તો એ આવી વાત નહોતા કરતા ! એ બધા તો શાંત શુદ્ધ અને સ્વસ્થ મનવાળા છે એમ જ સમજવામાં આવતું હતું ! એ સીધો સાદો નીગ્રો તો પાછો ચાલ્યો ગયો. પાદરીએ માર્મિક હાસ્ય સાથે વિચાર્યું કે તેનાથી તન-મન પવિત્ર કરી શકવાનું નથી એટલે તે ફરી અહીં આવશે નહીં.

ખરેખર, તે ન જ આવ્યો, પણ એટલા માટે નહીં કે તેનું મન શાંત અને શુદ્ધ નો'તુ થયું; પણ એટલા માટે કે તેનું મન પૂર્ણ જ્ઞાન અને શાંતિ પ્રાપ્ત કરી શક્યુ હતું. દિવસો વિતતા ગયા. એકાદ વરસ બાદ પેલા નીગ્રોને તે ચર્ચ પાસે પસાર થતો પાદરીએ જોયો. પાદરીએ કલ્પ્યું કે એ લગભગ તો ચર્ચમાં જ આવી રહ્યો છે. પાદરી જરા મૂંઝાયો પણ ખરો. પણ તેનો ભય નિરાધાર હતો. એ નીગ્રોએ તો ચર્ચ તરફ નજર ઉપાડીને જોયું પણ નહીં ! એ તો આગળ નીકળી ગયો. પાદરી તેની પાછળ દોડયો અને તેને રોકીને પૂછ્યું : ''મિત્ર ! તમે તો ફરી દેખાયા જ નહીં ?'' પેલો નીગ્રો હસવા લાગ્યો અને બોલ્યો :

''મારા મિત્ર અને માર્ગદર્શન ! તમને હું બહુ બહુ ધન્યવાદ આપું છું. તમારી સલાહ માનીને મેં ગત આખ્ખું વર્ષ વીતાવ્યું ! હું આશા કરતો હતો કે મારું મન શાંત અને શુદ્ધ થાય. તો હું તમારા દ્વાર પર આવું. પણ ગઈ રાત્રે જ મને સ્વપ્નમાં પ્રભુ પોતે મળ્યા અને કહેવા લાગ્યા કે, 'એ ચર્ચમાં શાને માટે જવા અધીરો થાય છે ? મને મળવા માટે ?' જો હું તને સત્ય કહું છું કે દસ વરસથી હું પોતે એ ચર્ચમાં પ્રવેશવા પ્રયત્ન કરું છું; છતાં એ પાદરી મને અંદર દાખલ જ થવા દેતો નથી. તો પછી જ્યાં હું ન જઈ શક્યો ત્યાં તું જઈ શકશે એ સંભવિત જ નથી !'

નીગ્રોની વાત સાંભળી પાદરી છોભીલો પડી ગયો, આ પ્રસંગ વાંચી મને મારી કલમે લખવા પ્રેર્યો હતો કે :

''અરે સ્નેહલ જગતમાં'માનવીની જાત એક જ છે; છતાં કાળા ગોરાના ભેદથી પીડાય છે માનવ !''

❖❖❖

## અહમ્

ગરીબને તો કદાચ પૈસા
આપીને તૃપ્ત કરી શકાય છે
કારણકે એની અતૃપ્તિના
મૂળમાં પૈસાનો અભાવ જ હોય છે,
પણ શ્રીમંતને તો ગમે તેટલું આપીને પણ
તૃપ્ત કરવો મુશ્કેલ છે.
કારણ કે એની અતૃપ્તિના મૂળમાં કેવળ
અહમ્‌ની જ ભૂખ હોય છે
કે જેનો તૃપ્ત થવાનો સ્વભાવ જ નથી.
છતાં શ્રીમંત એ ભ્રમણામાં જીવે છે કે
સંપત્તિના માધ્યમે હું મારા અહમ્‌ને
જરૂર સંતોષી શકીશ !

# દરિયા અને નદીની વાત

વૃક્ષને જીવંત રાખવા તેના મૂળને જ પાણીનું સિંચન કરવું પર્યાપ્ત છે. જે એક મૂળનું સિંચન કરે છે તે આખા વૃક્ષનું સિંચન કરે છે. કદાચ કોઈ તેના ફળ, ફૂલ, પાંદડા વગેરેને પાણી પાવાનો પ્રયાસ કરે તો તેને લોકો મૂર્ખ કહેશે. આવી મૂર્ખાઈ આપણે તો નથી કરતા ને ? આત્મા જીવન વૃક્ષનું મૂળ છે, ધન, મિલકત, ઘર, પરિવાર, સગવડો વગેરે ફળ, ફૂલ, પાંદડાસમ છે. આત્માના મૂળને જ્યાં સુધી સદ્‌ગુણો અને પુણ્યોના પાણીનું સિંચન મળતું રહે ત્યાં સુધી જીવન વૃક્ષ જીવંત છે. કુટુંબ પરિવાર, સગવડો અને મિલકત પર સિંચન કરવાથી, મહેનત કરવાથી કાંઈ નહીં મળે. આવા જ એક સદ્‌ગુણ નમ્રતાની વાત કરતો એક પ્રસંગ જોઈએય

સમુદ્રે એક દિવસ નદીને કહ્યું, ''તું ઘણી બધી વસ્તુઓ તારી સાથે લાવીને ભેટ કરે છે, પરંતુ એ વસ્તુઓથી મને જરાય સંતોષ નથી.

સમુદ્રની આ વાત સાંભળી નદીએ કહ્યું, ''આપ શું ઈચ્છો છો ? આપણે જે જોઈએ તે વસ્તુ હું લાવી આપીશ, ફરમાવો એટલી જ વાર, તમારો હુકમ અને મારું કામ.''



''હું જે કહું તે લાવી આપીશ ?'' સમુદ્રએ પૂછ્યું.

નદીએ કહ્યું, ''હા, હા, તમે કહો તો ખરાં, હું તમને ગમે તે લાવી આપીશ.''

સમુદ્ર કહે, ''મારે વેત્રલતા જોઈએ છે, શું તું એ લાવી આપીશ ?''

નદીએ કહ્યું, ''શા માટે નહીં ?'' હું મોટા મોટા વૃક્ષોને મારી સાથે લાવી શકું છું તો આ વેત્રલતાની શી વિસાત ? હું હમણાં જ લાવી આપુ છું.''

ત્યાર પછી નદીએ એક પછી એક ભરતીઓ લાવીને વેત્રલતાને ઉખેડવાનો પ્રયાસ કર્યો. ઘણી મથામણ અને તારાજી પછી પણ તેને સફળતા ન જ મળી. તે અત્યંત નિરાશ થઈને સમુદ્ર પાસે આવી અને પોતાની અશક્તિ બતાવતા બોલી, ''જેનામાં વિનય હોય, નમ્રતાનો સદ્‌ગુણ હોય તેને નમાવવાની કે ચલિત કરવાની શક્તિ કોઈનામાં નથી. મેં તેને ઝૂકાવવાનો અને મારી ધારમાં ખેચવાનો ભરપૂર પ્રયત્ન કર્યો, પણ તે ઝૂકી જતી હતી, આટલી બધી નમ્રતા સામે મારી પ્રચંડ શક્તિ કામ ન કરી, હું તેની સામે હારી ગઈ. મને ક્ષમા કરજો કે હું તમને આપેલું વચન પાળી ન શકી.''

સમુદ્રએ નદીને કહ્યું, ''તારો અહંકાર દૂર કરવા જ મેં તને વેત્રલતા લાવવાનું કામ સોંપ્યુ હતું. જ્યારે ગામડાની કોઈ કન્યા ઘડો લઈને તારા તટ પર પાણી ભરવા આવે છે ત્યારે તે પણ... તને નમ્રતાનો પાઠ જ બતાવે છે. જો તે કન્યા ઘડાને હાથમાં લઈને ઉભી રહે અને ઘડાને ન નમાવે તો તેમાં પાણી ન ભરાય. પાણી ભરવા પહેલા તેણે પોતે નમવું પડે છે અને પછી ઘડાને પણ નમાવવો પડે છે. પાત્રતા ગમે તેટલી હોય. નમ્રતા ન હોય તો જ્ઞાન વહેતું રહે, પરંતુ આત્મસાત ન જ થાય એ સાવ સીધી સાદી વાત છે.

સમુદ્રની આ શિક્ષા નદીને એવી સચોટ લાગી કે તેણે સમુદ્રને કહ્યું, ''આ શીખ આપવા બદલ તમારો આભાર. હું હવે નમ્રતાનો ગુણ શીખી ગઈ છું. ''

❖❖❖

# અંકુશ કોના હાથમાં

ઈતિહાસનો એક પ્રસંગ છે. અહમદશાહ અબ્દાલિએ દિલ્હી જીત્યું અને લાલ કિલ્લામાં પ્રવેશ કર્યો. એના સરદારોની ઈચ્છા હતી કે શહેરમાં વિજયકૂચ કાઢવામાં આવે. સવારી માટે હાથી મગાવવામાં આવ્યો ને તેને શણગારાયો.

વિજયકૂચનો સમય થયો એટલે અબ્દાલિ બહાર આવ્યો તેને સરદારોએ હાથી પર સવારી કરવા કહ્યું.

અબ્દાલિ કહે, 'એની લગામ મારા હાથમાં આપો.'

સરદારો કહે, 'એ તો મહાવત અંકુશ લઈને બેઠો છે. એ હાથી ચલાવશે. તમારે તો માત્ર ઉપર બેસવાનું જ છે.'



અબ્દાલિ કહે, 'જેની લગામ મારા હાથમાં ન હોય, એવા વાહન પર હું ન બેસું. મારા હાથમાં જ અંકુશ હોવો જોઈએ.'

ને અબ્દાલિ હાથી પર ન બેઠો. તેણે પોતાનો ઘોડો મગાવ્યો ને તેના પર સવારી કરી વિજયકૂચમાં ભાગ લીધો. આજે સત્તા પર કોઈ હોય છે ને એનો અંકુશ, લગામ બીજા કોઈના હાથમાં હોય છે. પછી સત્તા પર અંકુશ ક્યાંથી રહે ? ચારેકોર થતા બૉમ્બધડાકા આવી સત્તાનું જ પ્રતીક છે.

❖❖❖

# સમાચાર સંકલન

### શ્રી સમસ્ત લીંબડી સંઘવી કુટુંબ (મુંબઈ)

ઉપરોક્ત કુટુંબનો એક ભવ્યાતિભવ્ય ૨ રાત્રી - ૩ દિવસનો એક યાદગાર પ્રોગ્રામ તા. ૨૯-૩૦-૩૧ શુક્ર-શનિ-રવિ માર્ચમાં લોર્ડસ - પુષ્પ -કરજત ખાતે રીસોર્ટમાં યોજવામાં આવેલ. જેમાં નાના-મોટા મળીને કુલ ૧૦૦ વ્યક્તિઓએ ભાગ લીધેલ.

શનિ-રવિ સવારના ૭ થી ૮ સામુહિક સામાયિક - પ્રાર્થનાનું આયોજન રીસેપ્શન હોલમાં કરવામાં આવેલ.

સાંજના બન્ને ડીનર સ્વીમીંગ પુલ સાઈડ એરેન્જ કરવામાં આવેલ. જેમાં D.J. તેમજ રમતગમતમાં દરેકને ખુબજ મજા પડી ગયેલ. પ્રમુખશ્રી ગીરીશભાઈ તેમજ મિલનભાઈએ હાઉસી રમાડી જેમાં દરેકે ખૂબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.

ઉમદા કુટુંબભાવનાને અનુલક્ષીને વ્યક્તિ દીઠ ૭૫૦૦/- ખર્ચ સામે ફક્ત રૂા. ૬૦૦૦/- ચાર્જ રાખેલ.

આ પ્રોગ્રામ માટે શ્રી ભાઈલાલ કેશવલાલ સંઘવી પરિવાર હ. શ્રી પ્રદીપભાઈ એન્ટવર્પ તેમજ શ્રી બીપીનભાઈ તરફથી કુટુંબને રૂા. ૧ લાખનું સુંદર યોગદાન મળેલ.

આ પ્રોગ્રામને ખૂબજ સુંદર - સફળ બનાવવા માટે

પ્રમુખશ્રી ગીરીશભાઈ ભગવાનલાલ

મંત્રીશ્રી સમીરભાઈ - પ્રિતેષભાઈ

તેમજ દક્ષેસભાઈએ ખૂબજ જહેમત ઉઠાવેલ

એજ લી. ગીરીશભાઈ ભગવાનલાલ સંઘવી -પ્રમુખશ્રી

♦♦♦

### શ્રી વર્ધમાન જૈન સેવા કેન્દ્ર, કાંદીવલી (ઈસ્ટ)
### વર્ધમાન સેવા ચેરીટેબલ ફાઉન્ડેશન

૦૫-૦૨-૨૦૦૪ માં શરૂ થયેલી સંસ્થા પ્રગતિના શિખરો સર કરીને ૨૦ વર્ષ પૂર્ણ કરી ૨૧માં કાર્યરત છે. તા. ૨૬-૦૫-૨૦૨૪ રવિવારના રોજ કનકશ્રી હોલ કાંદીવલી (ઈસ્ટ) વાર્ષિક એવોર્ડ સમારંભનું આયોજન કરવામાં આવેલ. સૌ પ્રથમ ૩.૪૫ કલાકે નવકારમંત્રનું સમુહમાં પઠન કરી હાજર રહેલા માટે ત્રણ લક્કી ડ્રો અને ત્યારબાદ વિરલ શાહ-નિખિલ સાંગોઈનો મ્યુઝીકલ પ્રોગ્રામ કરેલ. સમારંભના મુખ્ય મહેમાન શ્રી પંકજભાઈ વી. સંઘવી (શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભાના ટ્રસ્ટી અને ઉપપ્રમુખ) સંસ્થાની વિનંતીને માન આપીને પધારેલ. સ્વાગત પ્રવચનમાં કીંજલ નિકુંજભાઈ બાવીસીએ બધાને આવકાર આપેલ શ્રી તરૂણભાઈ રામાણીએ તેમનો પરિચય આપેલ. શ્રી જસવંતભાઈ શાહ, શ્રી કાનજીભાઈ પટેલ અને તુષારભાઈ શાહે તેમનું બહુમાન કરેલ. શ્રી અતુલભાઈ અમૃતલાલ શાહ, શ્રી અનીલભાઈ સંઘવી, શ્રી નરેદ્રભાઈ ગાંધી, શ્રી નરેન્દ્રભાઈ સંઘવી ઝાલાવાડી સ્થા. જૈન સભાના મહાનુભાવોએ હાજરી આપી.

સંસ્થાના સ્ટાફનું બહુમાન કરવામાં આવેલ. સ્ટાફનાં શ્રીમતી ધારાબેન જૈન તથા શ્રીમતી પારૂલબેન શાહને સન્માન પત્ર એનાયત કરવામાં આવેલ. ડૉક્ટરનું બહુમાન કરવામાં આવેલ. ડૉ. શ્વેતા પુજારીને એવોર્ડ આપવામાં આવેલ. દાતાઓનું બહુમાન કરવામાં આવેલ. ૨૦ વર્ષની સેવા બીરદાવી કાર્યકરોનું બહુમાન કરેલ. શ્રેષ્ઠ કાર્યકરોને ટ્રૉફી એનાયત કરવામાં આવેલ.

સંસ્થાની સમાજલક્ષી અનેક યોજનાની માહિતી આપવામાં આવી મલાડથી વિરાર સુધી રહેતા નવકારમંત્ર આરાધક જરૂરિયાતવાળા સભ્ય પરિવારોને રેગ્યુલર લાગતી દવા ૩૦ થી ૪૫૬ ડીસ્કાઊન્ડથી આપવામાં આવે છે. મોટી બિમારીમાં સભ્યોને નિયમ મુજબ યોગદાન આપવામાં આવે છે. બિમારી સમયે ઉપયોગી સાધનો ૯૦ દિવસ માટે રીફંન્ડેબલ ડિપોઝિટ ઉપર ફ્રી આપવામાં આવે છે. સંસ્થાના મેડિકલ સેન્ટરમાં તેમજ ટાઈઅપ કરેલ જગ્યાએથી ઓળખપત્ર ઉપર ડિસ્કાઉન્ટ મળે છે.

મ્યુઝીકલ પ્રોગ્રામમાં ગીતો તથા ગરબાની રમઝટ માણી સૌ સ્વાદિષ્ટ ભોજનને ન્યાય આપી સંસ્થાને શુભેચ્છા આપી. શ્રી તુષારભાઈએ આભાર વિદી કરી. સૌ છુટા પડયા.

**પારૂલ પી. શાહ**

### મહત્ત્વની સૂચના

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

**કન્યા-મુરતીયાના Bio-Data તેમજ વ્યાવસાયિક Advertisement દર મહીનાની ૨૫ તારીખ પહેલાં સભાની ઑફિસમાં બુક કરાવો.**

**O C RECEIVED**
**READY POSSESSION**

**ઘાટકોપર (ઈ.) ૯૦ ફીટ રોડ**
કૈલાસ આશિષ, દેરાસર લેનની સામે,
13 STOREY TOWER, MODERN AMENITIES
RERA NO. P51800045948

**Only 2 Flat 1/2 BHK 506/735**

**O C RECEIVED**
**READY POSSESSION**

**ઘાટકોપર (ઈ.) વલ્લભબાગ લેન,**
ગાર્ડનની સામે, વોરા એપાર્ટમેન્ટ, ટીપટોપ ફરસાણ બિલ્ડિંગ
13 STOREY TOWER, MODERN AMENITIES
RERA NO. P51800030711

**Only 1 Flat 2 BHK 753**

**PROJECT HIGHLIGHTS**

* Rich Natural Light & Ventilation
* 10' Floor to Floor Height
* Premium Floor Tiles
* Lighting Sensor in Common Areas
* Granite Kitchen Counters
* Premium Sanitary & C.P. Fittings
* Geyser & Exhaust in Bathroom
* Water Sprinklers for Fire Fighting
* Video Door phone
* Zero waste Flat Planning
* Dedicated Service Entry
* Double Height Reception Lobby
* Rain Water Harvesting
* Luxurious High Speed Elevators
* Generous Common Lobbies
* Fitness Centre and Society Office
* Servant Toilet at All Floor Levels
* Sky Roof Recreation
* Smoke/Heat Detectors in Common Areas
* Charging bay for Electric Vehicles
* Integrated Fire Fighting System
* 24 x 7 Power Back up for Common Areas
* Earthquake Resistant Structural Design
* Leading Automated Car Parking System

**DNK Developers : 9821238408**
Dhirajlal N. Kamdar ❋ Maulik D. Kamdar

Advt.


**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા**
**ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન**
*સંચાલિત*

## શૈક્ષણિક ઉત્કર્ષ યોજના

આ યોજના અન્વયે ઝાલાવાડી સભાના સભ્યોના સંતાનોને ઉચ્ચ શિક્ષણ તેમજ ફોરેન એજ્યુકેશન માટે લોન આપવામાં આવે છે.

અત્યાર સુધી ઘણા બધા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ આ યોજનાનો લાભ લઈ પોતાની ઉજ્જવળ કારકીર્દીનું ઘડતર કરી રહ્યા છે.

આપણા ઝાલાવાડી આજના તેજસ્વી તારલાઓ ઉચ્ચ શિક્ષણ કે વિદેશ કેળવણીથી વંચિત ન રહી જાય તે હેતુથી આ યોજનાનું આયોજન કરવામાં આવેલ છે. આપના પુત્ર/પુત્રીએ કે પૌત્રો/પૌત્રીઓને ઉચ્ચ અભ્યાસ, ફોરેન અભ્યાસ માટે સહાય કરવા ઝાલાવાડી સભા તત્પર છે.

આપે હજી સુધી આ યોજનાને લાભ ન લીધો હોય તો તુરંત જ આપના સંતાનોના ભવિષ્ય માટે આ યોજનાનો લાભ લેશોજી.

- આ લોન સંપૂર્ણપણે Interest Free (વ્યાજ મુક્ત) રહેશે)
- આ લોનનું રિપેમેન્ટ સરળ માસિક હપ્તામાં કરી શકાશે.
- દેશવિદેશના કોઈપણ અભ્યાસ માટે આપ ઝાલાવાડી સભામાંથી લોન લઈ શકો છો.

**વધુ વિગત માટે કન્વીનરશ્રીને સંપર્ક કરશોજી.**

| અતુલ શાહ | અનિલભાઈ સંઘવી | મુકેશભાઈ શાહ (ચશ્માવાળા) |
|---|---|---|
| મંત્રી | મંત્રી | કન્વીનર - સહમંત્રી - ૯૮૧૯૧૮૩૩૨૫ |

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા**
**ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન**

## માતુશ્રી સમતાબેન માણેકલાલ શેઠ સ્કૂલ ફી સહાય યોજના
## તથા
## શ્રીમતી કોકિલાબેન વિનોદચંદ્ર વ્રજલાલ શેઠ વિદ્યાર્થી દત્તક યોજના

શ્રી ઝાલાવાડ સ્થાનકવાસી જૈન સભા સંચાલિત ઝાલાવાડી સભાના સભ્યોનાં બાળકો (વિદ્યાર્થી) ને સ્કૂલ - કૉલેજ ફી સહાય સંસ્થા તરફથી કરવામાં આવે છે. સ્કૂલ ફી/ કૉલેજ ફી ના ફોર્મ સંસ્થાની ઑફિસે રૂબરૂ જઈને લેવાનું રહેશે. છેલ્લા વર્ષની માર્કશીટ, મેમ્બરશિપ રસીદની ઝેરોક્ષ, છેલ્લુ ઈલેક્ટ્રીક બીલ, રેશન કાર્ડની ઝેરોક્સ સાથે તારીખ ૩૦-૦૭-૨૦૨૪ સુધીમાં સભાની ઑફિસે જમા કરાવવાનું રહેશે.

**- માનદ્ મંત્રીશ્રી**

**અભિનંદન... અભિનંદન... અભિનંદન...**

*મહેનત એટલી ખામોશીથી કરો કે સફળતા શોર મચાવી દે*



**નીનાબેન રાજેશભાઈ શાહનો પૌત્ર**
**હર્ષાબેન ચંપકલાલ પોલડીચોનો દૌહીત્ર**
**કુંજલ મિતેષ શાહનો લાડકો**

## ચિ. મીત ને

**10th CBSE ની**



**પરીક્ષામાં 98.4% મેળવેલ છે**

**તમે તમારી પરીક્ષાઓ ફ્લાઈંગ કલર્સ સાથે પાસ કરી છે,**
**આગામી દિવસોમાં પણ તમે વધુ સીમાચિહ્નો સુધી પહોંચતા રહો! અમે આશા રાખીએ છીએ કે આગળની પ્રગતિશીલ સફરની માત્ર શરુઆત છે!**

**Mobile No. : 981913380 / 9820959097**

(Advt.)



।। શ્રી ગણેશાય નમઃ ।। ।। જય સોમનાથ ।। ।। શ્રી મહાવીરાય નમઃ ।।

વિશાશ્રી માણી ની પુજા વિધી કરાવનાર

મહાલક્ષ્મી નમઃ

એ ટુ ઝેડ પુજા, પાઠ, કથા, રાદલ, લોટા,
હવન, લગ્નવિધિ,રુદ્રાભિષેક,અનુષ્ઠાન માટે સંપર્ક કરો.

વિરાટ એચ પાઠક

૯૭૬૮૭૮૬૯૮૬ ૯૮૬૭૧૬૭૭૪૬

નવગ્રહ જપ સંપર્ક કરો




હનુમાન ચાલીસા પાઠ

સુંદરકાંડ પાઠ



નવચંડી વાસ્તુ પુજા, નક્ષત્ર શાંતી, ચંડીપાઠ,
લગ્નવિધી, રુદ્રાભિષેક, મહામૃત્યુજય જપ, હવન, કાલસર્પયોગ,
શ્રીફળ વિધી, પિતૃકાર્ય ગીતાજી, ગરૂડ પુરાણ,
અર્ક વિવાહ, કુંભ વિવાહ જ્યોતિષ માટે સંપર્ક કરો

Virat pathak

પિતૃ તિથિ નિમિતે બ્રાહ્મણ સિધો દાન, વસ્ત્ર દાન (સંકલ્પ)
(અથવા કોઈપણ નિમિતે) ઓન લાઈન વિડિઓ કોલ સંપર્ક કરો.

કોઈપણ પુજા વિધી માટે સંપર્ક કરો / ઓનલાઈન વિડિઓ કૉલ પુજા વિધીમાટે સંપર્ક કરો

ગંગાવાડી એ.બી.એસ માર્ગ, ઘાટકોપર(વેસ્ટ),મુંબઈ - ૮૬



જી. ગીર, સોમનાથ વેરાયળ
પાટણ ૩૬૨૨૬૫

હોમ બ્રાન્ચ મુંબઈ : ગંગાવાડી ગોપાલ ભુવન, ઘાટકોપર (વેસ્ટ)

(Advt.)

।।શ્રી ગણેશાય નમઃ।।

શ્રી જસાપર વાળા મોમાઈ માતાજીની જય હો



# શ્રી જૈન મેરેજ બ્યુરો

ગુજરાતી • સ્થાનકવાસી • દેરાવાસી • વૈષ્ણવ

વેલ એજ્યુકેટેડ કુંવારા, ડાયવોર્સી, વિધુર
યુવક-યુવતી મુંબઈમાં વસતા ઝાલાવાડી
ઘોઘારી તથા કાઠીયાવાડી
વિદેશ જવા ઈચ્છુક દરેક માટે જરૂરથી કોન્ટેક કરો
અને મેમ્બર બનો.

**દિપકભાઈ વસાણી**
**મો : ૯૩૨૩૭૭૯૦૧૪**

*તા.ક : મહેનત અમારી નસીબ તમારૂ*

Advt.

શ્રીજી

## જમીન-મકાનની લે-વેચ માટે મળો.

દરેક કાયદાકીય દસ્તાવેજ, વારસચ,
નામેચડાવવાનું કરાવી આપીશું

**અતુલભાઈ ટી. શેઠ**
**Mo. 98790 75965**
**અંકિતભાઈ એ. શેઠ**
**Mo. 98796 79553, 8200628452**

## અતુલભાઈ ટી. શેઠ

રેલ્વે સ્ટેશન સામે, જોરાવરનગર, સુરેન્દ્રનગર.

Advt.

# મદદ લેતી કે આપતી વખતે કેવો અભિગમ હોવો જોઈએ

**દિપક ભટ્ટ**

માણસ પાસે જ્ઞાન, ધન, સદ્‌ગુણ બધું જ હોય, પણ જો તે નમ્ર ના હોય તો બધું જ વ્યર્થ છે. બાકીનું બધું જ નમ્રતાથી શોભે છે. પ્રખ્યાત સંત રહીમ પૈસે ટકે સમૃદ્ધ હતા અને દાનવીર તરીકે વિખ્યાત હતા. દાન આપતી વખતે તેઓ એમની નજર કાયમ નીચી રાખતા. કોઈકે પૂછતા એમને કહ્યું કે ''લેનાર મે દાનવીર સમજે છે, એટલે જ હું એમની નજર મારી નજર સાથે મેળવી શકતો નથી. દાતા તો ખરેખર પરમાત્મા જ છે''.

જ્યારે પણ માણસ અહમવૃતિથી આપે છે ત્યારે લેનારના અહંકાર સાથે ટકરાય છે. પ્રતિક્રિયા રૂપે ''તમારું જ્ઞાન અને સંપતિ તમારી પાસે જ રાખો'' એમ મનમાં થાય. જ્યારે પણ આપણે નમ્રતાપૂર્વક મદદ કરીએ છીએ ત્યારે મદદ લેનાર પણ નમ્રતાથી સ્વીકારે છે. આપનાર કદાચ નમ્ર ન પણ હોય તો પણ લેનારે નમ્રતા અને આભારવૃતિ સહીત જ મદદ સ્વીકારવી જોઈએ.

આપણને મળેલા આ જીવનનો, એકલાએ જ સામનો કરવાનો છે અને એને ઘડવાનું પણ છે આટલું સમજયા પછી આપણા જીવનની પૂરી જવાબદારી સ્વીકારવી જ જોઈએ. આપણને મળેલ આ અમુલ્ય જીવનનું ઉત્તરદાયિત્વ આપણા પર જ છે, તેમ જ આ જીવન સફળ કે નિષ્ફળ બનાવવાની જવાબદારી પણ આપણી જ છે. જીવનમાં આવતી પરિસ્થિતિઆએ માટે તકરાર કરવાનો તેમજ જીવનમાં બનેલા પ્રસંગોનો દોષ બીજાઓ ઉપર ઢોળવાનો કોઈ અર્થ નથી.

એક જુવાનિયાને પૂછયું કે તે ૨૫ વર્ષના થવા માટે શું કર્યું ? જવાબ મળ્યો : કશું જ નહિ મારા બેફામ ડ્રાઈવિંગ કરવા છતાય હું મર્યો નહિ એટલું જ !'' તેને પાછો જવાબ મળ્યો. ''પણ એમાં તો ભગવાનની મહેરબાની છે. તારું કર્તવ્ય કયાં ?'' આપણે જીવીએ છીએ અને મોટા થઈએ, એ નૈસર્ગિક છે. કેવી રીતે જીવીએ છીએ અને પ્રગતિ કરીએ છીએ. એ આપણા હાથમાં છે. આપણું જીવન યશસ્વી અને સુંદર થાય એના માટે પ્રયત્નો આપણે કરવા જ જોઈએ.

દુનિયામાં ચાર પ્રકારના લોકો હોય છે. એક જે પોતાનું જીવન ઘડે છે. બીજા જીવન ઘડવાની ફક્ત વાતો કરે છે, ત્રીજા જે ઘડી ચુક્યું છે એની જ ચર્ચા કરે છે અને ચોથા શું ઘડી ચુક્યું છે એના પર આશ્ચર્ય પામે છે. આપણે પોતાના જીવનની પૂરી જવાબદારી લઈ કંઈક કરી બતાવવું જોઈએ. ❖❖❖

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ**

**સભાના સભ્ય બનવા આહ્‌વાન**

ઝાલાવાડી ભાઈ-બહેનો જેઓ હજુ સુધી સભાના સભ્યો નથી બન્યા અથવા તો મેમ્બરશીપ રીન્યુ નથી કરાવી તેઓ સર્વોને આપણી માતૃસંસ્થાના સભ્ય બનવા માટે અપિલ કરવામાં આવે છે. આ વખતની ચુંટણીમાં અંદાજીત ૪૫% સભ્યોએ મતદાન કરેલ. સભાના સભ્ય બનવાથી આપને ચાર સેનેટોરીયમ તથા માદરે વતન સુરેન્દ્રનગરમાં પણ અતિથિ ભવનનો, સભાના નિતી નિયમ મુજબ લાભ મળશે. તેમજ દર મહીને પ્રકાશિત 'માસિક પત્રિકા' આપને પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે. જેમાં સભાની દરેક પ્રવૃત્તિ તેમજ ગતિવિધિઓ પ્રસિદ્ધ થાય છે.

zalawadi.com પરથી આપ ફૉર્મ ભરી શકો છો. તેમજ જે મેમ્બરશીપ જોઈતી હોય તેનું payment મેમ્બરશીપ approval mail આવ્યા પછી online કરવાનું રહેશે.

**વિશેષ માહિતી માટે સંપર્ક કરો :**
**શ્રીમતી આશાબેન પટેલ - મો. ૯૮૧૯૯૫૬૫૨૯**
**(સવારે ૧૨ થી સાંજે ૭.૦૦ સુધીજ)**
**રવિવાર તથા રજાના દિવસે તકલીફ ન લેવી.**



# ભાવભરી - અશ્રુભીની પરિવારની શ્રદ્ધાંજલી

## ચૌથી પુણ્યતિથી



**સ્વ. ભાઈલાલ ગણેશભાઈ દોશી**

જન્મ : ૨૦.૦૯.૧૯૪૨

અરિહંત શરણ : તા. ૨૦.૦૬.૨૦૨૦

## પહેલી પુણ્યતિથી



**સ્વ. સરોજબેન ભાઈલાલ દોશી**

જન્મ : ૦૫.૦૯.૧૯૪૪

અરિહંત શરણ : તા. ૦૬.૦૬.૨૦૨૩

ખીલી હતી વસંત ત્યાં પાનખર છવાઈ ગઈ
હસીને હસાવનાર સૌને રડાવીને ચાલી ગયા ...
પાંપણના પલકારે પંખીની જેમ ઉડી ગયા
ભૂલી શકાય નહી એવી યાદોના સ્મરણ છોડી ગયા...
આંખો હજુ નિહાળે છે તમને, અંતર હજુ પોકારે છે તમને ...
સ્મરણ તમારૂ થાય છે અમને, મન મુકીને રડાવે છે અમને ...

આપની વાત્સલ્યતા, લાગણીશીલ સ્વભાવ, નિઃસ્વાર્થ પ્રેમ, સદા હસતો ચહેરો, કુટુંબ પ્રત્યેનો પ્રેમ વિ. સદાય અમને પ્રેરણા આપતા રહેશે, આપના દિવ્ય આત્માને પરમશાંતિ મળે, હંમેશા જૈન ધર્મનુ શરણ મળે અને વહેલામાં વહેલા મુક્તિપદ મળે એવી અમારી પરમાત્માને હૃદયપૂર્વકની પ્રાર્થના..

**મુક્તિ માર્ગના પથિકને વંદન કરતા આપનાં સ્વજનો**

| | | |
|---|---|---|
| પુત્રી જમાઈ | : | પૂજા (પિંકી) દીપકભાઈ શાહ |
| પુત્ર : પુત્રી | : | દેવાંગ અને મીતા |
| દોહિત્રી જમાઈ | : | ખ્યાતિ અને પ્રતીક |
| દોહિત્રી જમાઈ | : | ઈશા અને હર્ષિલ |
| દોહિત્ર | : | દેવ |

**સ્વ. ગણેશભાઈ ગુલાલચંદ દોશી પરિવાર**

**પિયર પક્ષ : સ્વ. રસીકલાલ મણીલાલ સંઘવી પરિવાર**

(Advt.)

## તેરમી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



## સ્વ. નિરંજનાબેન હસમુખલાલ શાહ

*(નીરુબેન)*

**મૂળ વતન : વઢવાણ સીટી (લીંબડી)**
**હાલ : ઘાટકોપર, મુંબઈ**
**જન્મ : તા. ૧૩-૦૨-૧૯૪૭ મહાસુદ ૮**
**અરિહંતશરણ : તા. ૧૪-૦૬-૨૦૧૧ જૈઠ સુદ ૧૪**

દિવસો વિતશે અને વર્ષોમાં બદલાશે,
પણ અમે તમને હંમેશા છુપાયેલા અશ્રુઓમાં યાદ કરીશું.
હજી જરૂર હતી તમારી અમને ત્યાં કુદરત લઈ ગઈ તાણી,
હે કુદરત ! એ અમાનત અમારી છે, રાખજે તું એમને સંભાળી....
તારા માટે એ આત્મા હશે પમ એજ જીંદગી હમારી હતી.
હજુ વિશ્વાસ જ નથી થતો કે તમે અમારી સાથે નથી.
કોઈ વ્યક્તિને ભુલાવી દેવી એટલી સરળ તો નથી હોતી.
દિલ ને સમજવામાં થોડી વારતો લાગે છે.
તમારા મધુર સ્મરણો અંકિત છે અમારા હૃદયમા,
તમારા કર્મોની સુવાસ જીવંત છે, અમારા શ્વાસમાં,
સદેહ તમે નથી એ સચ્ચાઈ છે...
પણ અસ્તિત્વમાં તમે છો અને હંમેશા રહેશો, એ વિશ્વાસ છે.

**આપના દિવ્ય આત્માને પરમશાંતિ મળે, હંમેશા જૈન ધર્મનુ શરણ મળે, અને વહેલામાં વહેલા મુક્તિપદને પ્રાપ્ત કરે. એવી અમારી પરમાત્માને પ્રાર્થના.**

**આપના સદૈવ ઋણી**

પતિ : હસમુખલાલ છોટાલાલ શાહ
પુત્ર-પુત્રવધૂ : જતીન - બીજલ
દીકરી-જમાઈ : નીશાબેન સુધીરકુમાર ગાંધી (અમદાવાદ)
દીકરી-જમાઈ : નીતાબેન ભાવિનકુમાર શેઠ (મુલુન્ડ)
દીકરી-જમાઈ : સેજલબેન જસ્મીનકુમાર ગાંધી (કલ્યાણ)
પૌત્રી - પૌત્ર : હિનલ - મોનીલ
દોહિત્ર : રૂષભ, દોહિત્રી વહુ : હેની, પ્ર.દોહિત્ર : નક્ષ
દોહિત્રી : મનાલી દોહિત્ર : રીષી - યશ

◆ સ્વજનો ◆
સ્વ. રંભાબેન છોટાલાલ શાહ પરિવાર
સ્વ. લીલાવંતીબેન જગજીવનદાસ શાહ પરિવાર ના જય જીનેન્દ્ર

(Advt.)


**SHREE ZALAWADI STHA. JAIN SABHA**
**301, Bay View (East), 3rd Floor,**
**47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane)**
**Chira Bazar, Mumbai - 400 002.**
**7208472884 • 7208481791 • 7208472744**

## New RATE CARD Effective from April 2021

(1) YEARLY MEMBERSHIP FEES (RENEWAL) RS.700/- for 2022-23 - 2023-24 With Patrika (including GST) RS 100 EXTRA FOR NEW MEMBER REGISTRATION FEES

(1-A) LIFE MEMBERSHIP FEES Rs. 6000/- including GST 18% Accounting Year April to March

(2) *PATRIKA ADVERTISEMENTS* RATE + 5% GST
**LAST PAGE COLOUR** RS.10000+500 =10500/-
(Size = 171 Width x 199 mm Height)
**FULL PAGE COLOUR** RS.8000 + 400 = 8400/-
(Size = 171 Width x 234 mm Height)
**FULL PAGE B/W** RS.4100 + 205 = 4305/-
(Size = 178 width x 223 mm Height)
**HALF PAGE B/W** Rs.2100 + 105 = 2205/-
(Size = 87 width x 223 mm Height)
**QUARTER PAGE B/W** RS.1100 + 55 = 1155/-
(Size = 87 Width x 110mm Height)
SINGAL PANEL B/W RS.600 + 30 = 630/-
**ONLY PATRIKA FEES**
FOR 3 YEARS RS.1000 + 180 = 1180/-

(3) **SANATORIUM BOOKING**
ROOM CHARGES+12% GST

(4) *MATRIMONIAL SERVICES* 18% GST
Rs.1000+180=1180

**Please send your Advertisement in Advance**

**LAST DATE OF ADVERTISEMENT ON OR BEFORE 25TH EVERY MONTH**

**You can Book your Advt. Before 3 months**
**Please send Artwork in JPEG Format Only**



ammpalholidays@gmail.com
We Deliver What We Promise !
We Believe in Providing Luxurious Experiences !
Ammpal HOLIDAYS
Dream. Explore. Discover.
CHASE THE NORTHERN LIGHTS, DIVE INTO ADVENTURE:
YOUR ICELAND EXPEDITION AWAITS!
MAGNIFICENT ICELAND!
10 DAYS OF MIND-BLOWING EXPERIENCE WITH AMIT SHAH.
2024 BEST YEAR IN A DECADE TO EXPERIENCE NORTHERN LIGHTS
Reykjavik • Akureyri • Borganes • Reykholt • Vik • Keflavik
LUCKY DRAW CHANCE TO WIN A GOLD COIN
1 GM
TOUR DATE: NOVEMBER 3, 2024
Flyover Iceland • Aurora Museum • Blue Lagoon Thermal Bath • Forest Lagoon • Whale Watching Tour • Glacier Cave Tour by Monster Truck • Plane Wreck • Jokulsarlon Glacier Lagoon Boat Ride • Free Tomato Ice Cream and Tomato Cheese Cake During Farm Visit • Seljalandsfoss • Skogafoss • Black Sand Beach • Skaftafell National Park • Godafoss Waterfalls.
TOKYO SKY TREE
SUMIDA RIVER CRUISE
SHIRAKAWAGO VILLAGE
ALPINE ROUTE
BULLET TRAIN RIDE
Amazing Japan
9 DAYS WITH ALPINE ROUTE
FALL IN LOVE WITH NATURE ALL OVER AGAIN!
TOKYO • NAGANO • HIROSHIMA • OSAKA
• SHIRAKAWAGO • BULLET TRAIN • NARA DEER PARK • TOKYO SKY TREE • UMEDA SKY BUILDING / FLOATING GARDEN • ATOMIC BOMB & PEACE MUSEUM • MIYAJIMA ISLAND (WORLD HERITAGE ISLAND) • SUMIDA RIVER CRUISE
TOUR DATES 2024
23RD JUNE | 4TH JULY
11TH AUGUST
EXCLUSIVE ONLY WITH US - ENJOY IN PURE VEGETERIAN & JAIN RESTAURANT
AUTHENTIC MEXICAN CUISINE • PIZZA & PASTA • LEBANESE FOOD / FALAFEL
MAGNIFICENT SWITZERTLAND! – 8 DAYS WITH A CARVAN
Tour Date 20TH OCT'24
₹.2,74,999/-*
Per person on Twin Sharing
Delic-ious Cuisines (Veg & Jain) prepared by Our Own MAHARAJ
Tour Inclusive of Air Fare*, & Visa Assistance
Accompanied by Experienced English & Gujarati Speaking Tour Manager
Sightseeing in Super Deluxe A/c Luxury Coaches
HOTEL
Stay at Luxurious Hotels
*T & C Apply.
AMMPAL HOLIDAYS
Specialist in International & Domestic Tour Packages
For Booking & Planning Your Tours Call Us Now!
AMIT SHAH 9833082820
EXCLUSIVE WOMEN TOURS, SOCIAL GROUP & CUSTOMISED TOUR PACKAGES AVAILABLE
Advt.

# PURVA SHAREGISTRY (I) PVT. LTD.

(SEBI Regd. INR000001112 Category I Registrars to IPO & Share Transfer Agents)

**Mid-Sized Registrar Providing**

**ONE STOP SOLUTION FOR**

**Corporate Share Registry**



## COMPULSORY DEMAT OF PVT LTD COMPANY

If Paid Up Capital > 4 crores

OR Turnover > 40 crores

## ❑ OUR SERVICES ❑

- **Alternate Investment Fund (AIF)**
- Buy Back of Shares
- Commercial paper (CP)
- **Demat of Pvt Ltd Company**
- Exit Offer
- **Evoting platform for AGM / EGM**
- Fix Deposit
- Initial Public Offer **(IPO)**
- **Managing Committee Elections for Clubs / Hsg Societies / Social / Religious Organizations, etc**
- Open Offer
- Qualified Inst. Placement (QIP)
- Rights Issue
- Stamp Duty Collecting Agents
- **Share Transfer Agents -** Equity / Debentures / Pref. Shares
- **SDD Software for Audiors / CS of listed Companies**
- Voluntary Delisting Stk Exchange
- Video Conference for AGM

**Enjoying trust and confidence of over 1600 Clients including 350 listed companies**

**Address:**
9 Shiv Shakti Ind. Estt., J. R. Boricha Marg,
Lower Parel East, Mumbai 400 011
(nr. Lodha Excelus)

support@purvashare.com
www.purvashare.com
Rajesh Shah - 99690 53005
Purva Shah - 98200 27987

Advt.

## ૫૦મી પુણ્યતિથિએ ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ



# સ્વ. કલ્યાણજી ઠાકરશી તલસાણીયા

સ્વર્ગવાસ : ૦૮-૦૬-૧૯૭૪

લીંબડી નિવાસી સ્વ. કલ્યાણજી ઠાકરશી તલસાણીયા, માજી સેક્રેટરી ઝા. સ્થા. જૈન સભા, કોટ ઉપાશ્રય, લીંબડી મિત્ર મંડળ તથા અન્ય સંસ્થાઓના સક્રીય કારોબારી સભ્ય અને વસ્તીપત્રક ના સર્જક એવા અમારા પૂ. પિતાશ્રી અને કુટુંબના મોભીને આજની ૫૦મી પુણ્યતિથિએ શત્ શત્ વંદન. આપે આપેલ સંસ્કાર તથા આપની કેળવણી થકી અમો આજે ધન્ય અનુભવીએ છીએ. આપ જ્યાં પણ હશો ત્યાંથી આપની અમી દષ્ટી અમોને પ્રેરણા અને દોરવણી આપતી રહેશે.

## તમારા ચરણોમાં

પત્ની : સ્વ. ઝવેરીબેન કલ્યાણજી તલસાણીયા

**પુત્ર - પુત્રવધુ**

મહેન્દ્ર - પલ્લવી

મધુસુદન - નયના

વિપુલ - શોભા

**દિકરી - જમાઈ**

ભારતી રસીકલાલ શાહ

સ્વ. ઈંદિરા ચંદ્રકાન્ત વોરા

કલ્પના ભુપતલાલ અજમેરા

હંસા હસમુખ શાહ

**પ્રપૌત્ર - પપૌત્રવધુ**

નિરવ વિપુલ તલસાણીયા - વર્ષા - અવીર

Advt.

## ભાવભીની શ્રધ્ધાંજલી



જન્મ
૨૩.૧.૧૯૬૭

અરિહંતશરણ
૧૮.૩.૨૦૨૪

# (સ્વ.) અ.સૌ. સંગીતા મિનેષ ગાંધી

(દિગસર નિવાસી, હાલ – મુલુંડ)

''છુટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ, નહિ ભોકતા તું તેહનો એજ ધર્મનો મર્મ''– આત્મસિધ્દિ શાસ્ત્ર

પાપણ ના પલકારે પંખીની જેમ ઉડી ગઈ
ભુલી સકાય નહી એવી યાદોના સ્મરણ હંમેશ માટે છોડી ગઈ
જીવન એવું જીવી ગયા
ન કોઈ ઈરછા – ન કોઈ લાલસા બસ હતી મમતા
ન કોઈ પર દ્વેષ – ન કોઈ જાતની કપટ માયા
ન ઓળખી શકી આ કાળને – હસતા મુખે ત્યાગી દિધી કાયા
તારી શિતળ અમી દ્રષ્ટી આશિર્વાદ બની સદા પરિવાર પર પ્રેમ વરસાવતી રહે
પરમકૃપાળુ દેવ તારા દિવ્ય આત્માને પરમ શાંતિ આપે

### આપના પરિવાર જનો :

**પતિ : મિનેષ કેશવલાલ ગાંધી**

સાસુ –સસરા : હિરાબેન કેશવલાલ ગાંધી
જેઠ–જેઠાણી : મયુરભાઈ – આરતીબેન
જેઠ–જેઠાણી : દિપકભાઈ – પારૂલબેન
નણંદ– નણદોઈ : હસુબેન – ગુણવંતરાય
નણંદ– નણદોઈ : ભારતીબેન –જીતેન્દ્ર કુમાર
અપૂર્વ – શ્રેયા, સોનલ – ભદ્રિક, વિધી – ચિંતન

**પુત્ર : ધર્મેશ મિનેષ ગાંધી**

માતા–પિતા : કોકીલાબેન જગદીશચંદ્ર વોરા
ભાઈ–ભાભી : વિપુલભાઈ– હિનાબેન
ભાઈ–ભાભી : મેહુલભાઈ– નિમીષાબેન
શ્રેયસ – શ્રીષા, વિરાજ, પલક, હિલોની

**સમસ્ત ગાંધી - વોરા પરિવારના જય જીનેન્દ્ર**

Advt.

To,

Registered with register of Newspaper under RNI No. 6489/57, Postal Registration No. MCS/046/2024-26. Published on 5th of Every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.

## ભાવભરી શ્રદ્ધાંજલિ
## શ્રી ઝાલાવાડી દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન



જન્મ
તા. ૦૨-૦૯ -૧૯૫૭

**યોગેશભાઈ ભગવાનલાલ શાહ**
**(વઢવાણ નિવાસી, હાલ વસઈ)**

અરિહંત શરણ
તા. ૨૨-૦૫-૨૦૨૪

પરિવાર જેનું મંદિર હતુ, સ્નેહ જેની શક્તિ, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું,
પરમાર્થ જેની ભક્તિ, એવા એ દિવ્ય આત્માને શત શત નમન.
આપનું જીવન અમને સદાય પ્રેરણા આપે,
આપનો શાશ્વત પવિત્ર આત્મા જયાં પણ હોય ત્યાં જિન શાશનનું શરણ મળે
અને સર્વ કર્મોનો નાશ કરી મોક્ષગામી બને એજ પ્રભુ પાસે મંગલ પ્રાર્થના.

### શોકાતુર સ્વજનો

**ધર્મ પત્નિઃ રંજનબેન યોગેશભાઈ શાહ**

**પુત્ર-પુત્રવધુ**
કિંજલભાઈ – અનુશ્રી
પૌત્ર – આરિવ

**દિકરી જમાઈ**
કલગી – શશાંકભાઈ
દોહિત્રી – દિષ્ટિ

**ભાઈ ભાભી**
કિશોરભાઇ - વાસંતીબેન
પરેશભાઈ- રીટાબેન
રાજેશભાઈ – નિતાબેન
હિતેશભાઈ – પ્રિતિબેન

**બેન બનેવી**
સ્વ. ઈન્દિરાબેન – સ્વ. શરદભાઈ
કૈલાશબેન – વિક્રમભાઈ
પૂજ્ય શ્રી અનુપમાજી મહાસતીજી
(શ્રી ગોપાલ સંપ્રદાય)

**સાસુ સસરા**
સ્વ. લલિતાબેન સેવંતીભાઈ દોશી
સ્વ સેવંતીભાઈ ભગવાનભાઇ દોશી
(દોશી ખીમચંદ લહેરા પરિવાર – સુરેન્દ્રનગર )

**સમસ્ત ભગવાનલાલ હરખચંદ શાહ પરિવાર નાં જય જિનેન્દ્ર**

**અમી આશીર્વાદ**
**શ્રી ગોપાલ સંપ્રદાય પૂ. ગુરુદેવ શ્રી ધન્ય મુનિ મહારાજ સાહેબ**

Advt.

Printed & Published by Pravin Gambhirchand Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 301, Bay View (East), 3rd Floor, 47, Dr. M. B. Welkar Street, (Kolbhat Lane) Chira bazar, Mumbai - 400 002. Printed at : RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai-400011. Mobile : 9867540524. Editor : Sharad M. Gandhi